દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 3 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ - ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 January 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
શનિવાર, ૩ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘દેશદ્રોહી’ ખાલિદ મામલે અમેરિકાનો ચંચુપાત

**ઉમર ખાલિદની તરફેણમાં આઠ અમેરિકી સાંસદે ભારતને પત્ર લખ્યો**
- મમદાની પણ ઊતર્યા તેના સમર્થનમાં
- ભાજપ, વિહિપ દ્વારા આકરી ઝાટકણી
- ભારતની આંતરિક બાબતોમાં દખલ ન કરવાની ચેતવણી

ન્યૂ યોર્ક: દિલ્હીમાં ૨૦૨૦ની ફેબ્રુઆરીમાં થયેલા રમખાણના સંબંધમાં પકડાયેલા ઉમર ખાલિદની તરફેણમાં અમેરિકાના આઠ સાંસદના ગ્રૂપે ભારતના રાજદ્વારીને લખેલા પત્રમાં ખાલિદને જામીન આપીને તેની સામે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ ‘ન્યાયી અને સમયબદ્ધ’ ખટલો ચલાવવાની માગણી કરી હતી.

દરમિયાન, ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મમદાનીએ ખાલિદની તરફેણમાં લખેલી એક નોંધને મુદ્દે ભાજપે મમદાની ભારતની આંતરિક બાબતમાં દખલગીરી કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો અને જણાવ્યું હતું કે ભારત આ પ્રકારની પ્રવૃત્તિ નહિ ચલાવે.

ભાજપે આક્ષેપ કર્યો હતો કે ભારતની રાજધાની દિલ્હીમાં ૨૦૨૦માં થયેલા રમખાણના સંબંધમાં છેલ્લાં પાંચ વર્ષથી જેલની સજા ભોગવી રહેલા ઉમર ખાલિદને જામીન આપવાની દાદ ચાહતા અમેરિકાના સાંસદોના એક ગ્રૂપે ભારતના રાજદૂતને આપેલો પત્ર કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ભારત-વિરોધી ઝુંબેશનો ભાગ છે.

દરમિયાન, ન્યૂ યોર્કના મેયર ઝોહરાન મમદાનીએ ‘ગુનેગાર’ ઉમર ખાલિદની તરફેણમાં લખેલી એક નોંધના સંબંધમાં વિશ્વ હિંદુ પરિષદ (વિહિંપ)એ આક્ષેપ કર્યો હતો કે મમદાનીએ ભારતના વિભાજન માટે આંદોલન ચલાવી રહેલા ખાલિદની તરફેણમાં નોંધ લખીને કુરાનનું અપમાન કર્યું છે.

અમેરિકાના આઠ સાંસદના ગ્રૂપે ભારતીય રાજદૂત વિનય મોહન ખ્વાત્રાને લખેલા પત્રમાં ખાલિદને જામીન આપીને તેની સામે મુક્ત-ન્યાયી ખટલો ચલાવવાની અપીલ કરી હતી.

ભાજપના નેતા પ્રદીપ ભંડારીએ જણાવ્યું હતું કે પત્ર પર સહી કરનારા અમેરિકાના આઠ સાંસદમાંના એક જૅન સ્કેકોવસ્કી ૨૦૨૪માં ‘ભારત-વિરોધી’ ઇહાન ઓમરની સાથે રાહુલ ગાંધીને મળ્યા હતા. ભાજપે રાહુલ ગાંધીનો જૅન સ્કેકોવસ્કી, સેમ પિત્રોડા અને અન્ય સાથેનો (જુઓ પાનું ૨) ▶▶



**સમાનતા, સંવાદિતાનું સેલિબ્રેશન:**
પ્રયાગરાજમાં ગંગા નદીના કિનારે આજથી પૌષ પૂર્ણિમાના સ્નાન સાથે શરૂ થઈ રહેલા માઘ મેળામાં એકતા, સમાનતા અને સંવાદિતાની ઉજવણી થશે. દેશના ખૂણેખૂણેથી યાત્રાળુઓ ગંગાના કિનારે તૈયાર કરાયેલા તંબુઓના ખાસ શહેરમાં માનવતાની ભાવનાને અપનાવવા માટે એકઠા થવા તૈયાર છે. શહેર તેમજ પાડોશી જિલ્લાઓ અને રાજ્યોમાંથી ભક્તો દરરોજ મેળાના પટાંગણમાં સાધુ-સંતોના આશીર્વાદ લેવા, મંદિરોમાં દર્શન કરવા અને ભંડારામાં સાથે ભોજન લેવા ઊમટી પડશે, જે એકતા અને સમાનતાનું પ્રતીક છે. (એજન્સી)

## ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સના ઉત્પાદન માટેની બાવીસ દરખાસ્ત મંજૂર

નવી દિલ્હી: સરકારે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ હેઠળ ફોક્સકોન, ડિક્સન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને સેમસંગ સહિતની કંપનીઓની કુલ ૨૨ દરખાસ્તને મંજૂરી આપી હતી. તેમાં ૪૧,૮૬૩ કરોડ રૂપિયાના રોકાણ અને ૨,૫૮,૧૫૨ કરોડ રૂપિયાના મૂલ્યનાં સાધનોના ઉત્પાદનની આશા છે.

દરખાસ્તના ત્રીજા સૅટમાં મંજૂર કરાયેલી યોજનાઓથી નવી નોકરીની ૩૩,૭૯૧ તક ઊભી થવાની શક્યતા છે. તેને લીધે ભારત ઇલેક્ટ્રોનિક સાધનસામગ્રીના ઉત્પાદનમાં સ્વાવલંબી બનશે અને વૈશ્વિક સ્તરે અગ્રણી ઉત્પાદક તરીકે આગળ આવશે. અગાઉ, સૅમિકન્ડક્ટર્સના ઉત્પાદનને લગતા (જુઓ પાનું ૨) ▶▶

**ઇન્દોર ઝેરી પાણીકાંડ**

## જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી



**દૂષિત પાણી:**
મધ્ય પ્રદેશના ઇન્દોરમાં ભગીરથપુરા વિસ્તારમાં દૂષિત પાણી સાથે સ્થાનિક માણસ. શહેરમાં દૂષિત પાણીને લીધે અતિસાર અને ઊલટીનો રોગચાળો ફેલાયો છે. (પીટીઆઇ)

ઇન્દોર: મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે ઇન્દોરમાંના દૂષિત પીવાના પાણીને લીધે ફેલાયેલા અતિસાર અને ઊલટીના રોગચાળાને મુદ્દે ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની સામે કડક કાર્યવાહી શરૂ કરી હતી.

ઇન્દોર નગરપાલિકાના એક એડિશનલ કમિશનર સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓની બદલીના આદેશ અપાયા હતા.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે અમારી સરકારે રાજ્યના અન્ય વિસ્તારોના મ્યુનિસિપલ અધિકારીઓને આવો રોગચાળો ભવિષ્યમાં ન ફેલાય તે માટે સમયબદ્ધ યોજના તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો.

ઇન્દોરના સ્થાનિક લોકોએ દાવો કર્યો હતો કે ભગીરથપુર વિસ્તારમાં પીવાના દૂષિત પાણીને લીધે (જુઓ પાનું ૨) ▶▶

## કર્ણાટકના બેલ્લારીમાં ભાજપ અને કૉંગ્રેસી કાર્યકરો વચ્ચે ધિંગાણું

### ભાજપી વિધાનસભ્ય જનાર્દન રેડ્ડી સહિત અનેક સામે એફઆઈઆર

બલ્લારી: કર્ણાટકના બેલ્લારીમાં રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે બેનર લાગવવા મામલે અથડામણ થઇ હતી અને એ દરમ્યાન થયેલા ગોળીબારમાં કોંગ્રેસના એક કાર્યકર્તાનું મોત નીપજ્યું છે. આ મામલે ભાજપના વિધાનસભ્ય જનાર્દન રેડ્ડી સહિત અનેક લોકો સામે ચાર એફઆઈઆર નોંધાયા છે. વાલ્મિકીની પ્રતિમાના અનાવરણ કાર્યક્રમ પહેલા થયેલી હિંસક અથડામણ પછી પણ ઘણી બબાલ થઈ છે.

અહેવાલ મુજબ કોંગ્રેસના કાર્યકર્તા ત્રીજી જાન્યુઆરીએ વાલ્મીકિ જયંતિ નિમિતે યોજાનારા એક કાર્યક્રમનું પોસ્ટર લગાવવા વિપક્ષ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતા જનાર્દન રેડ્ડીના નિવાસસ્થાનની બહાર પહોંચ્યા હતાં. કોંગ્રેસ કાર્યકર્તાઓ બેનરો લગાવવાનો પ્રયાસ કરી રહ્યા હતાં, ત્યારે જનાર્દન રેડ્ડીના સમર્થકોએ વાંધો ઉઠાવ્યો હતો, બંને જૂથો વચ્ચે શાબ્દિક તકરાર થઇ હતી. બંને પક્ષોના કાર્યકર્તા મોટી સંખ્યામાં એકઠા થયા હતાં.

આ દરમ્યાન થયેલા ગોળીબારમાં કોંગ્રેસના વિધાનસભ્ય નારા ભરત રેડ્ડીના સમર્થક રાજશેખરનું મોત નીપજ્યું હતું.

મામલો બિચકતા પથ્થરમારો શરુ થયો હતો, જેને કારણે પોલીસને બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. સાવચેતીના ભાગરૂપે પોલીસે પ્રતિબંધો જાહેર કર્યા છે અને શહેરમાં વધુ પોલીસ દળો તહેનાત કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસ વિભાનસભ્ય ભરત રેડ્ડીએ હિંસા માટે ગલી જનાર્દન રેડ્ડીને જવાબદાર ઠેરવ્યા અને તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે એવી માગ કરી.

તેમણે કહ્યું હતું કે, અમે શહેરમાં વાલ્મિકીની પ્રતિમા સ્થાપવા માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું છે. આં કાર્યક્રમને બગાડવા જનાર્દન રેડ્ડીએ આ હિંસા કરાવી છે અને અમારા કાર્યકર્તાની હત્યા કરાવી.

જનાર્દન રેડ્ડીએ દાવો કર્યો કે તેમની હત્યાના કાવતરાના ભાગરૂપે હિંસા કરવામાં આવી હતી. તેમણે કહ્યું બંદૂકધારીઓએ મારા નિવાસસ્થાન પાસે ચારથી પાંચ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ■

## મહિલાની ઈમેજ સાથે અશ્લીલ છેડછાડ કરવા દેતું ગ્રોકનું ફીચર હવે બંધ થશે

### કેન્દ્ર સરકારે ‘એક્સ’ને એ ફીચર કાઢી નાખવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સને તેના એઆઈ આધારિત પ્લેટફોર્મ ગ્રોકના મૂળ તસવીરને બદલી નાખનારા ફીચરનો ઉપયોગ કરીને અશ્લીલ, નગ્ન, અશોભનીય અને જાતીય ઉશ્કેરણી કરતી સામગ્રી પીરસતા આ ફીચરને તત્કાળ બંધ કરવાનો આદેશ આપ્યો છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે ઈલોન મસ્કના માલિકીના સોશ્યલ મીડિયાને પત્ર લખીને ગ્રોકની તત્કાળ સર્વગ્રાહી સમીક્ષા કરીને આ ગેરકાયદે કન્ટેન્ટને કાઢવાનો કે એની એકસેસ આપવાનો બંધ કરવાનો આદેશ આફ્યો છે. મંત્રાલયે વધુમાં લખ્યું છે કે તમારા દ્વારા વિકસાવેલી ગ્રોક એઆઈ સેવાને એક્સ પર સંચાલિત કરવામા આવી છે અને યુઝરો એનો દુરુપયોગ કરીને બનાવટી અકાઉન્ટ બનાવીને મહિલાના ફોટા કે વીડિયોને અશ્લીલ બનાવીને હોસ્ટ, જનરેટ, પબ્લિશ કે શૅર કરે છે. આ (જુઓ પાનું ૨) ▶▶



**કૅમ્પમાં આગ:**
ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના જોશીમઠ ખાતે ઔલી રોડના લશ્કરના કૅમ્પમાંના સ્ટોરમાં લાગેલી આગ વખતે નીકળતા ધુમાડા. (પીટીઆઇ)

## ટ્રમ્પ દખલ કરશે તો અમેરિકી ઠેકાણાંઓને લક્ષ્ય બનાવીશું: ઈરાન

**બળવાને કચડવા બળપ્રયોગ સામેની ટ્રમ્પની ચેતવણી પર તહેરાનનો જવાબ**

તહેરાન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાનની સરકારને ચેતવણી આપી હતી કે ઇરાનમાં શાંતિથી દેખાવ કરી રહેલા લોકો સામે જો તહેરાનના શાસકો ‘વિનાશક બળ’ વાપરશે, તો અમેરિકા ઇરાનની આંતરિક બાબતમાં દરમિયાનગીરી કરશે.

ટ્રમ્પની ચેતવણીના જવાબમાં ઇરાનના વડા અલી ખામેનીએ શુક્રવારે જણાવ્યું હતું કે જો અમેરિકા દ્વારા ઇરાનની આંતરિક બાબતમાં દખલગીરી કરવા પ્રયાસ કરાશે, તો આખા પ્રદેશમાં અંધાધૂંધી ફેલાશે અને અમે અમેરિકી ઠેકાણાંને લક્ષ્ય બનાવીશું.

ઇરાનમાં ભારે મોંઘવારીને મુદ્દે અનેક શહેરમાં લોકો, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવાનો શેરીઓમાં સરકાર વિરોધી દેખાવ કરવા લાગ્યા છે અને તેઓ ઘણી જગ્યાએ સુરક્ષા દળોની સાથે અથડામણમાં ઉતર્યાં હતાં.

ઇરાનમાં રવિવારથી શરૂ થયેલા દેખાવ અને અથડામણમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયાં હતાં. ઇરાનના ૨૧ પ્રાંતમાં ‘ડેથ ટુ ડિક્ટેટર’ના નારા સાથે બળવાનો દાવાનળ ફેલાયો છે. ટ્રમ્પે પોતાના સોશ્યલ અકાઉન્ટ પરની પોસ્ટમાં લખ્યું હતું કે અમે જરૂર પડશે, તો ઇરાનના શાસકોની સામે કાર્યવાહી કરવા તૈયાર (જુઓ પાનું ૨) ▶▶

**બાંગ્લાદેશી ક્રિકેટરને રમાડવા બદલ શાહરુખ સામે વધતા વિરોધ વચ્ચે બીસીસીઆઈએ કહ્યું કે,**

## ‘બાંગ્લાદેશ દુશ્મન નથી’

નવી દિલ્હી: અભિનેતા શાહરુખ ખાનની આઇપીએલ ટીમ કેકેઆરમાં બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહમાનનો સમાવેશ કરવાના પગલાંની અનેક રાજકીય પક્ષે ટીકા કરી હતી અને શાહરુખની ‘મુસ્લિમ ઓળખ’ને લક્ષ્ય બનાવી હતી. જોકે આ મામલે બીસીસીઆઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે,આ અમારા હાથમાં નથી. બાંગ્લાદેશ કાંઈ દુશ્મન નથી. અમને સરકાર તરફથી બાંગ્લાદેશના ખેલાડીઓને આઈપીએલમાં ભાગ લેતા અટકાવવા માટે કોઈ સૂચના મળી નથી. હાલમાં વધુ ટિપ્પણી કરી શકીએ એમ નથી.

ભાજપ અને શિવસેનાના નેતાઓએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર થઇ (જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુની ટૂર્નામેન્ટમાં ક્રિકેટરના હેલ્મેટ પર પેલેસ્ટાઇનનો ધ્વજ

### મોટો વિવાદ : પોલીસે તપાસ શરૂ કરી

જમ્મુ: જમ્મુમાં એક ખાનગી ક્રિકેટ ટૂર્નામેન્ટ મેચ દરમિયાન દક્ષિણ કાશ્મીરના એક ક્રિકેટરે પેલેસ્ટિનિયન ધ્વજવાળો હેલ્મેટ પહેર્યા બાદ જમ્મુ અને કાશ્મીર પોલીસે શુક્રવારે પ્રાથમિક તપાસનો આદેશ આપ્યો છે, એમ પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું.

ગુરુવારે અહીં જમ્મુ અને કાશ્મીર ચેમ્પિયન્સ લીગ દરમિયાન ક્રિકેટર ફુરકાન ઉલ હક તેના હેલ્મેટ પર પેલેસ્ટિનિયન ધ્વજ પ્રદર્શિત કરતો જોવા મળ્યા બાદ તેનો વીડિયો અને ફોટા ઓનલાઈન ફરતા થયા હતા. ગઈકાલે, સોશ્યલ મીડિયા પર ફરતા એક વીડિયોમાં પુલવામાના ટાંગીપુના રહેવાસી ફુરકાન ઉલ હક મુથીના કે સી ડોર ખાતે ક્રિકેટ રમી રહ્યો હતો, ત્યારે તેના હેલ્મેટ પર પેલેસ્ટાઇનનો લોગો હતો, એમ પ્રવક્તાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ બાબતની સંવેદનશીલતા અને તેના સંભવિત જાહેર વ્યવસ્થાના પરિણામો ને ધ્યાનમાં રાખીને, વ્યક્તિના તથ્યો, હેતુ અને પૃષ્ઠભૂમિ અને કોઈપણ સંભવિત જોડાણો શોધવા માટે ડોમાના પોલીસ સ્ટેશનમાં કાયદાની કલમ ૧૭૩(૩) હેઠળ ૧૪ દિવસની પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ એસોસિએશને કહ્યું હતું કે તેની ટુર્નામેન્ટમાં કોઈ ભૂમિકા અથવા જોડાણ નથી, કારણ કે તે એક ખાનગી બાબત છે અને એસોસિએશન દ્વારા તેને માન્યતા આપવામાં આવી નથી. આ અગાઉ ખાનગી રીતે સંચાલિત ઇન્ડિયન હેવન પ્રીમિયર લીગના આયોજકો કથિત રીતે ખેલાડીઓ, અધિકારીઓ, બ્રોડકાસ્ટર્સ અને હોટેલિયર્સને છેતરીને પહેલી નવેમ્બરના રોજ શ્રીનગર ભાગી ગયા હતા. ક્રિસ ગેઇલ, માર્ટિન ગપ્ટિલ અને થિસારા પરેરા જેવા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ સાથે શરૂ થયેલી ટુર્નામેન્ટ ૨૭ નિર્ધારિત મેચોમાંથી માત્ર ૧૨ મેચો પછી જ રદ થઈ ગઈ. ■

## મંગળ પર અગાઉ જીવન હોવાના વધુ પુરાવા મળ્યા



બેઇજિંગ: ચીનના વિજ્ઞાનીઓએ મંગળ ગ્રહ પર ગુફાની અસામાન્ય રચના શોધી કાઢી છે અને ગુફાનો આવો આકાર ભૂતકાળમાં ભૂગર્ભમાંના પાણીના પ્રવાહથી રચાયો હોવાની ધારણા કરાય છે અને તેથી અગાઉ રાતા ગ્રહ પર જીવસૃષ્ટિ હોવાના પુરાવા મળ્યા હોવાનો દાવો કરાય છે.

ચીનના વિજ્ઞાનીઓના નેતૃત્વમાં હાથ ધરાયેલા આંતરરાષ્ટ્રીય સંશોધનમાં મંગળ ગ્રહના હિબ્રુસ વેલ્સ વિસ્તારમાં ગુફાના દ્વાર જેવા આઠ આકાર શોધી (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સ્વિટ્ઝર્લેન્ડ પણ જિહાદી આતંકવાદની લપેટમાં આવી ગયું?

**દુનિયાના** સૌથી સુરક્ષિત અને સલામત મનાતા દેશોમાં એક સ્વિટ્ઝર્લેન્ડના એક સ્કી રીસોર્ટમાં ન્યૂ યર સેલિબ્રેશન વખતે લાગેલી આગમાં ૪૦ લોકો જીવતાં ભડથું થઈ ગયાં અને ૧૦૦ કરતાં વધારે લોકો ઘાયલ થયાં એ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે. જિહાદના નામે ચલાવાતા આતંકવાદે દુનિયાને એ હદે ભરડામાં લીધી છે કે, દુનિયાના કોઈ પણ ખૂણે બ્લાસ્ટ થાય કે આગ લાગે ત્યારે સૌથી પહેલાં લોકોને આતંકવાદી હુમલાનો જ વિચાર આવે છે. સ્વિટ્ઝર્લેન્ડના ક્રાન્સ-મોન્ટાના સ્કી રીસોર્ટમાં લાગેલી આગમાં મોટી સંખ્યામાં લોકો મર્યા તેમાં પણ સૌથી પહેલાં તો લોકોને આતંકવાદી હુમલો થયો હશે એવો જ વિચાર આવેલો ને તેના કારણે ફફડાટ પણ થઈ ગયેલો કેમ કે સ્વિત્ઝરલેન્ડ આતંકવાદથી અલિપ્ત રહેલો દેશ છે.

યુરોપમાં ફ્રાન્સ, યુકે, સ્વીડન સહિતના દેશોમાં આતંકવાદી હુમલા થયા કરે છે, પણ સ્વિટ્ઝર્લેન્ડમાં વરસોથી કોઈ આતંકવાદી હુમલો થયો નથી. ૧૯૫૦ના દાયકામાં ડાબેરી વિચારધારા ધરાવતા આતંકવાદીઓએ નાનાં નાનાં છમકલાં કર્યાં હતાં. ૧૯૬૯માં પેલેસ્ટાઈની આતંકવાદીઓએ પ્લેન ઉડાવી દીધેલું તેમાં નવ લોકો માર્યા ગયેલા, જ્યારે ૧૯૭૦માં સ્વિસ એરનું પ્લેન ઉડાવી દીધું તેમાં ૪૭ લોકોનાં મોત થયાં હતાં. એ પછી સ્વિટ્ઝર્લેન્ડમાં મોટો આતંકવાદી હુમલો થયો નથી, જે બે મોટી ઘટનાઓ બની એ પણ આપણે ત્યાં બનતી ઘટનાઓની સરખામણીમાં કંઈ ના કહેવાય. આપણે ત્યાં આતંકવાદી હુમલાઓમાં ૨૫૦થી વધારે લોકો મર્યા હોય એવી પણ ઘટનાઓ બની છે. ૫૦થી વધારે લોકોનાં મોતની ઘટનાઓ તો સંખ્યાબંધ છે એ જોતાં સ્વિટ્ઝર્લેન્ડ આતંકવાદથી અલિપ્ત જ કહેવાય.

છેલ્લાં કેટલાંક વરસોમાં યુરોપમાં આતંકવાદ વકર્યો, પણ સ્વિટ્ઝર્લેન્ડને બહુ અસર નથી થઈ. ૨૦૨૦માં અને ૨૦૨૪માં સ્ટેબિંગ એટલે કે છુરાબાજીની ઘટનાઓ બની તેમાં પણ મુસ્લિમો સામેલ હતા પણ તેમાં કોઈ મર્યું નહોતું. ટૂંકમાં છેલ્લા ૫૫ વર્ષથી સ્વિટ્ઝર્લેન્ડમાં મોટો આતંકવાદી હુમલો થયો નથી. હવે અચાનક બ્લાસ્ટ થાય અને ૪૦ લોકો મરી જાય તેથી ચિંતા થવી સ્વાભાવિક છે. પણ સદ્નસીબસ્વિટ્ઝર્લેન્ડમાં થયેલો હુમલો આતંકવાદી હુમલો નથી.

સ્વિટ્ઝર્લેન્ડની સરકારે સત્તાવાર રીતે બ્લાસ્ટ કેમ થયો તેનું કારણ આપ્યું નથી, પણ રીસોર્ટમાં લાગેલી આગ વિસ્ફોટકો દ્વારા કરાયેલા બ્લાસ્ટના કારણે નહોતી લાગી એ સ્પષ્ટ છે તેથી આતંકવાદી હુમલાની શક્યતા તો છે જ નહીં પણ આગ લાગવા માટે જે કારણ બહાર આવ્યું છે એ ગંભીર છે અને સેલિબ્રેશનના અતિરેકમાં કરાતા અખતરા પણ અત્યંત જીવલેણ સાબિત થઈ શકે છે એ તરફ સંકેત કરે છે.

સ્વિટ્ઝર્લેન્ડ પોલીસે સત્તાવાર રીતે આગ કેમ લાગી તેનું કોઈ કારણ આપ્યું નથી ને તપાસ ચાલી રહી છે એવી રેકર્ડ વગાડ્યા કરે છે પણ આગ લાગી ત્યારે બારમાં હાજર સાક્ષીઓના કહેવા પ્રમાણે, શેમ્પેઈનની બોટલોમાં સ્પાર્કલ થાય એટલે કે તણખા ઝરે એ માટે મુકાયેલા સ્પાર્કલર્સના કારણે આગ લાગી હતી. સ્પાર્કલર એક પ્રકારનું દારૂખાનું જ હોય છે. આપણે દિવાળી વખતે તારામંડળ સળગાવીએ છીએ એ સ્પાર્કલર કહેવાય. શેમ્પેઈનની બોટલમાં મૂકાતાં સ્પાર્કલર તારામંડળ જેવાં મોટાં ના હોય પણ બહુ નાનાં હોય. ધીમે ધીમે બળે અને રંગીન જ્વાળાઓ, તણખા પેદા કરે તેથી શેમ્પેઈનની બોટલ કલરફુલ લાગે ને માહોલ રંગીન થઈ જાય. પોટેશિયમ પરક્લોરેટ, ટાઇટેનિયમ અથવા એલ્યુમિનિયમ અને ડેક્સિટ્રનના મિશ્રણથી કોટેડ ધાતુના વાયરમાંથી બનાવાયેલાં સ્પાર્કલર પર ચમક માટે એલ્યુમિનિયમ અથવા મેગ્નેશિયમ પણ લગાવાય છે.

આ સ્પાર્કલર અને શેમ્પેઈન એકબીજાના સંપર્કમાં ના આવે એ રીતે તેનું પેકિંગ કરાતું હોય છે પણ કોઈ રીતે ચૂક થઈ તેમાં શેમ્પેઈનમાં આગ લાગી ગઈ ને બોટલ ફૂટી તેમાં બીજી બોટલોમાં પણ આગ લાગી. આલ્કોહોલ ઝડપથી આગ પકડે ને કોન્સ્ટેલેશન બારમાં ન્યૂ યરની ઉજવણી માટે જામેલી હકડેઠઠ ભીડ માટે થોકબંધ દારૂ મંગાવાયેલો તેથી આખો બાર આગનો ગોળો બની ગયો, લોકો જીવતાં જ ભૂંજાઈ ગયાં.

સ્વિટ્ઝર્લેન્ડ પોલીસની તપાસમાં આ વાત બહાર ના આવી હોય એવું ના બને કેમ કે યુરોપની પોલીસ પાસે અત્યાધુનિક ફોરેન્સિક ટેકનોલોજી હોય છે. તેની મદદથી કલાકોમાં આગનું સાચું કારણ જાણી શકાય પણ છતાં પોલીસ એક જ રેકર્ડ વગાડી રહી છે કે હાલ વિસ્ફોટનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે અને બહુ જલદી વિગતો જાહેર કરાશે. પોલીસ વિગતો જાહેર નથી કરતી તેનું કારણ પ્રવાસન પર પડનારી વિપરિત અસરો હોઈ શકે છે. ક્રાન્સ-મોન્ટાના સ્વિટ્ઝર્લેન્ડની આલ્પ્સ પર્વતમાળામાં આવેલું લક્ઝરી સ્કી રિસોર્ટ છે. સ્વિસ રાજધાની બર્નથી લગભગ બે કલાકના અંતરે આવેલા આ રીસોર્ટમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે.

શિયાળો તો કમાણીની સીઝન છે કેમ કે બરફ પર સ્કીઈંગ કરવા માટે યુરોપ જ નહીં પણ અમેરિકા સહિતના દેશોમાંથી લોકો ઉમટે છે. સ્વિટ્ઝર્લેન્ડ મોંઘો દેશ છે ને સામાન્ય માણસનું તો સ્વિટ્ઝર્લેન્ડમાં વેકેશન માણવાનું ગજું જ નથી. તેમાં પણ ક્રાન્સ-મોન્ટાના તો લક્ઝુરીયસ કી રીસોર્ટ છે તેથી ધનિકો સિવાયના કોઈને પરવડે જ નહીં. હવે ધંધાની સીઝનની શરૂઆતમાં જ બ્લાસ્ટ થયો છે તેના કારણે લોકો ડરેલાં છે ત્યાં આ ઘટનાનું પિષ્ટપિંજણ કરીને લોકોને વધારે નહીં ડરાવવા માટે પોલીસ ચુપકીદી સાધી રહી હોય એ શક્ય છે. ભારતમાં આવી કોઈ ઘટના બને ત્યારે મીડિયા અને સોશ્યલ મીડિયા ખણખોદ કરીને અફવાઓને ઉત્તેજન આપીને લોકોને ડરાવે છે. પોલીસ પણ સત્તાવાર રીતે કશું ના કહે પણ બિનસત્તાવાર રીતે અધૂરી માહિતી આપીને ફફડાટ વધારતી હોય છે. સ્વિટ્ઝર્લેન્ડ પોલીસ એવો ભય ફેલાવવાથી દૂર રહીને શાણપણ બતાવી રહી છે. લોકોની યાદદાસ્ત ટૂંકી હોય છે તેથી લોકો આ ઘટનાને શક્ય એટલી ઝડપથી ભૂલી જાય એવો અભિગમ પોલીસે અપનાવ્યો છે.

ભારત માટે સ્વિટ્ઝર્લેન્ડની ઘટના મોટો બોધપાઠ છે. સેલિબ્રેશનમાં કશું ખોટું નથી પણ એ ઘાતક ના નિવડવું જોઈએ એ આ ઘટનાનો બોધપાઠ છે. ભારતમાં પણ છાસવારે સેલિબ્રેશનનું કલ્ચર વિકસી ચૂક્યું છે. પશ્ચિમના દેશોની નકલ કરીને વાર-તહેવારે દારૂની પાર્ટીઓ કરવી, બાર, ક્લબો અને રીસોર્ટ્સમાં જઈને મજા કરવી અત્યારે નવો ટ્રેન્ડ છે. ગ્રાહકોને આકર્ષવા માટે પશ્ચિમના જેવા જ અખતરા કરવાનું વલણ વધતું જાય છે ત્યારે આવા અખતરા કઈ હદે જીવલેણ નિવડી શકે એ સ્વિટ્ઝર્લેન્ડની ઘટનાએ બતાવી આપ્યું છે. ભારતમાં એટલી બધી વસતી છે કે, સેલિબ્રેશન માટે મોટી સંખ્યામાં ભીડ જામી જ જાય છે તેથી વધારે પ્રમાણમાં જાનહાનિ થાય એ સંભાવના પણ વધારે છે. એ જોતાં આપણે સતર્ક થવું પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, શનિવાર, તા. ૩-૧-૨૦૨૬, અંબાજીનો પ્રાક્ટોત્સવ, શાકંભરી નવરાત્રિ સમાપ્ત, માઘ સ્નાનારંભ,

- ભારતીય દિનાંક ૧૩, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા સાંજે ક. ૧૭-૨૭ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૧૧-૨૨, મધ્ય રાત્રે ક. ૦૦-૩૦
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૪૨ (તા. ૪ )
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, પૌષ શુક્લ – પૂર્ણિમા. શાકંભરી પૂર્ણિમા, પુષ્યાભિષેક યાત્રા, અંબાજીનો પ્રાક્ટોત્સવ, શાકંભરી નવરાત્રિ સમાપ્ત. માઘ સ્નાનારંભ, ભદ્રા સાંજે ક. ૧૮-૫૩થી ૨૯-૧૦, અન્વાધાન, અરુદ્ર દર્શન (દક્ષિણ ભારત), હજરત અલી જન્મ દિવસ. શુભ દિવસ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, શિવપૂજા વિશેષરૂપે, રાહુ દેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, કુળદેવી દેવતાનું પૂજન, નૈવેદ્ય, દેવદર્શન, ઔષધ ઉપચાર, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, પશુ લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ આળસુ સ્વભાવ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ સામાન્ય વ્યવહારમાં મુશ્કેલી આવે. ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ યુતિ (તા. ૪)

- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# કર્ણાટકમાં કૉંગ્રેસ ફસાઈઃ બહુમતી મતદારોએ ઈવીએમમાં વિશ્વાસ હોવાનું જણાવ્યું

નવી દિલ્હીઃ દેશની ચૂંટણીઓમાં ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)ને લીધે વોટ ચોરી થતી હોવાનો સતત આક્ષેપ કરી રહેલી કોંગ્રેસ તેની સરકાર છે એવા કર્ણાટકમાં જ ફસાઈ છે કારણકે અહીં થયેલા એક સર્વેક્ષણમાં લોકોએ ઈવીએમમાં પૂરો વિશ્વાસ હોવાનું અને તેને કારણે ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી રીતે થઈ રહી હોવાનું કહ્યું છે.

જોકે ઈવીએમ પર મતદારોના વિશ્વાસ અંગેના તાજેતરના સર્વેક્ષણની વિશ્વસનીયતા પર કોંગ્રેસના નેતાઓએ શુક્રવારે સવાલો ઉઠાવ્યા હતા.

કોંગ્રેસ નેતા પ્રિયાંક ખડગેએ એક્સ પર આરોપ લગાવ્યો હતો કે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા ચૂંટણી પંચ વતી કરવામાં આવેલ આ સર્વે વડાપ્રધાન કાર્યાલય સાથે જોડાયેલી વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો હતો.

ખડગેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સર્વેમાં દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ માત્ર ૫૦ ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આંકડાકીય રીતે નબળો છે અને તેમાં પસંદગીના પક્ષપાતની શક્યતા વધુ છે, તેથી તે કોઈપણ અર્થપૂર્ણ નિષ્કર્ષ કાઢવા માટે યોગ્ય નથી.

તેમણે પોસ્ટમાં લખ્યું કે, ચૂંટણી પંચ દ્વારા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મારફત આ સર્વે કરાવવામાં આવ્યો છે. આ સર્વે મોદીજીના એક એવા વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો છે જેઓ પીએમઓમાં કામ કરે છે અને વડાપ્રધાનના વખાણ કરતું પુસ્તક લખ્યું છે. સર્વે મે ૨૦૨૫માં થયો હતો, જ્યારે કોંગ્રેસ દ્વારા 'વોટ ચોરી'નો પર્દાફાશ ઓગસ્ટ ૨૦૨૫માં કરવામાં આવ્યો હતો. દરેક વિધાનસભામાં માત્ર ૫૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે, જે આંકડાકીય રીતે ખૂબ જ નબળો છે અને તેમાં ક્ષતિઓની પૂરેપૂરી શક્યતા છે.'' ■

# ભણેલાઓનો આતંકવાદી બનવાનો ખતરનાક ટ્રેન્ડઃ રાજનાથ સિંહ

ઉદયપુર : દેશમાં ઉભરતા વાઈટ કોલર ટેરરિઝમમાં સુશિક્ષિત લોકો સમાજવિરોધી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ આચરે છે એ સામે ભારતના સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે લાલ ઝંડી બતાડી હતી.

રાજનાથે એવો નિર્દેશ કર્યો હતો કે ૧૦ નવેમ્બરે દિલ્હીના લાલ કિલ્લામાં બૉમ્બબ્લાસ્ટ થયો હતો અને આના કાવતરાખોરો ડૉક્ટરો હતા.

રાજનાથે ભુપાલ નોબલ્સ યુનિવર્સિટીના ૧૦૪મા સંસ્થાપક દિને કહ્યું હતું કે દિલ્હીના લાલ કિલ્લામાં બૉમ્બબ્લાસ્ટના કાવતરાખોરો તબીબો હતા જેઓ પ્રિસ્ક્રિપ્સનમાં આરએક્સ લખે છે એ લોકો હાથમાં આરડીએક્સ લઈને ફરે છે. આ વાત જ્ઞાનની જરૂરિયાત સાથે મૂલ્યો અને ચરિત્રનો સહવાસ હોવો જરૂરી છે એના પર ભાર મૂકે છે.

સંરક્ષણપ્રધાને કહ્યું હતું કે શિક્ષણનો હેતુ ફક્ત વ્યવસાયિક સફળતા નથી, પરંતુ નૈતિકતા, આચાર અને માનવ ચરિત્રનો છે. તેમણે અનેક સંરક્ષણ સ્ટાર્ટ અપ દેશમાં ઉલ્લેખનીય કામગીરી બ જાવી રહ્યા છે. મને વિશ્વાસ છે કે આગામી ૧૫-૨૦ વર્ષમાં ભારત હથિયારોમાં આત્મનિર્ભર બનશે. (એજન્સી) ■

## પ્રજામત

### જિંદગી છે ઈશ્વરે આપેલું વરદાન

આ જિંદગી છે ઈશ્વરે આપેલું,
એક નાનકડું ઈનામ,
વહેતી નદીનાં પવિત્ર,
પાણી જેવું છે કામ.
દુઃખમાં રડાવે છે,
સુખમાં હસાવે છે,
કોરા ભાગ્યના,
કોરા કાગળિયામાં વિધાતાને જ ભરોસે જીવવાનું,
આવીને ઊભું છે પરિણામ.
કુદરત એને રસ્તો દેખાડે છે,
ઈશ્વર એનું કાંડું પકડે છે,
આવડી મોટી ધરતી પર,
ક્યાં જવું? અંતર આત્મા,
સિવાય કોણ દેખાડે પરમધ્યાન?
ખોબલા જેવડા ઓરડામાં રહે છે,
કુટુંબ પરિવારને નિભાવે છે,
માનવતાનો મહામૂલો
દુનિયાને આપે છે પૈગામ.
કાચલિયા કહે ઈશ્વરે આપેલું
એક મોટું વરદાન,
એને તમારી સદ્બુદ્ધિથી સંભાળીને રાખશો તો
તમને કદીયે દુઃખી નહીં થવા દે ભગવાન.

– નવિનચંદ્ર કાચલિયા, નવસારી

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### 'દેશદ્રોહી'

ફોટોગ્રાફ જાહેર કર્યો હતો. ભંડારીએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી અવારનવાર વિદેશમાં જઇને ભારત-વિરોધી પ્રચાર કરે છે. રાહુલ ગાંધીને મળ્યા બાદ સ્કેકોવસ્કીએ 'કૉમ્બેટિંગ ઇન્ટરનેશનલ ઇસ્લામફોબિયા ઍક્ટ' રજૂ કર્યો હતો અને ભારતમાં મુસલમાનોનું દમન થતું હોવાનો આક્ષેપ કર્યો હતો. અમેરિકાના આ સાંસદ રમખાણ અને હિંસાના ગંભીર ગુનામાં સંડોવાયેલા ગુનેગાર ઉમર ખાલિદના બચાવમાં પત્ર લખે છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે 'ભારતને નબળો પાડવા, દેશની ચૂંટાયેલી સરકારને બદનામ કરવા અને ત્રાસવાદ-વિરોધી કાયદાને હળવા કરવા'નો પ્રયાસ કરી રહેલા અનેક લોકો રાહુલ ગાંધી સાથે સંબંધ ધરાવતા હોવાનું જાહેર થયું છે. વિશ્વ હિંદુ પરિષદે ઝોહરાન મમદાનીની ઉમર ખાલિદની તરફેણમાં લખાયેલી નોંધની ટીકા કરતા જણાવ્યું હતું કે તમે ભારતમાંના ગુનેગારોને ટેકો આપો છો, પરંતુ અમેરિકામાં હિંદુ મંદિરો પર હુમલા થાય છે ત્યારે ચુપકીદી સેવો છો. બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઇ રહેલા અત્યાચારનો પણ વિરોધ નથી કરતા.

#### 'મારા વિચારોમાં છો તમે'

ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીએ જેએનયુના પૂર્વ વિદ્યાર્થી નેતા અને દિલ્હી હિંસાના આરોપી ઉમર ખાલિદને એક પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે 'કડવાશ' ને મહત્ત્વ ન આપવા અને તેને પોતાના પર પ્રભુત્વ ન આપવા અંગે ખાલિદના વિચારો યાદ કર્યા છે. મમદાનીએ લખેલો આ પત્ર ખાલિદના સહયોગી બનોજ્યોત્સના લાહિરી દ્વારા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. ખાલિદને લખેલા મમદાનીના પત્રના ફોટા સાથેના કેપ્શનમાં લખ્યું હતું કે, ''જ્યારે જેલ લોકોને અલગ કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તમારા શબ્દો શક્તિ બનીને ફેલાઈ જાય છે.''

હાથથી લખેલા પત્રમાં મમદાનીની સહી પણ છે. તેમણે લખ્યું હતું કે, ''પ્રિય ઉમર, હું ઘણીવાર કડવાશને તમારા પર પ્રભુત્વ ન આપવા વિશેના તમારા શબ્દો વિશે વિચારું છું. તમારા માતાપિતાને મળીને આનંદ થયો. અમે બધા તમારા વિશે વિચારી રહ્યા છીએ.'' (એજન્સી) ■

### ઇલેક્ટ્રોનિક્સ

પ્રૉજેક્ટ્સને મળેલી મંજૂરીને લીધે ભારત નજીકના ભવિષ્યમાં વૈશ્વિક ઇલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેન્સનું મુખ્ય મથક બની જશે.

એપલના નવા વેન્ડર્સ દ્વારા ભારતમાં મોટા પાયે રોકાણ થવાની આશા રખાય છે. એપલની ઇકોસિસ્ટમના પાંચ વેન્ડરમાં મધરસન ઇલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, એટીએલ બેટરી ટૅક્નોલૉજી ઇન્ડિયા, ફોક્સકોન (યુઝહાન ટૅક ઇન્ડિયાઝ) અને હિંદાલ્કો ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા મંજૂર કરેલા ૨૨ પ્રોજેક્ટ આઠ રાજ્ય - આંધ્ર પ્રદેશ, હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તમિળનાડુ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ફેલાયેલા છે. કેન્દ્રના માહિતી તંત્રજ્ઞાન (આઇટી) વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે સંબંધિત જાહેરાત કરી હતી. મોબાઇલ એન્ક્લોઝર્સ, પીસીબી સ્પેસ, લિથિયમ-આયન સેલ જેવા ક્ષેત્રે મોટા પાયે રોકાણ થવાનું છે. ફોક્સકોન (યુઝહાન ટૅક ઇન્ડિયાઝ) દ્વારા તમિળનાડુમાં મોબાઇલ ફોન્સ એન્ક્લોઝર્સનું ઉત્પાદન થવાનું છે. (એજન્સી) ■

### જવાબદાર અધિકારીઓ

છ મહિનાની બાળકી સહિત કુલ ૧૫ જણ મૃત્યુ પામ્યાં હતાં. દરમિયાન, ઇન્દોરના મેયર પુષ્યમિત્ર ભાર્ગવે જણાવ્યું હતું કે અમને અત્યાર સુધીમાં દૂષિત પાણી પીવાથી ૧૦ જણ મૃત્યુ પામ્યા હોવાની માહિતી મળી છે. મુખ્ય પ્રધાને સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે મેં ઇન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર અને એડિશનલ કમિશનરને કારણદર્શક નોટિસ પાઠવવાનો આદેશ આપ્યો હતો. તેમણે પાણી વિતરણની કામગીરીના વિભાગના ઇન-ચાર્જ સુપરિન્ટેન્ડન્ટ એન્જિનિયર પાસેથી સંબંધિત કામકાજ લઇને અન્યને સોંપવાનો હુકમ કર્યો હતો. યાદવે મ્યુનિસિપાલિટીમાં તાત્કાલિક જરૂરી નિમણૂક કરવાની પણ સૂચના આપી હતી. મુખ્ય પ્રધાને શહેરી વહીવટીતંત્ર અને વિકાસ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરીની સાથે ચર્ચાવિચારણા કરી હતી. ઇન્દોરમાં દૂષિત પીવાના પાણીથી ૧,૪૦૦થી વધારે લોકો બીમાર પડ્યા છે. (એજન્સી)

#### દસ વર્ષ રાહ જોયા પછી જન્મેલાં બાળકનો જીવ ઇન્દોરના પાણીએ લીધો

ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે ૧૦ વર્ષ બાદ પેદા થયેલા છ મહિનાના બાળકનું મૃત્યું થતા પરિવારમાં શોકનો માહોલ છે. મરાઠી મોહલ્લામા રહેલા સાહુ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પરિવારમાં દસ વર્ષની પ્રાર્થના, તબીબી સારવાર અને માનતાઓ પછી બાળકનો જન્મ થયો હતો. ગયા અઠવાડિયે બાળક અવ્યાન જેને પરિવાર ચમત્કારિક બાળક માનતો હતો જેને આપવામાં આવતા દૂધને પાતળું કરવા માટે તેમાં નળું પાણી ઉમેરવામાં આવ્યું હતું. જે તેના મોતનું કારણ બન્યું હતું. નવજાત અવ્યાન ઇન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં પ્રદૂષિત પાણીનો શિકાર બનેલો સૌથી નાનો પીડિત છે. આ દુર્ઘટનાએ ભારતના સૌથી સ્વચ્છ શહેરને શોકના સ્થળમાં ફેરવી દીધું હતું. અવ્યાનના દાદી કૃષ્ણા સાહુએ કહ્યું હતું કે, અમે રાજ્ય સરકાર પાસેથી અત્યાર સુધી કોઈ વળતર લીધું નથી. અમારું બાળક ગયું છે. શું વળતર તેને પાછું જીવિત કરશે? પૈસા બાળક કરતાં મોટા નથી. પરિવારના જણાવ્યા મુજબ, અવ્યાનનું ૨૯ ડિસેમ્બરે મૃત્યુ થયું હતું.રહેવાસીઓનો દાવો છે કે છેલ્લા કેટલાક દિવસોમાં ભગીરથપુરામાં દૂષિત પીવાના પાણીને કારણે ઉલટી-ઝાડા ફાટી નીકળવાથી ૧૫ લોકો મૃત્યુ પામ્યા હતા. જોકે, આરોગ્ય વિભાગે આ દાવાની પુષ્ટી કરી નથી અને કહ્યું છે કે ફક્ત ચાર મૃત્યુ થયા છે. ■

### બાંગ્લાદેશ

રહ્યા છે ત્યારે રહમાનને આઇપીએલની ટીમનો સભ્ય બનવવો ન જોઇએ.આધ્યાત્મિક ગુરુ જગદગુરુ રામભદ્રાચાર્યએ બોલિવૂડ સુપરસ્ટાર શાહરુખ ખાનની આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) દ્વારા પાડોશી દેશમાં હિન્દુઓ પર અત્યાચાર વચ્ચે બાંગ્લાદેશી ક્રિકેટરને ખરીદવા બદલ ટીકા કરી હતી. ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ માટે કેકેઆરએ બાંગ્લાદેશી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ખરીદવા અંગે પૂછવામાં આવતા સવાલ પર તેણે ગુરુવારે નાગપુરમાં પીટીઆઈને કહ્યું હતું કે આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કારણ કે તેમનો (શાહરુખનો) અભિગમ હંમેશા દેશદ્રોહી જેવો રહ્યો છે.

આમ છતાં, કૉંગ્રેસના ભાઇ જગતાપે શાહરુખને ટેકો આપતા જણાવ્યું હતું કે ભારત હજી પાકિસ્તાનની સામે ક્રિકેટ રમે છે. 'ભાજપ-આરએસએસ' બેવડું વલણ અપનાવે છે.

શિવસેના (યુબીટી) ના પ્રવક્તા આનંદ દુબેએ કહ્યું હતું કે કોલકાતા નાઈટ રાઈડર્સના માલિક અને બોલિવૂડ સ્ટાર શાહરુખ ખાને તાત્કાલિક બાંગ્લાદેશી ક્રિકેટર (મુસ્તફિઝુર રહેમાન) ને તેમની ટીમમાંથી બહાર કરી દેવા જોઈએ. ■

### ટ્રમ્પ દખલ

છીએ. ઇરાનમાં ડિસેમ્બરમાં ફુગાવાનો દર વધીને ૪૨.૫ ટકા થઇ ગયો હતો. ઇરાનમાં લોકો આર્થિક સ્થિરતાની માગણી કરી રહ્યા છે. ઇરાનનાં અનેક શહેરમાં દુકાનદારોએ દુકાનો બંધ કરી દીધી હતી અથવા તેમ કરવાની ફરજ પડાઇ હતી.

ઇરાનની ઓછામાં ઓછી દસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સરકાર વિરોધી દેખાવમાં જોડાયા છે. ઇરાનમાં ૨૦૨૨ પછી જનતા દ્વારા આ સૌથી મોટા પાયે જાહેરમાં દેખાવ થઇ રહ્યા છે.

#### સાતનાં મોત

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના ઇસ્લામિક શાસન સામેના લોકોનો રોષ ફાટી નીકળ્યો છે. ગત રવિવારથી રાજધાની તેહરાન સહીત અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા છે, લોકો દેશના કથળી રહેલા અર્થતંત્ર અને જીવનનિર્વાહના વધતા ખર્ચના મુદ્દે અવાજ ઉઠાવી રહ્યા છે. સુરક્ષા દળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી અથડામણમાં સાત લોકો માર્યા ગયા હોવાનાં અહેવાલ છે.

ઈરાનની ન્યૂઝ એજન્સીના જણાવ્યા મુજબ પ્રદર્શનકારીઓએ પથ્થરમારો કર્યા બાદ કેટલીક ઇમારતોને નુકસાન પહોંચ્યું હતું, ત્યાર બાદ પોલીસે કેટલાક લોકોની અટકાયત કરી હતી. (એજન્સી) ■

### મંગળ ગ્રહ પર

કાઢ્યા હતા. આ ગુફા રાતા ગ્રહ પર જ્વાળામુખી ફાટવાથી રચાયેલી ગુફાથી ભિન્ન પ્રકારની છે. મંગળ ગ્રહ પર જોવા મળેલી આ અસામાન્ય ગુફા ભૂગર્ભ પાણીના પ્રવાહ અને રાસાયણિક ધોવાણથી રચાઇ હોવાનું મનાય છે. પૃથ્વી પર આવી રીતે રચાયેલી ગુફા શોધાઇ છે, પરંતુ આ પ્રકારની ગુફા સૌપ્રથમ વખત મંગળ ગ્રહ પર જોવા મળી છે.

અમેરિકાના નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના 'નિવૃત્ત થયેલા' માર્સ ગ્લૉબલ સર્વેઅર સહિતના વિવિધ મિશન દ્વારા ભેગી કરાયેલી માહિતીના આધારે એક સંબંધિત અહેવાલ ખગોળશાસ્ત્રને લગતા સામયિકમાં પ્રસિદ્ધ કરાયો હતો. મંગળ ગ્રહ પર વાયવ્ય દિશામાં હિબ્રુસ વેલ્સ વિસ્તાર આવેલો છે અને ત્યાં ગુફાના દ્વાર જેવા અસામાન્ય, ગોળાકાર અને ઊંડા આઠ આકાર જોવા મળ્યા હતા. તેનો આકાર જ્વાળામુખીના રસ (લાવા)થી રચાતા ખાડાથી અલગ છે.

ખગોળશાસ્ત્રીઓએ ગુફાના આ દ્વાર મનાતા આકારની આસપાસના પથ્થરોના રાસાયણિક ઘટકોને પણ તપાસ્યા હતા. 'નાસા'ના થર્મલ એમિશન સ્પેક્ટ્રોમીટર દ્વારા મળેલી માહિતી મુજબ આ વિસ્તારમાં કાર્બોનેટ્સ અને સલ્ફેટ્સ સહિતના ખનિજો હોવાનું માલૂમ પડ્યું હતું. (એજન્સી) ■

### મહિલાની ઈમેજ

એઆઈથી બનાવલી તસવીરો મહિલાઓને અશોભનીય રીતે બદનામ કરે છે.

આ અગાઉ શિવસનાનાં સાંસદ પ્રયંકા ચતુર્વેદીએ આ ફીચર સામે વાંધો ઉઠાવતો પત્ર આઈટી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવને લખ્યો હતો.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સના એઆઈ એલિમેન્ટ ગ્રોકના ફીચર સામે વાંધો ઉઠાવ્યો હતો જેમાં ગ્રોક કોઈ પણ તસવીરના મૂળ તસવીરના મૂળ કપડાં હટાવીને અલગ પોશાકમાં બતાડે છે. તેમણે લખ્યું હતું કે આ ટેક્નિક મહિલાઓની પ્રાઈવસીનું હનન છે અને આના ઉપયોગથી કાનૂની સમસ્યા ઊભી થઈ શકે.

પ્રિયંકાએ કહ્યું હતું કે આ ફીચરમાં સેફ્ટી ગાર્ડ હોવું જરૂરી છે જે મહિલાઓની ગરીમાનું ઉલ્લંઘન ન કરે. મોટી ટેક કંપનીઓએ આની જવાબદારી લેવી જોઈએ. અને હું ઈચ્છું છું કે આવા વ્યવહારમાં સામેલ પુરુષોને તેમનાં ઘરો અને સ્કૂલોમાં બહેતર શિક્ષણ મળે જેથી તેઓ મોટા થઈને બીમાર અને વિકૃત માણસ ન બને. પ્રિયંકાએ એક્સના એ આઈ ફીચરનું નિયમન કરવાની માગણી કરી હતી. શિવસેના (યુબીટી)નાં સાંસદ પ્રિયંકાએ કહ્યું છે કે આ ફીચરનો ઉપયોગ અમુક પુરુષો ફેક અકાઉન્ટના માધ્યમથી મહિલાઓની તસવીરમાંથી કપડા હટાવીને સેક્સુઅલાઈઝ કરતા રહે છે.

પ્રિયંકાએ કહ્યું હતું કે આ ફક્ત ફેક અકાઉન્ટમાં શૅર કરવા સુધી સીમિત નથી, પરંતુ આમાં એ બધી મહિલાઓને ટાર્ગેટ કરવામાં આવે છે અને તેમની મૂળ તસવીરને નવી અશ્લીલ તસવીરમાં ફેરવીને સોશ્યલ માધ્યમમાં મૂકે છે. આ તદન ખોટું છે અને એઆઈ ફંકશનનો દુરુપયોગ છે. આ મહિલાની તસવીરનો અનધિકૃત પ્રયોગ છે જે અનૈતિક અને અપરાધિક છે.

પ્રિયંકા સંસદની સ્થાયી સમિતિ (આઈટી અને સંદેશવ્યવહારનાં) સભ્ય છે. પ્રિયંકાએ લખ્યું છે કે સ્થાયી સમિતિનાં સભ્ય હોવાને નાતે તેઓ સરકારને બતાડવા માગે છે કે આ એઆઈ ફીચરને મહિલાઓ માટે સુરક્ષિત બનાવો જેથી મહિલાઓની અસ્મિતાનો ભંગ ન થાય. તેમણે કહ્યું હતું કે ક્રિએટીવીટી અને નવી શોધને નામે આવા ફીચરને નજરઅંદાજ ન કરી શકાય. બીજા ટેક ફર્મમાં પણ આવા ફીચર છે જેના પર લગામ તાણવી જોઈએ. ■

# રાજકોટમાં ૧૧મીએ પ્રાદેશિક વાઈબ્રન્ટ સમિટ સમયે વડા પ્રધાન મોદીનો ભવ્ય રોડ શો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિકાસને નવી ઊંચાઈ પર લઈ જવાના હેતુથી રાજકોટમાં આગામી ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ રિજીયોનલ વાઈબ્રન્ટ સમીટનું ભવ્ય આયોજન કરાયું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૧મીએ બપોરે ૩ કલાક ૩૦ મિનિટે મારવાડી યુનિ. ખાતે આ સમીટ અને ટ્રેડ શોનું ઉદ્‌ઘાટન કરશે. આ કાર્યક્રમમાં યુક્રેન, જાપાન, કોરિયા અને રવાન્ડા જેવા દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા છે અને અત્યાર સુધીમાં કુલ ૬૩૬૪ જેટલા પ્રતિનિધિઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ કોન્ફરન્સના ઉદ્‌ઘાટન પહેલા રાજકોટમાં વડા પ્રધાનનો ભવ્ય રોડ શો પણ યોજાશે.

રાજકોટના પ્રભારી પ્રધાન જીતુ વાઘાણીએ વિગતો આપતા જણાવ્યું હતું કે, રિજીયોનલ એસ્પિરેશન્સ ગ્લોબલ એમ્બિશનની થીમ પર યોજાનારી આ સમીટમાં ૧૩ આંતરરાષ્ટ્રીય ટ્રેડ ઓર્ગેનાઈઝેશન સહભાગી થશે. આ પ્રદર્શનમાં અદાણી ગ્રુપ, રિલાયન્સ, ટાટા કેમિકલ્સ, ડીઆરડીઓ અને એચએએલ જેવી મસમોટી સંસ્થાઓ અને ઉદ્યોગ જગતના માંધાતાઓ હાજરી આપવાના છે. આ પ્રદર્શનમાં ૬૦૦૦થી વધુ કંપનીઓ ભાગ લેશે અને અંદાજે ૫ લાખથી વધુ મુલાકાતીઓ આવવાની શક્યતા છે. પ્રદર્શન સ્થળે ૧૦૦૦ ચોરસ મીટરના ૬ વિશાળ હોલ અને લઘુ ઉદ્યોગો માટે ખાસ એમએસએમઈ પેવેલિયન બનાવવામાં આવ્યું છે.

સમીટમાં કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલ સહિત અનેક રાષ્ટ્રીય નેતાઓ અને દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ મુકેશ અંબાણી તથા ગૌતમ અદાણી પણ ઉપસ્થિત રહેશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વાગત માટે રાજકોટના જૂના એરપોર્ટથી કિસાનપરા ચોક સુધી ભવ્ય રોડ શોનું આયોજન કરાયું છે. આ માર્ગ પર સ્વદેશી અને આત્મનિર્ભર ભારતની થીમ પર ૧૦૦થી વધુ સ્ટોલ ઊભા કરાશે, જેમાં સૌરાષ્ટ્ર અને કચ્છની સાંસ્કૃતિક વિરાસત પ્રદર્શિત કરાશે.



**માઘ-સ્નાનઃ** સુરતમાં શુક્રવારે પવિત્ર 'માઘ-સ્નાન' કરી રહેલા ગુરુકુળના વિદ્યાર્થીઓ. (પીટીઆઈ)

# સિંગતેલના ભાવમાં ભડકો, ડબ્બાનો ભાવ ₹ ૨,૬૮૦એ પહોંચી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવા વર્ષની શરૂઆત થતાંની સાથે જ સિંગતેલના ભાવમાં વધારો થવાની પણ શરૂઆત થઈ છે. સિંગતેલના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો છે, ત્યારે આ ભાવવધારો થતા સિંગતેલના ડબ્બાનો ભાવ ₹૨,૬૬૦ થી ₹૨,૬૮૦ રૂપિયા થયો છે.

અગાઉ પણ સિંગતેલના ભાવમાં ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ભાવવધારો થયો હતો, ત્યારે અન્ય રાજ્યોમાં પણ મગફળીની માગ વધી છે જ્યારે મગફળીની આવક માગ કરતા ઓછી જોવા મળી રહી છે જેના કારણે આ ભાવ વધારો સતત જોવા મળી રહ્યો છે. સીંગતેલના વેપારીએ જણાવ્યું હતું કે સરકાર ટેકાના ભાવે ખૂબ જ મોટા પ્રમાણમાં મગફળીની ખરીદી કરી રહી છે ત્યારે બીજી બાજુ આ વર્ષે કમોસમી વરસાદના કારણે મગફળીના પાકમાં પણ મોટું નુકસાન થયું હતું જેના લીધે ભાવ વધી રહ્યો છે, સરકાર ટેકાના ભાવે ખરીદી બંધ કરે તે પછી પણ મગફળીની આવક ચાલુ રહે તો ભાવ ઘટવાની સંભાવનાઓ છે નહીંતર ભાવ આગામી દિવસોમાં હજુ પણ વધી શકે છે.

# દુષ્કર્મી આસારામનું ૧૩ વર્ષ બાદ સુરતમાં આગમન, અનુયાયીઓએ આશ્રમમાં જબરદસ્ત સ્વાગત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ લગભગ ૧૩ વર્ષ બાદ સુરત પહોંચ્યા હતા. ભાવનગરથી રો-રો ફેરી મારફતે સુરતમાં આગમન કરનાર આસારામના જહાંગીરપુરા આશ્રમમાં પહોંચતાની સાથે જ હજારો અનુયાયીઓમાં ભારે ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો. અંધ ભક્તો દ્વારા આશ્રમના ગેટ પર હાથમાં દીવડા લઈને ઢોલ-નગારા સાથે આસારામનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આસારામ બાપુના આગમનના પગલે આ આખા આશ્રમને રોશનીથી શણગારવામાં આવ્યો હતો અને મુખ્ય માર્ગો પર આકર્ષક રંગોળીઓ પણ બનાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈ કોર્ટ દ્વારા સ્વાસ્થ્યનાં કારણોથી આસારામને તાજેતરમાં શરતી જામીન આપવામાં આવ્યા હતા. આસારામના આગમનના સમાચાર મળતા જ માત્ર સુરત કે દક્ષિણ ગુજરાત જ નહીં પરંતુ, પાડોશી રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશથી પણ સેંકડો અનુયાયીઓ બસો ભરીને જહાંગીરપુરા આશ્રમ ખાતે પહોંચી ગયા છે. આશ્રમની બહાર અને અંદર ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પણ તંત્ર સતર્ક બન્યું છે. આશ્રમના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આસારામ આગામી ત્રણ દિવસ સુધી સુરત આશ્રમમાં જ રોકાણ કરશે. આ સમયગાળા દરમિયાન તેઓ ખાસ આયુર્વેદિક સારવાર મેળવશે. આ સાથે જ તેઓ આશ્રમમાં રહેતા સાધકો સાથે મુલાકાત પણ કરશે. જામીન માટેની અરજીમાં પણ સ્વાસ્થ્યના કારણો રજૂ કરવામાં આવ્યા હોવાથી આ રોકાણ મુખ્યત્વે સ્વાસ્થ્ય સુધારણા માટે હોવાનું માનવામાં આવે છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી છ ફ્લાઈટ કેન્સલ, આઠ ફ્લાઈટ ડીલે થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ કેન્સલ અને ડીલે થવાનો સીલસીલો શુક્રવારે પણ યથાવત રહ્યો હતો. ધુમ્મસના કારણે એરપોર્ટ પર સવારે તથા મોડી સાંજે ટેકઓફ અને લેન્ડિંગ કરતી ફ્લાઈટના પાઈલોટને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ધુમ્મસના કારણે પૂરતી વિઝિબિલિટી ન મળતી હોવાની પાઈલોટોની ફરિયાદને પગલે ટેકઓફ સમયે ડીલે કરવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે અમદાવાદથી જતી કુલ ૬ ફ્લાઇટ કેન્સલ અને અમદાવાદ આવતી-જતી કુલ ૮ ફ્લાઈટો તેમના નિયત સમય કરતા કલાકો સુધી લેટ પડી હતી. લેટ આવી રહેલી ફ્લાઈટો અમદાવાદથી પણ કલાકો મોડે રવાના થતાં તેમનું શિડ્યૂલ ખોરવાયું હતું.

અરાઇવલ ડીલે ફ્લાઇટ પર એક નજર કરીએ તો મલયેશિયા એરલાઈન્સની કુઆલાલુમ્પુર MH 106, ઈન્ડિગોની વારાણસી 6E 6414, એર ઇન્ડિયાની દિલ્હી AI 2939, સ્પાઇસજેટ ચેન્નાઈ SG 458, સ્ટાર એરની જામનગર S5 615, સ્ટાર એરની પૂર્ણિયા S5 619.

# જામનગરમાંથી પાંચ બાંગ્લાદેશીની એસઓજીએ ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારના પડઘા ગુજરાતમાં પણ પડ્યા છે. રાજ્યના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. દેશમાંથી બાંગ્લાદેશી લોકોને બહાર કાઢવાની માગ ઊઠી છે, ત્યારે જામનગર શહેરમાં ભાડે રહેતા પાંચ બાંગ્લાદેશી નાગરિકોને ત્યાં એસઓજી ત્રાટકી હતી. પોલીસે બે પુરુષ સહિત ત્રણ મહિલાને ઝડપી પાડ્યા હતા. આ લોકો પર ઘૂસણખોરીના આરોપ લાગ્યા હોવાની હાલ પ્રાથમિક માહિતી બહાર આવી રહી છે, ત્યારે તેઓ ક્યારે ભારત આવ્યા અને કેવી રીતના તેમને આશરો મળ્યો તે તમામ દિશાઓમાં પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. રાજ્યમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરી વસવાટ કરતા અને દેશવિરોધી પ્રવૃત્તિ કરતા ઇસમોને શોધી કાઢવા માટે એસઓજી દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત એસઓજી સ્ટાફ જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન એસઓજીને બાતમી મળી હતી કે, પટેલ કોલોની, શેરી નંબર-૧૧, સ્વસ્તિક માર્બલની સામે આવેલા ગુલામમયુદ્દીન અબ્દુલકરીમખાન ગાગદાણીના મકાનમાં બાંગ્લાદેશી નાગરિકો ગેરકાયદેસર રીતે વસવાટ કરે છે. આ બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

જામનગરમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા આ દરોડાની કામગીરી હાથ ધરાઈ હતી. પોલીસે પાંચ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી હતી. પકડાયેલા લોકોમાં બે પુરુષ અને ત્રણ મહિલાનો સમાવેશ થાય છે. તેમની પાસેથી પશ્ચિમ બંગાળના આધાર કાર્ડ પણ મળી આવ્યા છે. આ બાંગ્લાદેશી નાગરિકો જામનગર શહેરના પોશ ગણાતા પટેલ કોલોની, શેરી નંબર-૧૧માં એક મકાન ભાડે રાખીને રહેતા હતા.

# પાટીદાર સમાજ ઉગ્ર આંદોલન કરવા તૈયાર, સુરત પોલીસને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું

અમદાવાદઃ સુરતના સરથાણા વિસ્તારમાંથી ૧૭ વર્ષની એક સગીરા છેલ્લા ૩૫ દિવસથી રહસ્યમય રીતે ગુમ થઈ હતી. આટલા દિવસો થઈ ગયા હોવા છતાં પણ આ સગીરાની કોઈ ભાળ મળી ના હોવાથી પાટીદાર સમાજે સુરત પોલીસને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. પોલીસ દ્વારા કોઈ નક્કર પરિણામ ન મળતા પાટીદાર સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતા. મોટી સંખ્યામાં પાટીદાર સેવા સંઘના લોકો સરથાણા પોલીસ મથકે પહોંચ્યા અને ઉગ્ર રજૂઆતો કરી હતી.

સુરતના સરથાણા વિસ્તારમાં તેના કાકા સાથે રહીને અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાને ૩૫ દિવસ પહેલા કોઈ અજાણ્યો શખ્સ લલચાવી-ફોસલાવીને અપહરણ કરી ગયો હોવાની શંકા સેવાઈ રહી છે. આ મામલે પોલીસે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી, આ ઘટનાને એક મહિનો વિતવા છતાં દીકરીની કોઈ ભાળ મળી નથી. જેના કારણે સમાજના લોકો ઉગ્ર બન્યા અને પોલીસને કાર્યવાહી કરવા માટે અનુરોધ કર્યો હતો.

પાટીદાર આગેવાન ધાર્મિક માલવિયાએ પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, તપાસ અધિકારીની બેદરકારીને કારણે આટલા દિવસો વીતી ગયા છે. જો પોલીસે શરૂઆતથી ગંભીરતા દાખવી હોત તો અત્યાર સુધીમાં દીકરી પરત આવી ગઈ હોત અને આરોપી પણ જેલના સળિયા પાછળ હોત. સમાજના આગેવાનોએ પોલીસને ચીમકી આપતા કહ્યું હતું કે, અમે પોલીસ પ્રશાસનને ૨૪ કલાકનો સમય આપીએ છીએ.

# અમદાવાદમાં સરકારી કચેરીઓમાં ટ્રાફિક પોલીસની ખાસ ઝુંબેશઃ હેલ્મેટ વગર આવતા કર્મચારીઓ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ટ્રાફિક નિયમોનું કડકાઈથી પાલન સુનિશ્ચિત કરવા માટે એક વિશિષ્ટ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વહેલી સવારથી શહેરભરની તમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પર ટ્રાફિક પોલીસ દ્વારા વિશેષ ચેકિંગ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. સરકારી કચેરીઓમાં આવતા-જતા અરજદારો તેમજ ખુદ સરકારી કર્મચારીઓ સહિત સૌ કોઈ ટ્રાફિક નિયમોનું પાલન કરે તે આ ખાસ ડ્રાઇવ યોજવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત, ટૂ-વ્હિલર વાહનચાલકો માટે હેલ્મેટ ફરજિયાત બનાવવામાં આવ્યું છે અને હેલ્મેટ વગરના વાહનચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં સરકારી કર્મચારીઓને પણ કોઈ છૂટછાટ આપવામાં આવી નથી. ફોર-વ્હિલર વાહનોમાં પણ નિયમોનો ભંગ કરતા ચાલકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વાહનોમાં બ્લેક ફિલ્મ લગાવવી, જરૂરી દસ્તાવેજોનો અભાવ, સીટબેલ્ટ ન પહેરવો કે નંબર પ્લેટ સંબંધિત નિયમભંગ જેવા મુદ્દાઓ પર સઘન તપાસ ચાલી રહી છે.

ટ્રાફિક નિયમનો ભંગ કરનાર કોઈપણ વ્યક્તિને સ્થળ પર જ દંડ ફટકારવામાં આવી રહ્યો છે. પોલીસ કમિશનર કચેરી બહાર પણ ખાસ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. હેલ્મેટ વગર આવતા-જતા પોલીસકર્મીઓ અને સામાન્ય નાગરિકોને પણ નિયમભંગ બદલ દંડ ફટકારવામાં આવી રહ્યો છે. આ ખાસ ટ્રાફિક ડ્રાઈવ સવારેઆઠ વાગ્યાથી શરૂ થઈને રાત્રે આઠ વાગ્યા સુધી ચાલુ રહેશે.

આ ઝુંબેશમાં ઉચ્ચ અધિકારીઓ જેવા કે મદદનીશ પોલીસ કમિશનર (અઈડ) અને નાયબ પોલીસ કમિશનર (ઉઈડ) કક્ષાના અધિકારીઓને પણ સામેલ કરવામાં આવ્યા છે. તેમને દિવસના અંત સુધીમાં નોંધાયેલા તમામ કેસોની વિગતવાર માહિતી આપવા સૂચના અપાઈ છે.

ટ્રાફિક પોલીસના કર્મચારીઓ શહેરભરની વિવિધ સરકારી કચેરીઓ, જેમાં પોલીસ કમિશનર કચેરીનો પણ સમાવેશ થાય છે, ત્યાં તહેનાત રહીને સઘન ચેકિંગ કરી રહ્યા છે.

# જૂનાગઢ ખેલ મહોત્સવમાં ધારાસભ્યના મોબાઈલ ચોરાયા, ભાજપના કાર્યકરો શંકાના દાયરામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં યોજાયેલા સાંસદ ખેલ મહોત્સવના કાર્યક્રમમાં ચોરીની ઘટનાની ખૂબ જ ચર્ચાઈ હતી. આ વીવીઆઈપી કાર્યક્રમમાં હાજર રહેલા ધોરાજી-ઉપલેટાના ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયાના એકસાથે બે મોબાઈલ ફોન ગુમ થઈ ગયા હતા. ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ધારાસભ્યના ફોન ચોરાઈ જતાં આ મામલો છેક ગાંધીનગર સુધી પહોંચ્યો હતો અને સુરક્ષાવ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા હતા.

આ બનાવ બાદ ગાંધીનગરથી તપાસના આદેશ કરવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસ તંત્ર તાત્કાલિક કામે લાગી ગયા હોવાની પણ વિગતો મળી હતી. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ ભોગ બનનાર વ્યક્તિ ધારાસભ્ય હોવાથી પોલીસ પ્રશાસન દ્વારા ગુપ્ત રીતે તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ પ્રકરણમાં સૌથી ગંભીર બાબત એ છે કે ઘટના સમયે ત્યાં કોઈ સામાન્ય નાગરિક નહીં, પરંતુ માત્ર ભાજપના કાર્યકરો, હોદ્દેદારો અને સરકારી અધિકારીઓ જ હાજર હતા. પોલીસ તપાસમાં મોબાઈલના લોકેશન અને હિસ્ટ્રી ચકાસતા શંકાની સોય ભાજપના જ એક મહિલા અગ્રણી અને અન્ય એક કાર્યકર તરફ વળી છે. આથી હાલ આ મુદ્દો ખૂબ જ ચર્ચાઇ રહ્યો છે.

# જમીન એનએ કૌભાંડમાં ઈડીએ સુરેન્દ્રનગરના ભૂતપૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમીન એનએ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ઈડી દ્વારા તત્કાલીન જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલની સઘન પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવી હતી.

કલેક્ટર રાજેન્દ્ર પટેલની તેમના નિવાસસ્થાને મોડી રાતથી વહેલી સવાર સુધી સઘન પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં ઇડીની ત્રણ ટીમો જોડાઇ હતી. ગત ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પાડવામા આવેલા દરોડામાં મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો તપાસ એજન્સીના હાથે લાગ્યા હતા. આ રેડ બાદ તપાસ તેજ કરવામાં આવી હતી.

ઈડીની ત્રણ ટીમોએ ૨૩ ડિસેમ્બરે સુરેન્દ્રનગર કલેક્ટર અને અન્ય ઉચ્ચ અધિકારીઓના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. દરોડાના પગલે બપોર સુધીમાં જ ઈડીના અધિકારીએ એસીબી સુરેન્દ્રનગરમાં તત્કાલીન કલેક્ટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેક્ટર ઓફિસના ક્લાર્ક મયૂર ગોહિલ અને કલેક્ટરના અંગત મદદનીશ જયરાજસિંહ ઝાલા સામે લાંચ-રુશવત વિરોધી ધારા હેઠળ ગુનો નોંધાવ્યો હતો.

આ ઘટના બાદ તરત જ કલેક્ટર રાજેન્દ્ર પટેલની બદલી કરી દેવામાં આવી હતી. ગાંધીનગરસ્થિત તેમના નિવાસ્થાને સઘન પૂછપરછ બાદ ધરપકડ કરવામાં આવી હતી.

આ કૌભાંડમાં સૌથી મોટો ખુલાસો ૨૩ ડિસેમ્બરેના રોજ થયો હતો, જ્યારે ઈડીની સ્પેશ્યલ ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના નાયબ મામલતદાર ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરીના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. સર્ચ કાર્યવાહી દરમિયાન તેમના બેડરૂમમાંથી છુપાવેલી ૬૭.૫૦ લાખ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. ચંદ્રસિંહ મોરીએ નિવેદનમાં સ્વીકાર્યું હતું કે આ જપ્ત કરાયેલી રોકડ રકમ જમીનના હેતુફેરની અરજીઓના ઝડપી અથવા સાનુકૂળ નિકાલ માટે અરજદારો પાસેથી સીધી રીતે અથવા વચેટિયાઓ દ્વારા માગવામાં આવેલી અને એકઠી કરાયેલી લાંચની રકમ છે. આમાં અન્ય પણ અનેક મોટા ખુલાસાઓ થયા હતા.

# ભાજપ સરકારમાં ગુંડાઓનું રાજ ચાલે છે, બગદાણા વિવાદમાં અમિત ચાવડાનો આક્ષેપ

અમદાવાદઃ માયાભાઈ આહીર સાથે જોડાયેલા બગદાણા વિવાદમાં રાજકારણ ગરમાયું છે. કોળી સમાજના પૂર્વ સરપંચના પરિવારના યુવક નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલા મામલે વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આક્ષેપ કર્યા હતાં. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનો અમિત ચાવડાએ ગંભીર આક્ષેપ કર્યો હતો. અમિત ચાવડાએ સોશ્યલ મીડિયા અને મીડિયા સમક્ષ આપેલા નિવેદનમાં ભાજપ સરકારને આડે હાથ લીધી હતી.

અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે, 'ગુજરાતમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલની ડબલ એન્જિન સરકારનું રાજ નથી ચાલતું, પરંતુ ગુંડાઓનું રાજ ચાલે છે. બગદાણામાં કોળી સમાજના યુવાન પર જે રીતે ખુલ્લેઆમ જાનલેવા હુમલો કરી તેના હાથ-પગ તોડી નાખવામાં આવ્યા, તે દર્શાવે છે કે ગુનેગારોના મનમાં પોલીસ કે કાયદાનો કોઈ જ ડર રહ્યો નથી'. વિપક્ષી નેતાએ પોલીસની કામગીરીને દેખાવ પૂરતી કામગીરી ગણાવતા પ્રશ્ન ઉઠાવ્યો હતો.

વિપક્ષ નેતાએ આક્ષેપ કર્યો હતો કે, કોના દ્વારા હુમલો કરવામાં આવ્યો તેની તપાસ કરવામાં આવતી નથી. હુમલા પાછળ રહેલા મોટા માથાઓને પોલીસ બચાવી રહી હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. અમિત ચાવડાએ ગૃહ પ્રધાન હર્ષ સંઘવીને સંબોધીને કહ્યું હતું કે, જ્યારે સત્તાધારી પક્ષના માનીતા લોકોના નામ ઊછળતા હોય ત્યારે પોલીસ તપાસમાં ઢીલી નીતિ અપનાવે છે.

# સુભાષ બ્રિજના વૈકલ્પિક દધીચિ બ્રિજ ઉપર પણ સળિયા દેખાયા, વાહનચાલકોમાં ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના સુભાષ બ્રિજમાં તિરાડ અને સ્પાન બેસી જવાની ઘટના બાદ વધુ એક બ્રિજમાં ખામી સામે આવી છે. દધીચિ ઓવરબ્રિજ પર સળિયા દેખાવા લાગ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ૧૪ વર્ષ જૂના વાડજના દધીચિ ઓવરબ્રિજ પર સળિયા દેખાવા લાગ્યા છે. બ્રિજના મધ્યના ભાગે રોડ ઉખડી ગયો અને સળિયા દેખાવા લાગ્યા હતાં. બ્રિજમાં જ્યાં સળિયા ઉખડી ગયા છે તેની આગળના ભાગે પણ આ જ રીતે ખાડા પડ્યા હોવાથી વાહનચાલકોમાં ભય વ્યાપ્યો હતો.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બ્રિજના પાંચ મહિના પહેલા ઇન્સ્પેક્શન કરાવવામાં આવ્યા હતા તેમ છતાં પણ બ્રિજમાં આવી બાબતો ધ્યાનને લેવામાં ન આવતા બ્રિજ ઇન્સ્પેક્શન કરનાર કન્સલ્ટન્ટ એજન્સીની કામગીરી સામે પણ મોટા સવાલો ઊભા થયા છે. વાડજ વિસ્તારમાં આવેલ દધીચિ ઓવરબ્રિજ વર્ષ ૨૦૧૧માં વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જો કે, ૧૪ વર્ષે જૂના ઓવરબ્રિજમાં પણ સળિયા દેખાવા લાગ્યા છે. ભારે વાહનો પસાર થતા હોવાથી બ્રિજમાં વાઇબ્રેશન પણ વધી રહ્યું છે. કોઈ અઘટિત ઘટના બને તે પહેલા તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવે તે જરૂરી છે. અમદાવાદ શહેરનો સુભાષબ્રિજ બંધ કરવામાં આવ્યો હતા. આ બ્રિજ બંધ થતાં વાહનચાલકોને ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું.

સુભાષ બ્રિજ બંધ થવાના કારણે દિલ્હી દરવાજા અને શાહીબાગ વિસ્તારમાં આવવા- જવા માટે દધીચિ ઓવરબ્રિજનો ઉપયોગ કરવા માટે કહેવામાં આવ્યું છે, પરંતુ દધીચિ ઓવરબ્રિજ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ અને બ્રિજ કન્સલ્ટન્ટ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી નહીં અને સળિયા દેખાયા છે.

# સુરેન્દ્રનગરમાં ખેતરમાંથી ૧૭.૫૪ કરોડનો ગાંજો જપ્ત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના કસવાળી ગામની સીમમાં આવેલા બે અલગ અલગ ખેતરોમાંથી તુવેર, કપાસ અને એરંડાના વાવેતરની આડમાંથી પોલીસે મોટા પ્રમાણમાં ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું છે. બંને ખેતરોમાંથી લીલા ગાંજાના ૬૭૦ છોડ જેનું વજન ૩૫૦૮ કિલો અને કિંમત કુલ રૂપિયા ૧૭.૫૪ કરોડથી વધુની કિંમતના ગાંજા સાથે વાવેતર કરનાર બે શખ્સોને પોલીસે ઝડપી લીધા છે.

જિલ્લામાં અવારનવાર માદકદ્રવ્યોની હેરાફેરી તેમજ ગાંજાનું વાવેતર ઝડપાયું છે ત્યારે નવા વર્ષના પહેલા જ દિવસે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસે અત્યાર સુધીનું સૌથી મોટા પ્રમાણમાં ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું છે. સુરેન્દ્રનગર જ્યત્રક્ષ પોલીસ તેમજ ધજાળા પોલીસે કસવાળી ગામની સીમમાં બે અલગ અલગ ખેતરમાંથી ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું છે. સાયલા તાલુકાના કસવાળી ગામના સંજયભાઈ ભોપાભાઈ તાવિયાએ પોતાના ખેતરમાં એરંડા અને કપાસની આડમાં ગાંજાનું વાવેતર કર્યું હોવાની બાતમીના આધારે જ્યત્રક્ષપોલીસે દરોડો પાડયો હતો. કપાસ અને એરંડાના પાકની આડમાંથી મોટા પ્રમાણમાં ગાંજાનું વાવેતર જોઈ પોલીસ પણ ચોંકી ઊઠી હતી કારણ કે સંજયભાઈના ખેતરમાં કપાસ અને એરંડાના પાકની આડમાંથી ગાંજાના ૫૫૦ છોડ ઝડપાયા હતા જેનું વજન ૩૦૩૬ કિલો અને કુલ રૂપિયા ૧૫,૧૮,૪૦,૦૦૦ના લીલા ગાંજાના છોડ સાથે સંજયભાઈ ભોપાભાઈ તાવિયાને ઝડપી પાડ્યા હતા.

આટલી મોટી માત્રામાં ગાંજાનું વાવેતર કરનાર સંજયભાઈની પોલીસે પ્રાથમિક પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. સંજયભાઈની દીકરી મંદબુદ્ધિ હોવાની તેમજ તેને કેન્સર હોવાથી દર ૧૫ દિવસે કીમોથેરાપી અપાવવા માટે અમદાવાદ લઈ જવી પડતી હોવાથી મોટી રકમનો ખર્ચ થતો હતો. જ્યારે બીજી તરફ આવકનું અન્ય કોઈ રસ્તો ન હોવાથી દીકરીના ઇલાજ માટે અંતે પિતાએ ગાંજાની ખેતી શરૂ કરી હતી પરંતુ પોલીસના હાથે ઝડપાઈ જતાં દીકરીની સારવાર કરાવવાની પિતાની ઇચ્છા અધૂરી રહી ગઈ છે.

જ્યારે બીજા દરોડામાં ધજાળા પોલીસે કસવાળી ગામના ભાવુભાઈ રવજીભાઈ મીઠાપરાના ખેતરમાં દરોડો કરી તુવેરની આડમાં ગાંજાનું વાવેતર ઝડપી પાડ્યું હતું. જેમાં તુવેરના છોડ વચ્ચેથી કુલ ૧૨૦ ગાંજાના છોડ જેનું વજન ૪૭૧ કિલો ૮૦૦ ગ્રામ અને કિંમત રૂપિયા ૨,૩૫,૯૦,૦૦૦ની કિંમતના લીલા ગાંજાના છોડ સાથે ભાવુભાઈ મીઠાપરાને ઝડપી લીધા હતા.

આટલી મોટી માત્રામાં ગાંજાનું વાવેતર કરવા માટે બિયારણ ક્યાંથી લાવ્યા, ગાંજો અગાઉ વાવ્યો હતો કે કેમ તેમજ ગાંજો કોને વેચતા હતા અને વાવેતર કરવામાં અન્ય કોઈ વ્યક્તિઓ સંડોવાયેલા છે કે કેમ તે સહિતની બાબતો અંગે પોલીસે બંને શખ્સોની પૂછપરછ હાથ ધરી છે. ગાંજાના છોડ જમીનમાંથી કાઢવા માટે પોલીસને ૧૨ જીઆરડી જવાનની મદદ લેવી પડી હતી

### દ્વારકાધીશ કે જીવદાની?

# વિરાર સ્ટેશનનું નામ હવે જીવદાની રાખવાની માગણી

મુંબઈઃ વસઇ-વિરાર મહાનગરપાલિકાની ચૂંટણી ટાંકણે વિરારનું નામ બદલીને દ્વારકાધીશ નગરી કરવાની માગણી ઉત્તર ભારતીયોએ કરી હતી. બીજી તરફ વિરારનું નામ બદલી જીવદાની માતા રાખવામાં આવે, એવી માગણી ત્યાંના સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે. આથી હવે વિરારનું નામ બદલીને શું રાખવામાં આવે તે જોવું રહ્યું. છેલ્લા અનેક દિવસથી વિરારનું નામ દ્વારકાધીશ નગરી રાખવાની માગણીએ જોર પકડ્યું હતું અને આ સંબંધના બૅનર પર ઠેકઠેકાણે લગાવવામાં આવ્યાં હતાં.

દરમિયાન હવે ચૂંટણી નજીકમાં છે ત્યારે વિરાર રેલવે સ્ટેશનને દ્વારકાધીશ નામ આપવાની માગણી ઉત્તર ભારતીયોએ કરી છે.

જ્યારે મરાઠીઓએ વિરાર રેલવે સ્ટેશનનું નામ જીવદાની રાખવાની માગણી કરી છે.

વિરારમાં દ્વારકાધીશ મંદિર બાંધવામાં આવ્યા બાદ રેલવે સ્ટેશનનું નામ પણ દ્વારકાધીશ મંદિર રાખવાની માગણી કરાઇ છે.

જેમ ઉત્તર પ્રદેશમાં અલાહાબાદનું નામ બદલીને પ્રયાગરાજ રાખવામાં આવ્યું છે, તેમ વિરારનું નામ બદલી દ્વારકાધીશ નગરી રાખવામાં આવે તો રોજગાર વધશે. પ્રયાગરાજ, અહિલ્યાનગર, છત્રપતિ સંભાજી નગર નામ રખાયાં હોવાથી વિરારનું નામ દ્વારકાધીશ નગરી રાખવું જોઇએ, એવી માગણી ઉત્તર ભારતીયોએ કરી છે. બીજી તરફ અહીંના સ્થાનિકોએ જીવદાની માતા અમારી માતા છે અને વર્ષોથી અમે માતાની પૂજા કરીએ છીએ. આથી વિરારનું નામ જીવદાની માતા રાખવામાં આવે, એવી માગણી કરી છે.

# લોકલના પાસ હવે ફક્ત 'રેલ વન એપ' પર કાઢી શકાશે

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન તરીકે ઓળખાતી લોકલ ટ્રેનમાં દરરોજ મુસાફરી કરતા લાખો મુસાફરો માટે રેલવે પ્રશાસને નવા વર્ષની શરૂઆતમાં એક મોટો નિર્ણય લીધો છે. ડિજિટલ સેવાઓને વધુ સુલભ અને સંકલિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે, રેલવેએ 'રેલ વન' નામની એક નવી સત્તાવાર મોબાઇલ એપ્લિકેશન શરૂ કરી છે અને પરિણામે, વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી UTS (અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ) એપ્લિકેશન કાયમી ધોરણે બંધ કરવામાં આવી છે. UTS એપ્લિકેશન પરની સુવિધાઓ, ખાસ કરીને માસિક પાસ જારી કરવા માટે ઉપયોગમાં લેવાતી, હવે ઉપલબ્ધ રહેશે નહીં. રેલ મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, મુંબઈ લોકલ સહિત ઉપનગરીય રેલવે માટે માસિક, ત્રિમાસિક અને અર્ધ-વાર્ષિક પાસ હવે ફક્ત 'રેલ વન એપ' દ્વારા જ ઉપલબ્ધ થશે. અત્યાર સુધી મુસાફરોને ટિકિટ બુકિંગ, પાસ રિન્યુઅલ અને ટ્રેનની માહિતી માટે અલગ અલગ એપનો ઉપયોગ કરવો પડતો હતો. આ જટિલતા ઘટાડવા અને 'એક રાષ્ટ્ર, એક એપ' ના ખ્યાલને પ્રોત્સાહન આપવા માટે રેલવે વહીવટીતંત્રે વ્યાપક રેલ વન એપ વિકસાવી છે. આ નવી એપ ફક્ત પાસ કે ટિકિટ જારી કરવાની સુવિધા જ પૂરી પાડતી નથી, પરંતુ લાઈવ ટ્રેન સ્ટેટસ, પ્લેટફોર્મ નંબર, મુસાફરી સંબંધિત સૂચનાઓ અને ઘણી બધી ડિજિટલ સેવાઓ પણ એક જ જગ્યાએ આપે છે. પરિણામે, મુસાફરોને હવે અલગ અલગ એપ વચ્ચે સ્વિચ કરવાની જરૂર રહેશે નહીં. રેલવે પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે હવે UTS એપ દ્વારા નવા પાસ જારી કરી શકાશે નહીં કે જૂના પાસ રિન્યુ કરાવી શકાશે નહીં. જોકે, જે મુસાફરોએ UTS એપ દ્વારા પાસ મેળવી લીધા છે તેઓ માન્યતા અવધિ સુધી તેમના પાસનો ઉપયોગ કરી શકશે. પાસ સમાપ્ત થયા પછી, નવા પાસ માટે રેલ વન એપ પર નોંધણી ફરજિયાત રહેશે. આ એપ એન્ડ્રોઇડ અને iOS બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ડિજિટલ વ્યવહારોને વધુ સુરક્ષિત અને ઝડપી બનાવવા માટે, રેલ વન એપમાં UPI, નેટ બેંકિંગ, ડેબિટ-ક્રેડિટ કાર્ડ જેવા ચુકવણી વિકલ્પો પૂરા પાડવામાં આવ્યા છે. વધુમાં એપ R-Wallet સુવિધા પણ પ્રદાન કરે છે, જે તકનીકી સમસ્યાઓને કારણે પૈસા ફસાઈ જવાના કિસ્સાઓને ટાળવામાં મદદ કરશે. રેલ્વે વહીવટીતંત્રનો દાવો છે કે હાઇ-સ્પીડ પેમેન્ટ ગેટવેનો ઉપયોગ કરવાથી પીક અવર્સ દરમિયાન પણ ટિકિટ અને પાસ બુકિંગ ઝડપી બનશે.

# ભાજપે ૮૩માંથી ૫૪ ભૂતપૂર્વ નગરસેવકોને ફરી તક આપી

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૨૬ની ચૂંટણી માટે મહાયુતિ તરફથી ભાજપના ૧૩૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા, તેમાંથી બે ઉમેદવારોના દસ્તાવેજો અપૂરતા હોવાથી ફોર્મ રદ થયા છે. તેથી હવે તેના ૧૩૫ ઉમેદવારો મેદાનમાં છે, તેમાંથી ૫૪ ભૂતપૂર્વ નગરસેવકોને તેમ જ તેમના કુટુંબીઓને ફરી તક આપવામાં આવી છે. તો ૨૭ ભૂતપૂર્વ નગરસેવકોના પત્તા કાપી નાંખ્યા છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ ૧૩૭ અને શિવસેના (શિંદે) ૯૦ બેઠકોની વહેંચણી કરી હતી. ભાજપના ૨૦૧૭માં ૮૩ નગરસેવકો ચૂંટાઈ આવ્યા હતા, તેમાંથી અમુકને આ વખતે ટિકિટ નહીં આપતા તેમના પત્તા આ વખતે કાપી નાખવામાંઆવ્યા છે. તેમાંથી અમુક લોકોએ બળવાખોરી છે. ચૂંટણીમાં ચૂંટાયેલા ૨૭ ભૂતપૂર્વ નગરસેવકોને ભાજપે ફરી ટિકિટ આપી નથી. તો ૫૪ ભૂતપૂર્વ નગરસેવકોને અનામતનો લાભ અને નસીબનો સાથ મળવાને કારણે ટિકિટ મળી છે, તેમાં નવ ભૂતપૂર્વ નગરસેવકોના કુટુંબના સભ્યોને આપવામાં આવી છે.

પક્ષે ભૂતપૂર્વ નગરસેવકોની સાથે જ આયારામ એટલે કે અન્ય પક્ષમાંથી ભાજપમાં આવેલાઓને પણ ટિકિટ આપી છે, જેમાં કોંગ્રેસમાંથી આવેલા રવી રાજા અને શ્વેતા કોરેગામવકર અને ઉદ્ધવ ઠાકરેની સેનામાંથી આવેલા રાજુલ સમીર દેસાઈને ટિકિટ આપી છે. તો કોંગ્રેસના જગદીશ કુટ્ટી, રાજેન્દ્ર નરવણકર અને ઉદ્ધવ સેનાના શ્રીકાંત શેટયે આ ભૂતપૂર્વ નગરસેવકોના પરિવારના સભ્યને ટિકિટ આપવામાં આવી છે. એસિવાય ૨૦૧૨ અને ૨૦૦૭માં ચૂંટાયેલા ભૂતપૂર્વ નગરસેવકનો પણ ઉમેદવારી આપવામાં આવી છે. ભાજપે અનેક ભૂતપૂર્વ નગરસેવકોના પત્તા કાપી નાંખ્યા છે, જેમાં અનેક ગુજરાતીઓનો સમાવેશ થાય છે. મુખ્યત્વે જગદીશ ઓઝા, હરીશ છેડા, વિદ્યાર્થી સિંહ, આસાવરી પાટીલ, પ્રવીણ શાહ, સેજલ દેસાઈ, બિંદુ ત્રિવેદી, દક્ષા પટેલ, નેહલ શાહ, મિનલ પટેલ, જ્યોત્સના મહેતા, અતુલ શાહ, અંજલી ખેડકર, બિના દોશી, પ્રતીભા ગિરકર, પ્રિયંકા મોરે, સુનિતા યાદવ, સુરેખા પાટીલ, સાગરસિંહ ઠાકુર, દિપક ઠાકુર, રંજના પાટીલ, રેણુ હંસરાજ, જયોતી અલવણી, સમિતા કાંબળે, વૈશાલી પાટીલ, સુર્યકાંત ગવળી, કૃષ્ણવેળી રેડ્ડી વગેરેના સમાવેશ થાય છે.

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૧,૭૨૯ ઉમેદવાર મેદાનમાં

## શુક્રવારે સાંજ સુધીમાં ૪૫૩ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ના થનારી ચૂંટણીમાં શુક્રવારે ઉમેદવારી પત્રક પાછા ખેંચવાના છેલ્લા દિવસે ૪૫૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પત્રક પાછી ખેંચી લીધી હતી, તેને પગલે હવે ચૂંટણીના મેદાનમાં ૧,૭૨૯ ઉમેદવાર ચૂંટણી લડશે.

લગભગ ચાર વર્ષ પછી યોજાઈ રહેલી મુંબઈ મહાનગરપાલિકાની ૨૨૭ બેઠક માટે આગામી ૧૫ જાન્યુઆરીના ચૂંટણી યોજાઈ રહી છે. વિવિધ રાજકીય પક્ષો સહિત અપક્ષ ઉમેદવારો માટે શુક્રવારે બપોરના ત્રણ વાગ્યા સુધી ઉમેદવારી પત્રક પાછી ખેંચવાની મુદત આપવામાં આવી હતી, જેમાં અપક્ષ સહિત જુદા જુદા પાર્ટીના ૪૫૩ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાંથી પાછા હટી ગયા છે.

મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મંગળવાર ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫થી મંગળવાર, ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં કુલ ૧૧,૩૯૧ ફોર્મનું વિતરણ થયું હતું, જેમાં મુંબઈમાં મંગળવાર, ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ના કુલ ૨,૫૧૬ અરજી દાખલ થઈ હતી.ચૂંટણી માટે કુલ ૨,૫૧૬ ઉમેદવારી પત્રક દાખલ થયા હતા, તેમાંથી બુધવારે ઉમેદવારીપત્રની સ્કુટીની થઈ હતી, તેમાંથી ૧૬૪ અરજીઓ જુદા જુદા કારણથી રદ થઈ હતી અને ૨,૨૩૧ ઉમેદવારી પત્રક ચૂંટણી માટે પાત્ર ઠર્યા હતા. શુક્રવારે બે જાન્યુઆરી, ૨૦૨૬ના સવારના ૧૧ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ઉમેદવારોને અરજી પાછી ખેંચવાની મુદત આપવામાં આવી હતી, જેમાં જુદા જુદા રાજકીય પક્ષ સહિત અપક્ષના ૪૫૩ ઉમેદવારોએ અરજી પાછી ખેંચી લીધી હતી. હવે આજે સવારના ૧૧ વાગ્યાથી ઉમેદવારોને ચૂંટણી માટે ચિહ્ન આપવામાં આવશે. એ બાદ ઉમેદવારોની અંતિમ યાદી સાંજે જાહેર કરવામાં આવશે.

ચૂંટણીમાં મુંબઈના ૧ કરોડ ત્રણ લાખ ૪૪ હજાર ૩૧૫ મતદારો આ ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરશે. મુંબઈમાં મતદાન માટે જુદા જુદા ઠેકાણે કુલ ૧૦, ૨૩૧ મતદાન કેન્દ્ર ઊભા કરવામાં આવવાના છે, જેમાં ૭૦૨ હાઉસિંગ સોસાયટીમાં ઊભા કરવામાં આવવાના છે.

# કલ્યાણ-ડોંબિવલીમાં મહાયુતિના ૯ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા

થાણેઃ કલ્યાણ-ડોંબિવલી મહાનગરપાલિકાની કુલ ૧૨૨ બેઠકોમાંથી ત્રણ બેઠકો પર ભાજપના ત્રણ મહિલા ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા બાદ, ગુરુવારે ભાજપના વધુ બે મહિલા ઉમેદવારો અને શિંદે જૂથની શિવસેનાના ચાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. આ સાથે, ભાજપના ચૂંટાયેલા નગરસેવકની સંખ્યા પાંચ અને શિંદેની સેનાના નગરસેવકની સંખ્યા ૪ થઈ ગઈ છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર અને સાંસદ ડો. શ્રીકાંત શિંદે આ વિસ્તારમાં પ્રભુત્વ ધરાવે છે. આ બંને પક્ષો વચ્ચે ગઠબંધન થયું હોવા છતાં, તેમના બિનહરીફ ચૂંટાઈ આવનારા નગરસેવકો સંખ્યાને લઈને તેમની વચ્ચે સ્પર્ધા ચાલી રહી હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. કલ્યાણ ડોંબિવલી મહાનગરપાલિકાની ચૂંટણી માટે, વોર્ડ નં. ૧૮ માંથી રેખા ચૌધરી અને વોર્ડ નં. ૨૬ (એ) માંથી આશાવરી કેદાર નવરેએ પોતાની અરજીઓ દાખલ કરી હતી. છેલ્લા દિવસ સુધી, અન્ય કોઈ ઉમેદવારોએ પોતાની અરજીઓ દાખલ કરી ન હોવાથી તેઓ બિનહરીફ જીત્યા હતા. જ્યારે, વોર્ડ નં. ૨૬ (બી) માંથી ભાજપના ઉમેદવાર રંજના પેનકર સામે ચૂંટણી લડી રહેલા ઉમેદવારનું ઉમેદવારીપત્ર રદ કરવામાં આવ્યું હતું. આ કારણે, રંજના પેનકર બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ડોંબિવલી પશ્ચિમમાં વોર્ડ નંબર ૨૪ બી માંથી જ્યોતિ પવન પાટીલ અને ડોંબિવલી પૂર્વમાં વોર્ડ નંબર ૨૭ એ માંથી મંદા સુભાષ પાટીલ બિનહરીફ ચૂંટાયા હતા. આમ બિનહરીફ ચૂંટાઈ રહેલા ભાજપના નગરસેવકની સંખ્યા વધીને પાંચ થઈ ગઈ છે. શિંદે સેનાના ચાર નગરસેવકો વરિષ્ઠ ભૂતપૂર્વ કોર્પોરેટર વિશ્વનાથ રાણે, રમેશ સુકર્યા મ્હાત્રે, વૃષાલી જોશી, હર્ષલ રાજેશ મોરે બિનહરીફ ચૂંટાયા હતા. હર્ષલ મોરે ડોંબિવલી પૂર્વમાં વોર્ડ નંબર ૨૮ દત્તનગર વિસ્તારમાંથી અને ડોંબિવલી પશ્ચિમના કોપર રોડ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર ૨૪, શાસ્ત્રીનગરમાંથી વરિષ્ઠ કોર્પોરેટર વિશ્વનાથ રાણે, રમેશ સુકર્યા મ્હાત્રે અને વૃષાલી રણજીત જોશી બિનહરીફ જીત્યા છે.

ભિવંડી મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૧૭ બી માંથી પૂર્વ કેન્દ્રીય પ્રધાન, ભાજપ નેતા કપિલ પાટીલના ભત્રીજા સુમિત પાટીલ બિનહરીફ ચૂંટાયા છે.

તેથી, થાણે જિલ્લામાં કલ્યાણ અને ડોંબિવલી મહાનગરપાલિકા પછી, ભિવંડી મહાનગરપાલિકામાં ભાજપના નગરસેવક બિનહરીફ ચૂંટાયા હતા.

# મહારાષ્ટ્રમાં ફક્ત મરાઠી જ ફરજિયાત, બીજી કોઈ ભાષા નહીંઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે સતારામાં ૯૯મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં સ્પષ્ટપણે કહ્યું કે રાજ્યમાં ફક્ત મરાઠી ભાષા ફરજિયાત છે. તેમણે એમ પણ કહ્યું કે ફ્રેન્ચ અને સ્પેનિશ જેવી વિદેશી ભાષાઓનું સ્વાગત છે પરંતુ ભારતીય ભાષાઓનો વિરોધ કરવો યોગ્ય નથી. ફડણવીસની સરકારે ધોરણ ૧ થી હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવાના નિર્ણયનો ભારે વિરોધ થયા બાદ પાછો ખેંચી લીધો હતો. આ પછી એક સમિતિની રચના કરવામાં આવી જે આ મુદ્દા પર સૂચનો આપી રહી હતી. તેમણે કહ્યું કે મુખ્ય પ્રધાન તરીકે હું સ્પષ્ટપણે કહેવા માગુ છું કે મહારાષ્ટ્રમાં ફક્ત મરાઠી ફરજિયાત છે, અન્ય કોઈ ભાષા ફરજિયાત નથી. વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોઈપણ ભારતીય ભાષા શીખવાની સ્વતંત્રતા છે. એકમાત્ર પ્રશ્ન એ હતો કે ત્રીજી ભાષા ક્યારે દાખલ કરવી. તેમણે સ્પષ્ટતા કરતા એમ પણ કહ્યું કે એમવીએ સરકાર દરમિયાન એક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં પહેલા ધોરણથી હિન્દી ફરજિયાત કરવાની ભલામણ કરવામાં આવી હતી. જોકે વ્યાપક વિરોધ બાદ, નરેન્દ્ર જાધવના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિનો અહેવાલ તેના અંતિમ તબક્કામાં છે, અને ત્યારબાદ સરકાર યોગ્ય નિર્ણયો લેશે.

ફડણવીસે એમ પણ કહ્યું કે મરાઠી ભાષાને 'અભિજાત ભાષા'નો દરજ્જો મેળવવા માટેની લાંબી લડાઈ આખરે સફળ થઈ અને વડા પ્રધાન મોદીએ તેને મંજૂરી આપી.

# પશ્ચિમ રેલવેમાં આજે રાત્રે મેગાબ્લોક

મુંબઈ : પશ્ચિમ રેલવેમાં બ્રિજ નંબર પાંચના રિ-ગર્ડરિંગ કાર્ય માટે ગ્રાન્ટ રોડ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનો વચ્ચે શનિવાર/રવિવાર એટલે કે ૦૩/૦૪ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રાત્રે ૨૩:૦૦ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યા સુધી અપ અને ડાઉન સ્લો લાઇન પર ૧૩ કલાકનો મેગાબ્લોક લેવામાં આવશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર બ્લોક દરમિયાન બધી અપ સ્લો લાઇન ટ્રેનો મુંબઈ સેન્ટ્રલ અને ચર્ચગેટ વચ્ચે ડાઉન ફાસ્ટ લાઇન પર ચલાવવામાં આવશે. ડાઉન સ્લો લાઇન ટ્રેનો ચર્ચગેટ અને માહિમ સ્ટેશનો વચ્ચે ડાઉન ફાસ્ટ લાઇન પર ચલાવવામાં આવશે, તેથી, બધી ડાઉન સ્લો ટ્રેનો પ્લેટફોર્મ ઉપલબ્ધ ન હોવાના કારણે મહાલક્ષ્મી, પ્રભાદેવી અને માટુંગા રોડ સ્ટેશનો પર અને અપૂરતી પ્લેટફોર્મ લંબાઈને કારણે લોઅર પરેલ અને માહિમ સ્ટેશનો પર રોકાશે નહીં.

## જૈન મરણ

### ઝાલાવાડી સ્થાનકવાસી જૈન

મૂળી નિવાસી હાલ સાયન-મુંબઈ સ્વ. કમળાબેન તથા સ્વ. રમણીકલાલ જેઠાલાલ પારેખના પુત્ર ડો. પરેશ પારેખ (ઉં.વ. ૬૩) તા. ૧-૧-૨૬, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સુજાતાબેનના પતિ. ડો. સરગમ નિહાર દેસાઈ, પ્રણાલી પાર્થ વિકમસીના પિતા. અનસુયાબેન તથા કિશોરભાઈ દોમડીયાના જમાઈ. જીતુભાઈ, રાજેશભાઈ, અતુલભાઈ, સ્વ. દીપકભાઈ, ઈલેશભાઈ, અજયભાઈ, વૈભવભાઈના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૪-૧-૨૬ના રવિવારે ૧૦ થી ૧૧.૩૦ સમતાબાઈ હોલ, અમુલખ અમીચંદ સ્કૂલ, માટુંગા ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર ગં. સ્વ. સવિતાબેન હિંમતલાલ વેલાણી (ઉં.વ. ૮૮) તા. ૩૦-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હિંમતલાલ નાથાલાલ વેલાણીના ધર્મપત્ની. અતુલભાઈ, મનીષભાઈ, લીનાબેન, રીટાબેનના માતુશ્રી. હરેશભાઈ શાહ, ચીમનલાલ વોરા, રીટા, જીગીષાના સાસુ. ધ્રુવીન, ભ્રીગા, મીતના દાદી. નીતી, ખ્યાતિ, શ્રુતિ, કિંજલના નાની. ઢસા નિવાસી સ્વ. હકમચંદ હઠીચંદ શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૫-૧-૨૬ના સોમવારે ૧૦.૩૦ થી ૧૨. સ્થળઃ શ્રી પંતનગર વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પોસ્ટ ઓફિસની બાજુમાં, જીવરાજ ચોક, પંતનગર, ઘાટકોપર ઈસ્ટ.

### ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન

અમલનેર નિવાસી હાલ સાયન સ્વ. રસિકલાલ વાડીલાલ કોઠારીના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૮૫) મંગળવાર, તા. ૩૦-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કાશ્મીરાબેન, સ્વ. સનજયભાઈ, સંજયભાઈના માતુશ્રી. નીતીનકુમાર, જીગીશાબેનના સાસુ. માનસી, આદિતના દાદી. હેમાંગ, નીકીના નાની. સાસરીયા પક્ષે વાડીલાલ જીવરાજ કોઠારીના પુત્રવધૂ. પિયર પક્ષે સુરેન્દ્રનગર નિવાસી લલીતાબેન રસિકલાલ કામદારના દિકરી નવકાર મંત્રના જાપ : રવિવાર, તા. ૪-૧-૨૬ના ૩ થી ૪.૩૦. સ્થળઃ ગુરૂનાનક નેશનલ હાઈસ્કૂલ, સ્વામી વલ્લભદાસ રોડ નં. ૨૪, જૈન સોસાયટી, સાયન વેસ્ટ.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોરબી નિવાસી હાલ મુલુંડ ધનેશભાઈ અમૃતલાલ ટોળીયા (ઉં.વ. ૮૬) તા. ૧-૧-૨૬, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. રમીલાબેનના પતિ. રાજેશ, વિરલના પિતા. પ્રવિણા, કિરણના સસરા. તિથિ, જશના દાદા. સ્વ. મંગળાબેન રમેશભાઈ અને સ્વ. મીનાક્ષીબેન યોગેશભાઈના દેર. મોસાળ પક્ષે સ્વ. શારદાબેન દલીચંદભાઈ પતિરાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

### સુરત વિશા ઓસવાલ શ્વે. મૂ. જ્ઞાતિ જૈન

હાલ મુંબઈ નિવાસી માયાબેન શાંતિચંદ જવેરી (ઉં.વ. ૮૭) તા. ૧-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. શાંતિચંદ પાનાચંદના પત્ની. સ્વ. રૂપચંદ વકીલના પુત્રી. બેલાબેન, પ્રીતીબેનના માતુશ્રી. કલ્પેશભાઈ, નિલેશભાઈના સાસુજી. નૈતિક, નિયતિ, અર્ચીતાના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

પાણશીણા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કંચનબેન ભોગીલાલ શાહના પુત્ર ડો. ભરતભાઈ (ઉં.વ. ૭૬) તે રેખાબેનના પતિ. શોભનાબેન સુરેશચંદ્ર શેઠ, ભુપેન્દ્રભાઈ તથા ભાવના રાજીવભાઈ શાહના ભાઈ. સેજલ ભુપેન્દ્રભાઈના જેઠ. ડો. અપૂર્વ તથા ઉષ્મા મિહિરભાઈ વિરેનભાઈ ભીમાણીના પિતા. અર્ચનાબેનના સસરા. શ્વસુર પક્ષે સ્વ. ચંપકલાલ અમીચંદ મહેતાના જમાઈ તા. ૧-૧-૨૬, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી જૈન

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર મનોજભાઇ પ્રવીણભાઇ ગોસલિયા (ઉં.વ.૭૧) તે સ્વ. અનિતાબેનના પતિ. દેવેન તથા હેતલબેનના પિતા. વૈશાલી તથા હેમાંગભાઇ પ્રવીણભાઇ ઘેલાણીના સસરા. સ્વ. જયંતીલાલ મોહનલાલ વોરાના જમાઇ. સ્વ. ઇલાબેન, સ્વ. ભારતીબેન તથા ઉષાબેનના ભાઇ. પ્રકાશભાઇ, હરેશભાઇ, કમલેશભાઇ, તથા કેતનભાઇના બનેવી. ગુરુવાર તા. ૧-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

દેવગાણા નિવાસી હાલ બોરીવલી, કમળાબેન કાંતિલાલ શાહ (ઉં.વ. ૮૮) તા. ૧-૧-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતિલાલ ખીમચંદ શાહના ધર્મપત્ની. ચંદ્રાબેન નટવરલાલ દોશી, સ્વ. મહીપતરાય અને હર્ષદભાઈના ભાભી. મહેન્દ્ર, દિપક, મિલન, હિતેશ, ઇન્દુબેન અને રમીલાબેનના માતૃશ્રી. હેમંતકુમાર, સમીરકુમાર, માયા, રૂપા, નીતા અને પરેશાના સાસુ. પિયરપક્ષે સુરજબેન મણિલાલ ઓઘડભાઈ શાહ (સાંગાવદર વાળા)ના દિકરી. માતૃવંદના તા. ૪/૧/૨૬ના રવિવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. સ્થળઃ ફ્રેન્ડ્સ બેન્કવેટ હોલ, જયવંત સાવંત માર્ગ, રુસ્તમજી બિઝનેસ સ્કૂલ પાસે, હેપ્પી હોમ સોસાયટી, દહિસર પશ્ચિમ.

### દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોટા આંકડિયા નિવાસી હાલ બોરીવલી, સ્વ. ખેતસીભાઈ વીરચંદ ઘેલાણીના પુત્ર ચંદ્રકાંત ઘેલાણી (ઉં.વ. ૭૦) તે અ.સૌ. પ્રગનાબેનના પતિ. ચિરાગ તથા પિનાકના પિતાશ્રી. અ.સૌ. ધનશ્રી ચિરાગ ઘેલાણીના સસરા. હર્ષા મનીષકુમાર વિપાની, જાગૃતિ અશોકકુમાર વોરાના ભાઈ. બોટાદ નિવાસી હાલ વસઈ સ્વ. કાંતિલાલ શિવલાલ શાહના જમાઈ. તા. ૨૯/૧૨/૨૫, સોમવારના ધારી મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩/૧/૨૬ના શનિવાર ૫.૦૦ થી ૭.૦૦. સ્થળ- લુહાર સુતારવાડી, કાર્ટર રોડ નંબર ૩, અંબાજી મંદિર પાસે, બોરીવલી પૂર્વ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નાના ભાડીયાના જગદીશ દામજી નંદુ (ઉં.વ. ૬૨) ૩૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. મા. ભાનુબેન દામજીના પુત્ર. નીતાના પતિ. મીતના પિતા. વસનજી, નેમજી, છોટાલાલ, શશીકાંત, અશ્વિન, નલીન, દમયંતી ભવાનજી, મંજુલા હરખચંદ, હેમલતા કાંતીલાલના ભાઇ. નાંગલપર લક્ષ્મીબેન મણીલાલ દેવજી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નીતા નંદુ, ૨૦૪, જખુબાપા હાઉસ, ગુલ મહોર પાર્ક, પી.એન્ડ ટી કોલોની, ડોંબીવલી (ઇ.).

શેરડીના વિમલાબેન પોપટલાલ દેઢીયા (ઉં.વ. ૮૦) તા. ૧-૧-૨૬ના અવસાન પામેલ છે. ખેતબાઇ ખીમજીના પુત્રવધૂ. સ્વ. પોપટલાલના પત્ની. પુરબાઇ વીરજીના દીકરી. નાનજીભાઇ, શામજીભાઇ, પાનબાઇ, કસ્તુરબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : પોપટલાલ દેઢીયા, ૭૦૧-એ, મહાવીર રેસીડેન્સી, બી. આર. રોડ, મુલુંડ (વે).

સાભરાઇના દિલીપ રવજી ગડા (ઉં.વ. ૮૨) તા. ૩૦-૧૨ના અવસાન પામેલ છે. રતનબેનના પુત્ર. શાંતાબેનના પતિ. ભાવના, સોનલ, નિશા, અંકુરના પિતા. કાંતિલાલ, ભરત, મિનાક્ષી, વાસંતીના ભાઇ. શેરડી રાણબાઇ જેઠુભાઈ કરમશીના જમાઇ. પ્રેમજી, પુષ્પાવતી, બબીબાઈ/રતનબેન, હેમરાજ, લક્ષ્મીચંદ, ગુણવંતીના બનેવી. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિલીપ ગડા, ૧૦૦૩, નિઓના, જે.એન. રોડ, મુલુંડ (વે).

પ્રતાપર હાલે ભુજપુરના ગંગાબેન (મગુબેન) શામજી શેઠીયા (ઉં.વ. ૮૮) તા. ૩૧-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ વિજપાર લધાના પુત્રવધૂ. શામજી વિજપારના ધર્મપત્ની. કિશોર, મહેન્દ્ર, રંજન, હર્ષાના માતુશ્રી. ભુજપુરના મુરીબાઈ કાનજી લખમશી માલદેના સુપુત્રી. નાનજી, રામજી, મગનલાલ, દેવકાબેન તેજશી, પુરબાઈ સુરજી, વેજબાઈ શામજી, કેસરબેન પ્રેમજી, મણીબેન પાસુભાઈના બેન. પ્રા : માટુંગા ક. શ્વે. મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (બીજે માળે), ટા. ૪ થી ૫.૩૦.

મોટા લાયજાના ઉર્મિલાબેન કલ્યાણજી રાંભિયા (ઉં.વ. ૭૮) તા. ૩૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. મોંઘીબાઈ દેવજી વસાઈયાના પુત્રવધૂ. કલ્યાણજીના પત્ની. જીતેન્દ્ર, ચેતના, શિલ્પા, ફાલ્ગુનીના માતા. મેરાઉ જેઠીબાઈ મેઘજી તેજશી (સાયાણી) સંગોઈના પુત્રી. હીરબાઈ કોરશી, મણીબેન વિશનજી, ગોધરા ભાનુબેન ચાંપશી, મેરાઉ પ્રભાબેન મેઘજીના બેન. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, ટા. ૪ થી ૫.૩૦. નિ.જીતેન્દ્ર રાંભિયા (શાહ). ૨૮૪-૨૮૫, એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ, ફોરજેટ હીલરોડ, તારદેવ, મું-૨૬.

ઉણોઠના અ.સૌ. નીલમબેન અરવિંદ શાહ (ઉં.વ. ૬૮) તા. ૧-૧-૨૬ના અવસાન પામેલ છે. અમૃતબેન ઉમરશી શાહના પુત્રવધૂ. અરવિંદના ધર્મપત્ની. સમીર, નીકીલના માતુશ્રી. ભદ્રુ નિશા ઇસ્માઇલ ચાંદના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અરવિંદભાઇ ઉમરશી શાહ, યાસ્મીન વિલા, પંજાબ નેશનલ બેંકની સામે, વાંદરા (વેસ્ટ).

## હિન્દુ મરણ

ગામ વિસનગર હાલ મલાડ સ્વ. ઉદયભાઈ ગોરધનદાસ પંચાલ તા. ૩૧/૧૨/૨૫ના દેવલોક પામ્યા છે. તે ગામ કંથરાવીના સ્વ. નરોત્તમદાસ મોહનલાલ પંચાલના જમાઈ. તેમનું બેસણું તા. ૪/૧/૨૬ને રવિવારના રોજ તેમજ પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે. સમયઃ ૪ થી ૬. સ્થળઃ ગીતાજ્ઞાન યોગ કેન્દ્ર, સુંદરનગર, મલાડ (વેસ્ટ).

### ઘોઘારી મોઢ વણિક

સાવરકુંડલા નિવાસી હાલ મુંબઈ, સ્વ. કનૈયાલાલ ત્રંબકલાલ મહેતા (ઉં.વ. ૮૬) તા. ૩૦-૧૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વર્ષાબેનના પતિ. ફાલ્ગુની, કેતનના પિતાશ્રી. ઉદય, દીપાના સસરા. ક્રુવી, હેતના દાદા. સ્વ. વેણીભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. ગોવિંદભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. મધુકાંતાબેન, કુમુદબેનના ભાઈ. સ્વ. ગિરધરલાલ ચત્રભુજ દોશીના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કપોળ

જાફરાબાદવાળા હાલ મુંબઈ નિવાસી સ્વ. રમાબેન, હરકિસનદાસ શ્રોફના પૌત્ર સ્વ. હરેશભાઈ શ્રોફ, રિદ્ધિબેનના પુત્ર અમીતભાઈ (ઉં.વ. ૪૯)નું તા. ૩૦-૧૨-૨૫ના અવસાન થયેલ છે. તે શિવાનીના મોટા ભાઈ. સ્વ. જગદીપભાઈ - પ્રજ્ઞાબેન, હિતેનભાઈ-કેતકીબેન, લતિકાબેન-સુરેશભાઈ ગોરડિયા, હર્ષાબેનના ભત્રીજા. સિહોરવાળા સ્વ. હર્ષદભાઈ નંદલાલ ભુતાના ભાણેજ. ઉર્વી-અમરીશભાઈ, જય-પરીના, જીત, પારૂલ-રાજીવ, અલ્પેશ-રૂપલના કઝીન. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

### કપોળ

ચલાલા નિવાસી હાલ ઘાટકોપર બાબુલાલ મગનલાલ પારેખ (ઉં.વ. ૭૮) તા.૧-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભારતીબેનના પતિ. પંકજ-ચંદ્રિકા, તૃપ્તી-કૌશલભાઈ, આશા, નમ્રતા-પરાગભાઈના પિતાશ્રી. પુજન, દેવાંશના નાના. સ્વ. હિંમતભાઈ, સ્વ. ઉર્મીલાબેન મણીલાલ મહેતાના ભાઈ. રેખા - સ્વ. હર્ષદરાય, અલકા-રમેશચંદ્ર, કેતન-ભૂમીના કાકાશ્રી. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### લોહાણા

વિજય ગોવિંદજી રાણાના ધર્મપત્ની અ. સૌ. હંસા (ઉં.વ. ૬૭) તે જયાબેન તલકશી પૂજારાના પુત્રી હાલ નાસિક આણંદ મધ્યે રામશરણ પામેલ છે. તે ગૌતમભાઈ, અશોકભાઈ, પ્રકાશભાઈના વહુ. ભાનુમતી ચંદેના ભાભી. ભગવતી, હેમલતાના દેરાણી. દિલીપ પૂજારાના બેન. કવિતાના ભાભી. રૂપેન, ધીરજ, નંદા, જયશ્રીના કાકી તા. ૧-૧-૨૬ના રામશરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ છે.

### દસનામ ગોસ્વામી

કાનગર ભવાનગર ગોસ્વામી (ઉં.વ. ૭૭) કચ્છ ગામ, અંજાર હાલે મુલુંડ રાધાબાઈ ભવાનગર ગોસ્વામીના પુત્ર. દમયંતીબેનના પતિ. માધવગઢ, ખુશાલગઢ હિંમતનગર, શાંતાબેન પ્રવીણ ઘર ગોસ્વામીના ભાઈ. જેઠપુરી પ્રધાનપુરી (વાયર)ના જમાઈ. કેતન, પંકજ, વનિતા, વિજય, ગીરીના પિતા. જાગૃતિ, નિમિશાના સસરા તા. ૧-૧-૨૬ના કૈલાસવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૧-૨૬ના મુક્તેશ્વર મંદિરમાં ૪ થી ૬, આરપી રોડ, સ્મશાન ભૂમિની બાજુમાં, મુલુંડ વેસ્ટ.

### કાઠિયાવાડી (ભાવનગરી) મોચી

પાલિતાણા નિવાસી હાલ મુંબઇ ધીરુભાઇ જીવણભાઇ ગોહિલના ધર્મપત્ની ભાનુબેન (ઉં.વ. ૬૬) તા. ૧-૧-૨૬ ગુરુવારના સ્વર્ગવાસ સીધાવેલ છે. તે દીપકભાઇ તથા મયુરીબેનના માતુશ્રી. સંજયકુમાર વાઢેરના સાસુ. સ્વ. વિજયાબેન, સ્વ. પ્રવીણભાઇ તથા મંજુબેનના ભાભી. રિશ્વાના દાદી. કપીલા બેનના દેરાણી. પ્રાર્થનાસભા સોમવારે તા. ૫-૧-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. લાડવાડી હોલ, ૨૬-એ વિઠ્ઠલભાઇ પટેલ રોડ, સી. પી. ટેન્ક સર્કલ નજીક, મુંબઇ-૪૦૦૦૦૪.

### દશા મોઢ વણિક

અંકલેશ્વર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હંસગૌરીબેન ઈશ્વરલાલ કાપડિયાના પુત્રવધૂ અ.સૌ. રશ્મિ ભરત કાપડિયા (ઉં.વ. ૭૯) ૧/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પિયુષ તથા નીલિમાના માતુશ્રી. નિધિ તથા ફૈયાઝના સાસુ. સ્વ. બળવંતરાય, સ્વ. મોક્ષવદન, સ્વ. ભદ્રકાંત, ગં.સ્વ. વિમળાબેન નાથાલાલ શાહ, ગં.સ્વ. કોકિલાબેન વિરેન્દ્રભાઈ શાહના ભાભી. પિયરપક્ષે વાડી વલ્લભીપુર નિવાસી સ્વ. સુશીલાબેન રતિલાલ શાહના દીકરી. તેમની સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૩/૧/૨૬ના ૫ થી ૭. સ્થાનઃ ૩૦૨, અરિહંત બિલ્ડીંગ, સેક્ટર ૧, પ્લોટ નં ૧૨૩, સાગર ડેરી પાસે, ચારકોપ, કાંદિવલી વેસ્ટ.

### પરજીયા સોની

રાણપુરવાળા હાલ બોરીવલી, સ્વ. વિઠ્ઠલદાસ આણંદજી ધકાણ ૧/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. શારદાબેનના પતિ. હેમંત, અનિલ, ઉષા સુરેશભાઈ સાગર, ભારતી બિપીનભાઈ સાગર, કોમલ મહેન્દ્રભાઈ જગડાના પિતા. અવની ભાર્ગવકુમાર, જીત તથા રાજના દાદા. રિદ્ધિના દાદાસસરા. તેમની પ્રાર્થનાસભા ૩/૧/૨૬ના ૧૧ થી ૧૨. સોનીવાડી શીમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ.

### નવગામ ભાટિયા

ધ્રોળ નિવાસી હાલ મુંબઈ, તનસુખભાઈ (ઉં.વ. ૮૨) તે સ્વ. લાભુબેન ગોરધનદાસ ગાંધીના પુત્ર. ઉર્મિલાબેનના પતિ. ગં.સ્વ. ચંદ્રાબેન ભીખાલાલ વેદ, સ્વ. શાંતિલાલ, જયોતિભાઈ, મુકેશભાઈ, લલિતભાઈ, દિનેશભાઇ, દીપકભાઈ, હર્ષદાબેન ઉદેશીના ભાઈ. તેજલ, જીજ્ઞેશ, સોનલ કૌશિકભાઈના પિતા. ગં.સ્વ. રસીલાબેન ચંદુલાલ ઉદેશી, પ્રવીણભાઈ, સ્વ. અશ્વિનભાઇ, સ્વ. કૃષ્ણરાજ સંપટના બનેવી. ૧/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૩/૧/૨૬ના ૩.૩૦ થી ૫.૩૦. મન્નપૂર્ણા બેન્કવેટ હોલ, સાઇલી ઇન્ટરનેશનલ સ્કૂલ, એમ એચ બી કોલોની, બોરીવલી વેસ્ટ.

### નવગામ વિસનગર વણિક સમાજ

માણસા નિવાસી હાલ મુંબઈ, ઘનશ્યામદાસ તુલસીદાસ શાહ ૨૨/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે કલાવતિબેનના પતિ. રાકેશ, શ્રીકાંત, કેતન, જાસ્મીના તથા જાગૃતિના પિતા. પૂર્ણિમા, વિઠ્ઠલકુમાર શાહ, પ્રકાશકુમાર શાહના સસરા. પ્રાર્થનાસભા ૩/૧/૨૬ના ૫ થી ૭. શ્રી મુંબઈ પાટીદાર સમાજ હોલ, ૬, ફ્રેન્ચ બ્રીચ, ઓપેરા હાઉસ રાખેલ છે.

### કપોળ

ખાટસુરાવાળા ભાદ્રોડ હાલ કાંદિવલી, ઉષાબેન (ઉં.વ. ૭૩) તે સ્વ. ગુણવંતરાય કાળીદાસ મહેતાના પત્ની. નીતિન, હિતેશ અને નીપાના માતુશ્રી. પૂર્વી, નિયતિ, સમીર અનીલકુમાર ગોરડિયાના સાસુ, તા. ૨૯-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. ભાનુમતી હરિલાલ ત્રિકમજી ગાંધીના સુપુત્રી. અરવિંદભાઈ, રમેશભાઈ, શરદભાઈ અને સ્વ. વિજયભાઈના બહેન. પ્રાર્થનાસભા શનિવાર તા. ૦૩-૦૧-૨૬ના ૪ થી ૬. પાવનધામ, મહાવીર નગર, એમસીએ ક્લબની બાજુમાં, કાંદીવલી વેસ્ટ.

### નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ

મોઠા નિવાસી હાલ બોરીવલી, ગૌરીશંકર રામશંકર પાઠક (ઉં.વ.૯૧) તા. ૩૧/૧૨/૨૫ બુધવારના કૈલાસવાસી થયા છે. તે વિજયાબેનના પતિ. બકુલભાઈ, મધુલભાઈ, અ સૌ. નયનાબેન ભરત મહેતાના પિતાશ્રી, અ.સૌ. વિભા બકુલ પાઠક, અ.સો. સોનલ મધુલના સસરા. કાંધી નિવાસી, કાશીબેન પ્રભુરામ જીવરાજભાઈ ઓઝાના જમાઈ. સ્વ. નાનાલાલ ભાઈ, દલસુખભાઈ, મહાસુખભાઈ, સ્વ. મંગળાબેન જેંતીલાલ, અ.સૌ. લાભુબેન જયસુખલાલ, અ.સૌ. અન્નપૂર્ણાબેન ભરતભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ૦૩/૦૧/૨૬ને શનિવાર ૫ થી ૭. ડાઈમોડા (બી.એ.પી.એસ.) સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, પેટ્રોલ પંપની બાજુમાં, દહિસર ઈસ્ટ.

### હાલાઈ લોહાણા

મૂળગામ બડોદર હાલ વિરાર સ્વ. જમનાદાસ તથા જયાગૌરી જમનાદાસ કારીયાના સુપુત્ર ચંદ્રકાંતભાઈ કારીયા (ઉં.વ.૭૫) ૧-૧-૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સોનલબેનના પતિ. અભિષેક, નમ્રતાના પિતા. સૌ. રીટાના સસરા. સૌ. બિંદુ, જ્યોત્સના તથા સ્વ. સરસ્વતીબેનના ભાઈ. સ્વ. કાંતાબેન અને અજીતભાઈ ભીવંડીવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩-૧-૨૬ના શનિવાર ૪ થી ૬. સ્થળઃ શ્રી જલારામ બેન્કવેટ, શ્રી જલારામ મંદિરની ઉપર, એસ.ટી. બસ ડેપો પાસે, પી.પી. માર્ગ, વિરાર વેસ્ટ.

## પારસી મરણ

શેહનાઝ રુસી એન્જિનિયર તે મરહુમ રુસીના ધન્યાની. તે મરહુમો બાનુ જહાંગીર પટેલના દીકરી. તે નાઝનીનના દીકરી. તે મેહરરીયારના સાસુજી. તે જમશેદ ને રેહયાન ના મમઇજી. તે મરહુમો દીનબઇ બરજોરજી એન્જિનિયરના વહુ. (ઉં.વ.૮૩) રે. ઠે. ૬૮ દેવ છાયા, હાજી અલી, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં ડુંગરવાડી પર.

એરવદ દારા એરચશા પંથકી તે હુતોકશીના ધની. તે મરહુમો ધનમાય એરચશા પંથકીના દીકરા. તે કૈવાન ને બેહરોઝના પપ્પા. તે વહીશતા ને અમીતના સસરા. તે હોમી, વીરાફ ને મરહુમ બેહરોઝ ને હોસીના ભાઇ. તે એવાન ને કીયારાના બપાવાજી. (ઉં.વ. ૮૪) રે. ઠે. એચ-૬, બીજે માળે, ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

એર્વદ હોશંગ દારાબજી દસ્તુર તે મરહુમો ઓસ્તી મોટામાય તથા એર્વદ દારાબજી દસ્તુરના દીકરા. તે મરહુમો મહેરૂ, એર્વદ રૂસી, એર્વદ હોમી, એર્વદ નરી, એર્વદ ફિરોઝ, તથા એર્વદ સોલીના ભાઇ. તે એર્વદ મીનુ દસ્તુર, પરસી દસ્તુર, બખતાવર અદી ચીનદી તથા રોશની ફિરદોસ ભાઠેનાના કાકા. તે ઓસ્તી હિલ્લા સોલી દસ્તુર તથા મરહુમો નાજુ તથા જીનીના દેર. (ઉં.વ.૮૯) રે. ઠે. ૧૪ એ, કાવસજી પટેલ સ્ટ્રીટ, સુખલા બિલ્ડિંગ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧-૨૬, ૩.૪૫ વાગે અનજુમનના આતશબહેરામમાં છેજી.

જેરબાનુ દારાશા ઝવેરી (ઉં.વ. ૯૧) તા. ૩૧-૧૨-૨૫ના વલસાડ ખાતે ગુજરી ગયા છે. તે ડો. હેમીલ અને આદિલ ઝવેરીના માતા. તે મહેરાનગિઝ અને જેનીફરના સાસુ. તે ડો. ફેહાન, ડો. હેઝાન, ડો. ડેલઝાન, ગ્રાન્ડ મધર, તે ડો. ઝેરવીન અને જેનીફરના ગ્રાન્ડમધર-ઈન-લો. ઠે. રોહિના, તાલુકા પારડી, જિલ્લો વલસાડ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# નાગપુરમાં ઉમેદવારી પત્ર પાછું ખેંચતા અટકાવવા ઉમેદવારને ઘરમાં બંધ કરી દીધા




નાગપુરઃ નાગપુર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના છેલ્લા દિવસે નાગપુરમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. ઉમેદવારને ઉમેદવારી પત્ર પાછો ખેંચતા અટકાવવા માટે તેમના કાર્યકરોએ તેમને ઘરમાં બંધ કરી દીધા હતા. આ ઘટનાથી નાગપુરના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ દ્વારા વોર્ડ ૧૩ડીમાંથી કિસન ગાવંડે અને વિજય હોલેને એબી ફોર્મ આપવામાં આવ્યું હતું. જોકે, બાદમાં પાર્ટીએ પોતાની રણનીતિ બદલી અને કિસન ગાવંડેને ઉમેદવારી પાછી ખેંચવાની સૂચના આપી હતી. તેમને સમયસર અરજી પાછી ખેંચવાનું કહેવામાં આવતા, ભાજપ તરફથી ગાવંડેની સત્તાવાર ઉમેદવારી રદ કરવામાં આવી અને તેઓ હાલમાં અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

જેમ જેમ પક્ષ તરફથી અરજી પાછી ખેંચવાનું દબાણ વધતું ગયું, તેમ તેમ ગાવંડેના સમર્થકોમાં ભારે નારાજગી ફેલાઈ ગઈ. વિસ્તારના નાગરિકો અને સમર્થકોએ ભારપૂર્વક આગ્રહ કર્યો કે કિસન ગાવંડે કોઈપણ સંજોગોમાં પોતાની ઉમેદવારી પાછી ન ખેંચે. આથી ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસે શુક્રવારે ગાવંડેના સમર્થકોએ તેઓ બહાર જઈને અરજી પાછી ખેંચી ન શકે તે માટે તેમના ઘરને તાળા મારી દીધા હતા.

ભાજપ તરફથી આ બાબતે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી, પરંતુ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે બનેલી આ ઘટનાની વ્યાપક ચર્ચા થઈ રહી છે. ■

# ફડણવીસની નિંદા કરવા બદલ ભાજપે મહિલા ઉમેદવારની ટિકિટ કાપી

પુણેઃ પક્ષના કાર્યકર્તાઓના તીવ્ર વિરોધ બાદ ભારતીય જનતા પક્ષએ પુણે મહાનગરપાલિકા ચૂંટણીમાં પૂજા મોરે - જાધવની ઉમેદવારી પાછી ખેંચી હતી.

તેમને ૧૫ જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી માટે સાથી પક્ષ આરપીઆઈના ક્વોટા હેઠળ વોર્ડ નંબર બે માટે ભાજપ તરફથી તેમને એબી ફોર્મ (ઉમેદવારી નોંધાવવા માટેનો મુખ્ય દસ્તાવેજ) મળ્યું હતું.

જોકે, મરાઠા અનામત આંદોલન દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમની પત્ની વિરુદ્ધ વ્યક્તિગત ટિપ્પણી કરતા જૂના વીડિયો જાહેર થયા બાદ તેમની ઉમેદવારી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

કેન્દ્રીય પ્રધાન અને પુણેના ભાજપના સાંસદ મુરલીધર મોહોળે પુષ્ટિ કરી હતી કે તેમનું નામાંકન પાછું ખેંચી લેવામાં આવ્યું છે.

સોશિયલ મીડિયાના ટ્રોલિંગના પોતે ભોગ બનતા હોવાની સ્પષ્ટતા કરી પૂજા મોરે-જાધવે જણાવ્યું હતું કે 'કેટલાક લોકો મારા વિશે ખોટી માહિતી ફેલાવે છે અને હું ભાજપની વિચારધારામાં વિશ્વાસ નથી ધરાવતી એવું ઠસાવવાનો પ્રયાસ કરે છે.

ટ્રોલિંગને ધ્યાનમાં રાખીને, મેં નામાંકન પાછું ખેંચવાનો નિર્ણય લીધો. એ ટિપ્પણી અન્ય કોઈ યુવતીએ કરી હતી પણ ટ્રોલ્સે તેને જવાબદાર ઠેરવી હતી એવો દાવો પણ તેમણે કર્યો હતો. (પીટીઆઈ) ■

# બુલેટ ટ્રેનઃ પાલઘરમાં ૧.૫ કિલોમીટર લાંબી પર્વતીય ટનલ તૈયાર

નવી દિલ્હીઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ૧.૫ કિલોમીટર લાંબી પર્વતીય ટનલના અંતિમ સ્વરૂપ વખતે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ શુક્રવારે નવી દિલ્હીના રેલ ભવનમાં હાજર હતા. તેઓ વર્ચ્યુઅલી આ સફળતાનાં સાક્ષી બન્યા.રેલવે મંત્રાલયની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ દોઢ કિમી લાંબી પર્વતીય ટનલ પાલઘર જિલ્લામાં સૌથી લાંબી ટનલ પૈકીની એક છે અને વિરાર-બોઇસર બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે સ્થિત છે. મહારાષ્ટ્રમાં તૈયાર થયેલી બીજી ટનલ છે. અગાઉ થાણે અને બીકેસી વચ્ચેની પહેલી પાંચ કિમી લાંબી ભૂગર્ભ ટનલ સપ્ટેમ્બર ૨૦૨૫માં તૈયાર થઈ હતી.'૫૦૮ કિમી લાંબો મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા અને નગર હવેલીમાંથી પસાર થાય છે. આ ભારતનો એકમાત્ર હાઇ-સ્પીડ રેલ પ્રોજેક્ટ છે જે ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે બુલેટ ટ્રેન ચલાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

# સીબીઆઈ અધિકારી તરીકે ઓળખાણ આપીને વગર ટિકિટે મુસાફરી કરનાર પ્રવાસી સામે ગુનો

મુંબઈઃ ઉપનગરીય લોકલ ટ્રેનમાં રોજ ઘણા ખુદાબક્ષો પકડાય છે. હાલમાં આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં વડાલા રેલવે પોલીસે ૬૨ વર્ષીય એક વ્યક્તિ વિરુદ્ધ સીબીઆઈ અધિકારી તરીકે ઓળખ આપીને લોકલ ટ્રેનના ફર્સ્ટ-ક્લાસ ડબ્બામાં માન્ય ટિકિટ વગર મુસાફરી કરવા બદલ અને બનાવટી ઓળખપત્ર રાખવા બદલ એફઆઈઆર નોંધી છે. આ કેસ ૩૦ ડિસેમ્બરે નોંધવામાં આવ્યો હતો.

એફઆઈઆર મુજબ ટિકિટ ચેકર ધનંજય યાદવ ૩૦ ડિસેમ્બરના રોજ બપોરે ૧.૨૦ વાગ્યાની આસપાસ જીટીબી નગર રેલવે સ્ટેશન પર લોકલ ટ્રેનના ફર્સ્ટ-ક્લાસ ડબ્બામાં રેગ્યુલર ચેકીંગ માટે ચઢ્યા હતા. જ્યારે આરોપીને ટિકિટ બતાવવાનું કહેવામાં આવ્યું ત્યારે તેણે તેનું ઓળખપત્ર બતાવ્યું. ઓળખપત્ર પર એક તરફ સીબીઆઈનું ચિહ્ન હતું, જેની પાછળ અંગ્રેજી અને મરાઠી બંનેમાં ભારત સરકાર લખેલું હતું. શંકા જતા યાદવે બીજા દસ્તાવેજો માંગ્યા, આરોપી જે રજૂ કરી શક્યો નહીં.યાદવ અને રેલવે પોલીસ ફોર્સના કર્મચારી સચ્ચિદાનંદ સિંહ અને એક મહિલા કોન્સ્ટેબલ દ્વારા વધુ પૂછપરછ કરવામાં આવતા આરોપી ઢોંગી હોવાનું જાણવા મળ્યું. પોલીસે તેની ઓળખ ગોવંડીનો રહેવાસી બદરુદ્દીન ખાન તરીકે કરી છે.

# કૂકિંગ ઑઈલ ડીલમાં વેપારી સાથે ૫૦ લાખની છેતરપિંડી

થાણેઃ જાણીતી બ્રાન્ડનું કૂકિંગ ઑઈલ સસ્તા દરે સપ્લાય કરવાનું વચન આપી બે જણે થાણેના વેપારી પાસેથી ૫૦ લાખ રૂપિયા પડાવ્યા હતા.

ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ઑગસ્ટ, ૨૦૨૦થી મે, ૨૦૨૧ દરમિયાન થઈ હતી. અંબરનાથમાં રહેતા વેપારીની ફરિયાદને આધારે પોલીસે પુણેના વતની મૂકેશ પાંડે અને પલ્લવી રાઉત વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.આ મામલે ૩૧ ડિસેમ્બરે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીઓએ વેપારીનો સંપર્ક સાધ્યો હતો અને બજારભાવ કરતાં ઓછા ભાવે કૂકિંગ ઑઈલ સપ્લાય કરવાની ઑફર આપી હતી. તેમણે ખાતરી આપી હતી કે આ ઑઈલના વેચાણમાંથી સારો નફો મળશે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

# મુંબઈ પાલિકા ચૂંટણીમાં 'પરિવારવાદ'

## ૪૩ નેતાઓના પરિવારના સભ્યોને ટિકિટ

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (પાલિકા)ના ચૂંટણી મેદાનમાં આ વખતે રાજકારણનું એક મુખ્ય પાસું પરિવારવાદ જોવા મળી રહ્યો છે. ૧૫ જાન્યુઆરીએ યોજાનારી બીએમસી ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા પૂર્ણ થતાં એ સ્પષ્ટ થઈ ગયું છે કે ઓછામાં ઓછા ૪૩ નેતાઓના પરિવારના સભ્યોને ટિકિટ મળી છે, જે રાજકીય વંશની ભૂમિકા પર પ્રશ્નો ઉભા કરે છે.

આ વખતે મુંબઈમાં ચૂંટણી ટિકિટોનું વિતરણ મોટાભાગે કૌટુંબિક સંબંધો પર આધારિત રહ્યું છે. ઓછામાં ઓછા ૪૩ રાજકારણીઓએ તેમના નજીકના સંબંધીઓ - બાળકો, પત્નીઓ, ભાઈઓ, બહેનો અને અન્ય સંબંધીઓને ટિકિટ અપાવી છે.

ભાજપે પોતાને વંશવાદ વિરોધી પક્ષ તરીકે રજૂ કર્યો છે, પરંતુ આ વખતે તેણે પણ ઘણા મુદ્દાઓ પર પોતાની નીતિઓ કોરાણે મૂકી દીધી છે.

જો કે, કેટલાક નેતાઓના સંબંધીઓને ટિકિટ આપવાનો ઇનકાર પણ કરવામાં આવ્યો છે. જેમ કે પ્રધાન આશિષ શેલારના ભાઈ વિનોદ શેલાર, ધારાસભ્ય મનીષા ચૌધરીની પુત્રી અંકિતા, ધારાસભ્ય વિદ્યા ઠાકુરના પુત્ર દીપક, ધારાસભ્ય રાજહંસ સિંહના પુત્ર નિતેશ અને ભૂતપૂર્વ ધારાસભ્ય વિજય ગિરકરની પુત્રી ક્રાનને ટિકિટ મળી નથી. ■

### કોણ કયા સંબંધીઓને મેદાનમાં ઉતારી રહ્યું છે?

**■ શિવસેના (શિંદે જૂથ)**

સાંસદ રવિન્દ્ર વાયકરની પુત્રી દીપ્તિ વાયકર, વોર્ડ ૭૩ (અંધેરી પૂર્વ) થી ચૂંટણી લડી રહી છે. રવીન્દ્ર વાયકર ચાર વખત બીએમસીના કોર્પોરેટર હતા, બાદમાં ધારાસભ્ય બન્યા અને હવે સાંસદ છે. વિધાનસભ્ય દિલીપ લાંડેના પત્ની શૈલા લાંડેને વોર્ડ નંબર ૧૬૩ થી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ભાંડુપના વિધાનસભ્ય અશોક પાટીલના પુત્ર રૂપેશ પાટીલને વોર્ડ નંબર ૧૧૩ થી ટિકિટ મળી છે. સદા સરવણકર શિંદે જૂથના વરિષ્ઠ નેતા અને ધારાસભ્યના પુત્ર સમાધાનને વોર્ડ નંબર ૧૯૪ અને પુત્રી પ્રિયાને વોર્ડ નંબર ૧૯૧માંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.■

**■ કૉંગ્રેસ**

કૉંગ્રેસમાં પણ અનેક પરિવારના સભ્યોને ટિકિટ મળી છે. અસલમ શેખ (ધારાસભ્ય, મલાડ), હૈદર શેખ (પુત્ર) - વોર્ડ ૩૪, કમર જહાં સિદ્દીકી (બહેન) - વોર્ડ ૩૩, સૈફ અહેમદ ખાન (જમાઈ) - વોર્ડ ૬૨ (અંધેરી પશ્ચિમ), આરીફ નસીમ ખાન (ભૂતપૂર્વ પ્રધાન) ના પુત્ર આમીર ખાન - વોર્ડ ૧૬૨ (કુર્લા), મોસીન હાદિરના પુત્ર સુફિયાન હાદિર- વોર્ડ ૬૫, મેહર હાદિર(પત્ની) વોર્ડ ૬૬, ચંદ્રકાંત હંડોરેની પુત્રી પ્રજ્યોતિને વોર્ડ નંબર ૧૪૦ માંથી ઉમેદવાર બનાવવામાં આવી છે. ■

**■ શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથ**

વર્તમાન ધારાસભ્ય સંજય દિના પાટિલની પુત્રી રાજુલને વોર્ડ નંબર ૧૧૪માંથી ઉમેદવાર બનાવવામાં આવી છે. સુનીલ પ્રભુના પુત્ર અંકિતને વોર્ડ નંબર ૫૪ થી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ધારાસભ્ય મનોજ જમસુતકરના પત્ની સોનમને વોર્ડ નંબર ૨૧૦ થી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ■

**■ ભાજપ**

રાહુલ નાર્વેકરના પરિવારમાં ત્રણ ટિકિટઃ મકરંદ નાર્વેકર (ભાઈ) - વોર્ડ ૨૨૬, હર્ષિતા નાર્વેકર (ભાભી) - વોર્ડ ૨૨૫, ડો. ગૌરવી શિવાલકર (પિતરાઈ) - વોર્ડ ૨૨૭, ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાના પુત્ર નીલ સોમૈયાએ પણ મુલુંડ (વોર્ડ ૧૦૭) થી ચૂંટણી જીતી ગયા છે... કારણ કે ટેકનિકલ કારણોસર વિપક્ષી ઉમેદવારનું નામાંકન રદ કરવામાં આવ્યું છે. ભાજપ નેતા પ્રવીણ દરેકરના ભાઈ પ્રકાશ દરેકરને વોર્ડ ત્રણ માંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ભાજપ મુંબઈ પ્રદેશ પ્રમુખ અમિત સાટમના સાળાને વોર્ડ ૬૮ માંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ■

# મુલુંડમાં વિપક્ષનો કોઈ ઉમેદવાર ન હોવાથી ભાજપની જીત પાક્કી?

## પણ નવ અપક્ષ ઉમેદવારનો સામનો કરવો પડશે

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ની ચૂંટણી ૧૫ જાન્યુઆરીના રોજ યોજાવાની છે. મુંબઈમાં યોજાનારી આ ચૂંટણી માટે હાલ તમામ પક્ષો જોરશોરથી તૈયારીઓ કરી રહ્યા છે. જોકે, આ તૈયારી વચ્ચે ભાજપનો એક નેતા જીતની નજીક પહોંચી ગયો છે.

આગામી સમયમાં યોજાનારી બીએમસીની ચૂંટણીમાં મુલુંડના વોર્ડ નંબર-૧૦૭ માટે ભાજપ દ્વારા કિરીટ સોમૈયાના દીકરા નીલ સોમૈયાને મેન્ડેટ આપવામાં આવ્યું છે.મુલુંડના વોર્ડ નંબર-૧૦૭ પર નીલ સોમૈયાની જીત સ્પષ્ટપણે દેખાઈ રહી છે. કારણ કે, એક તરફ જ્યાં નીલ સોમૈયાને એકનાથ શિંદેની શિવસેના તરફથી સમર્થન પ્રાપ્ત છે, ત્યાં બીજી તરફ આ બેઠક પર શિવસેના(યુબીટી), મનસે, કોંગ્રેસ કે એનસીપી સહિતના વિપક્ષે પોતાના કોઈ ઉમેદવાર જાહેર કર્યો નથી.ઉલ્લેખનીય છે કે મુંબઈમાં અગ્રણી ગણાતા વિપક્ષોએ નીલ સોમૈયા સામે ભલે પોતાનો ઉમેદવાર ઊભો રાખ્યો નથી. પરંતુ હજુ પણ એવા ૯ અપક્ષ ઉમેદવારો છે, જે વોર્ડ નંબર-૧૦૭ મુલુંડમાંથી ચૂંટણી લડી રહ્યા છે. તેથી આ ૯ અપક્ષ ઉમેદવારો સાથે નીલ સોમૈયાએ મુકાબલો કરવો પડશે. અત્રે, નોંધનીય છે કે, ૨૦૧૭માં યોજાયેલી પાલિકની ચૂંટણીમાં નીલ સોમૈયા વોર્ડ નંબર-૧૦૭ મુલુંડમાંથી પહેલીવાર ચૂંટાઈ આવ્યા હતા.



**ચૂંટણીનો ક્રેઝ...:** મુંબઈ પાલિકાની ચૂંટણીનો ક્રેઝ મુંબઈગરામાં જોવા મળી રહ્યો છે ત્યારે પાલિકા મુખ્યાલયની બહાર સેલ્ફી પોઈન્ટ ગોઠવવામાં આવ્યું છે જ્યાં નાગરિકો મતદાનની ફરજ નિભાવવા પોતે તૈયાર છે એમ જણાવતા સેલ્ફી પડાવી રહ્યા છે. (અમય ખરાડે)

# થાણેમાં ઉમેદવારી ન મળતાં શિવસેના નેતાનો જાહેર વિરોધ

થાણેઃ શહેરમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી નહીં મળવાથી થાણેના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર અને શિવસેનાના નેતા રાજેન્દ્ર સાપ્તેએ વિરોધમાં મોરચાનું આયોજન કર્યું હતું. થાણેના કળવા વિસ્તારના વોર્ડ નંબર ૨૫ પરથી સાપ્તે ચૂંટણી લડવા ઉત્સુક હતા.

જોકે, બેઠક વહેંચણીના સોદાના ભાગ રૂપે એ બેઠક ભાજપના ફાળે જતા તેમણે મોકો ગુમાવી દીધો હતો. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ ૧૫ જાન્યુઆરીએ થાણે નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ સાથે ગઠબંધન કર્યું છે. શિંદેના માર્ગદર્શક અને અવિભાજિત શિવસેનામાં અત્યંત લોકપ્રિય નેતા સ્વર્ગસ્થ આનંદ દિઘેના કટ્ટર વફાદાર, સાપ્તેએ ગુરુવારે કળવાથી દીઘેના સ્મારક સુધી વિરોધ મોરચાનું નેતૃત્વ કર્યું હતું.

શિવસેનાના સંસદ સભ્ય શ્રીકાંત શિંદેને ઊંઘતા ઝડપવાનો અને કળવા બેઠક મેળવવા માટે બ્લેકમેલ કરવાની કોશિશ કરવાનો આરોપ મૂક્યો હતો. સાપ્તે અગાઉ કળવાથી સતત ચાર ચૂંટણીમાં વિજયી થયા હતા. (પીટીઆઈ)■

# ઘર, શિક્ષણ, મુસાફરી અને આરોગ્ય સેવાને પ્રાધાન્ય

## ઠાકરેએ વચનોની પોટલી ખુલ્લી કરી

મુંબઈઃ રાજ્યમાં ૨૯ મહાનગરપાલિકાની ચૂંટણી માટે જોરશોરથી તૈયારી ચાલી રહી છે. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો શુક્રવારે છેલ્લો દિવસ હોવાથી મોટાભાગની જગ્યાઓનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. આદિત્ય ઠાકરે અને અમિત ઠાકરેએ શુક્રવારે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શિવસેના-ઠાકરે જૂથ અને મનસેના ઉમેદવારોને સંબોધિત કર્યા હતા. આદિત્ય ઠાકરેએ કહ્યું છે કે તેમના ઘણા ઉમેદવારોને ફોન પર ધમકી મળી રહી છે. મુંબઈ મરાઠી લોકોના હાથમાં રહે એ માટે અમે લડી રહ્યા છીએ એમ પણ તેમણે જણાવ્યું હતું.

આદિત્ય ઠાકરે અને અમિત ઠાકરેએ ઉમેદવારોને આ ચૂંટણીના મહત્વના મુદ્દાઓ વિશે માહિતી આપી હતી. આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે મુંબઈની જમીન ફક્ત મુંબઈના રહેવાસીઓના ઘર માટે જ છે એ મુદ્દા પર ભાર આપવાનો છે. આ જમીન ડેવલપરોના હાથમાં ન જવી જોઈએ. અમે આ જમીન પર મિલ કામદારો, બેસ્ટ કર્મચારીઓ, પોલીસ કર્મચારીઓ માટે મકાન બાંધવાની યોજના બનાવી રહ્યા છીએ. આ માટે મુંબઈ મહાનગરપાલિકા પોતાની હાઉસિંગ પોલિસી બનાવશે. એક લાખ ઘર બનાવવાની યોજના છે.

આદિત્ય ઠાકરેએ એમ પણ જણાવ્યું હતું કે અમે મુંબઈવાસીઓને સસ્તી મુસાફરી પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. ટિકિટની કિંમત ઘટાડીને ૫, ૧૦, ૧૫, ૨૦ રૂપિયા કરવામાં આવશે, બેસ્ટ કાફલામાં ૧૦ હજાર ઇલેક્ટ્રિક બસો ઉમેરી ૯૦૦ ડબલ ડેકર બસો પણ ખરીદીશું. અમે બંધ કરવામાં આવેલી જૂની રૂટ ફરીથી શરૂ કરીશું.

મુંબઈ મહાનગરપાલિકાના ઉમેદવારોને સંબોધિત કરતા આદિત્ય ઠાકરેએ એમ પણ જણાવ્યું હતું કે શહેરમાં જાહેર આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. અમે પાલિકા હોસ્પિટલોમાં જેનરિક દવા વિનામૂલ્યે આપવાની યોજના બનાવી છે. વરિષ્ઠ નાગરિકો માટે ૨૪ કલાક હેલ્થ કેર કંટ્રોલ રૂમ અને ઘર બેઠા આરોગ્ય સેવાઓ શરૂ કરીશું. પાલિકાની પોતાની કેન્સર હોસ્પિટલ હશે. પાલિકા શાળાઓમાં ધોરણ ૧૨ સુધી જુનિયર કોલેજો શરૂ કરવામાં આવશે અને તમામ માધ્યમની શાળાઓમાં 'બોલતો મરાઠી' કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. ■

# એમવીએને મોટો આંચકો પનવેલમાં સાત ઉમેદવારોની પીછેહઠ

નવી મુંબઈઃ રાજ્યમાં અનેક પાલિકા ચૂંટણીમાં ભાજપ બિનહરીફ ઉમેદવારો જીતવામાં સફળ રહી છે. કલ્યાણ - ડોંબિવલીમાં ભાજપે ખાતું ખોલ્યા પછી હવે થાણે, ભિવંડી, અહિલ્યાનગર અને હવે પનવેલ મહાપાલિકામાં પણ મોટી સંખ્યામાં ઉમેદવારો ઉભા રાખ્યા છે. પનવેલ મહાનગરપાલિકા (પીએમસી)માં મહા વિકાસ અઘાડી (એમવીએ)ને મોટો આંચકો લાગ્યો છે.

પનવેલ મહાનગરપાલિકા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે ૭ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેતા ભાજપના આઠ ઉમેદવારો સામે કોઈ પ્રતિસ્પર્ધી જ નથી. અહીંથી ભાજપના નીતિન પાટીલ સૌપ્રથમ બિનહરીફ નગરસેવક તરીકે ચૂંટાઈ આવ્યા છે.

વોર્ડ નંબર ૧૮ (બી)થી નીતિન પાટિલ ચૂંટાયા હતા. ચકાસણી પ્રક્રિયામાં શેતકરી કામગાર પક્ષના નગરસેવકનું નામાંકન નકારી કાઢવામાં આવ્યા બાદ પાટીલ બિનહરીફ ચૂંટાયા છે.

આમ ભાજપના પ્રથમ ઉમેદવારે ચૂંટણી પહેલા જ પનવેલ મહાનગરપાલિકાની ચૂંટણી જીતી લીધી હતી. ત્યારબાદ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે સાત ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લેતા આઠ બેઠક બિનહરીફ રહી હતી.

પરિણામે પનવેલ મહાનગરપાલિકામાં મહાયુતિના આઠ નગરસેવક બિનહરીફ ચૂંટાયા છે અને માત્ર ઔપચારિક જાહેરાતો બાકી છે.

શિવસેના-ઠાકરે જૂથ, શેતકરી કામગાર પક્ષ અને કોંગ્રેસે ઉમેદવારી પાછી ખેંચી લેતા ભાજપની વિજય યાત્રાનો પ્રારંભ થયો છે.

બિનહરીફ ચૂંટાયેલા ઉમેદવારો નીતિન પાટીલ, રુચિતા લોંઢે, અજય બહિરા, દર્શના ભોઈર, પ્રિયંકા કાંડપીળે, મમતા પ્રીતમ મ્હાત્રે, સ્નેહલ ઢમાલે છે. ■

# થાણેમાં ૧૧૦૭ ઉમેદવારીપત્રમાંથી ૬૪૯ ઉમેદવારોની અરજીઓ માન્ય

થાણેઃ થાણે મહાનગરપાલિકાના ૩૩ વોર્ડમાં ૧૩૧ બેઠકો પર ચૂંટણી લડવા માટે ૧૧૦૭ ઉમેદવારોએ અરજીઓ દાખલ કરી હતી. ચકાસણી પ્રક્રિયા દરમિયાન ૧૨૫ ઉમેદવારોની અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી અને ૬૪૯ ઉમેદવારોની અરજીઓ માન્ય રાખવામાં આવી હતી. આમાં યુબીટી, મનસે, અપક્ષ અને વંચિત બહુજન આઘાડીના ઉમેદવારોનો સમાવેશ થાય છે. ૨૬૯ ઉમેદવારોએ અરજી પાછી ખેંચી. થાણે મહાનગરપાલિકાની ચૂંટણી માટે ૧૧૦૭ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ વર્ષે ફોર્મ ભરવાની પ્રક્રિયા થોડી જટિલ હોવાને કારણે ઉમેદવારોની મુશ્કેલીઓ વધી ગઈ હતી. ભૂતપૂર્વ કોર્પોરેટરો સહિત ઘણા ઉમેદવારોએ અરજી ફોર્મ ભરતા પહેલા તપાસ કરી હતી કે તેમણે યોગ્ય રીતે અરજી ફોર્મ ભર્યું છે કે નહીં. જોકે, વિવિધ કારણોસર ૧૨૫ ઉમેદવારોની અરજીઓ રદ કરવામાં આવી હતી.

વાગલે એસ્ટેટ, રાબોડી, મુમ્બ્રા વિસ્તારોમાં શાસક પક્ષના ઉમેદવારોની અરજીઓમાં ભૂલો સામે વિપક્ષે વાંધો ઉઠાવ્યો હતો. જોકે, તેમની અરજીઓ માન્ય જાહેર કરવામાં આવી હતી, પરંતુ શાસક પક્ષની અરજીઓની જેમ કેટલાક વિપક્ષી ઉમેદવારોની અરજીઓમાં પણ ભૂલો હતી. જોકે, તે અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. વિપક્ષે આવો આરોપ લગાવીને ચૂંટણી વિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. ચકાસણી પ્રક્રિયા દરમિયાન ૧૨૫ ઉમેદવારોની અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. આમાં કોઈપણ પક્ષના ભૂતપૂર્વ કોર્પોરેટરો કે મોટા રાજકીય નેતાઓનો સમાવેશ થતો નથી. ■

# ભાયખલામાં ઠાકરે-પવાર યુતિને ફટકોઃ છેલ્લી ઘડીએ ઉમેદવારે અરજી પાછી ખેંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શુક્રવારે ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની રાષ્ટ્રવાદીને ભાયખલામાં મોટો ફટકો પડ્યો હતો. વોર્ડ ૨૧૧ ભાયખલામાંથી રાષ્ટ્રવાદીના ઉમેદવાર સુફિયાન અન્સારીએ કોઈને પણ જાણ નહીં કરતા ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

ઉદ્ધવની યુબીટી-મનસે અને રાષ્ટ્રવાદીમાં યુતિ થઈ છે, જેમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસના ઉમેદવારે શુક્રવારે જાણ કર્યા વગર બારોબાર ઉમેદવારી પાછી ખેંચી લેતા ખળભળાટ મચી ગયો હતો. અચાનક ઉમેદવારે આ પગલું લેતા પક્ષને મુંબઈમાં આ બીજો ફટકો પડયો છે. વોર્ડ નંબર ૨૧૧માં આખું ચિત્ર બદલાઈ ગયું છે.

યુબીટી- રાષ્ટ્રવાદી કોંગ્રેસના ઉમેદવારે અરજી પાછી ખેંચી લેતા ચૂંટણીમાં તેમના તરફથી કોઈ ઉમેદવાર નથી. તો મહાયુતિમાંથી પણ અહીં કોઈ ઉમેદવાર નથી. ભાજપના ઉમેદવારની અરજી પહેલા જ રદ થઈ ગઈ હતી અને હવે આ વોર્ડમાં ૨૦૧૭માં આ વોર્ડમાંથી નગરસેવક તરીકે ચૂંટાયેલા હાલ વિધાનસભ્ય રહેલા રઈસ શેખના આસિસ્ટન્ટ વકાર ખાન કોંગ્રેસ તરફથી ચૂંટણી લડી રહ્યા છે અને તેમની સામે સમાજવાદી પાર્ટીનો ઉમેદવાર મેદાનમાં બચ્યો છે.

શરદ પવારના રાષ્ટ્રવાદીને કારણે જોકે મુંબઈમાં બીજો ફટકો પડયો છે હવે તેમના ઉમેદવારની સંખ્યા પણ નવ પર આવી ગઈ છે. પહેલાથી મુંબઈમાં માંડ ૧૧ બેઠક પર ચૂંટણી લડનારા રાષ્ટ્રવાદી માટે આ આંકડો ચિંતાજનક બની ગયો છે.

આ ઓછું હોય તેમ વોર્ડ નંબર ૧૪૦નો (શિવાજી નગર-માનખુર્દ)વોર્ડ પણ શરદ પવારના રાષ્ટ્રવાદનેગયો હતો અને અહીંથી તેમના સત્તાવાર ઉમેદવાર સંજય કાંબળે છે પણ અહીંથી ઠાકરેની શિવસેનાના ઉમેદવારને પણ એબી ફોર્મ આપવામાં આવ્યું હતું અને તેણે પણ ફોર્મ ભર્યું હતું અને તેની અરજી પણ માન્ય રાખવામાં આવી છે. ત્યારે આ વોર્ડમાં યુતિના જ બે ઉમેદવાર ચૂંટણીમાં સામ-સામે થઈ જતા વિચિત્ર પરિસ્થિતિ નિર્માણ થઈ છે. ■

# ભારતીય ક્રિકેટરો સપ્ટેમ્બરમાં આવશે એવી બાંગ્લાદેશે જાહેરાત કરી, પણ બીસીસીઆઇ...





ઢાકાઃ ભારતીય ક્રિકેટરો આ વર્ષે સપ્ટેમ્બરમાં વન-ડે અને ટી-૨૦ સિરીઝ રમવા બાંગ્લાદેશના પ્રવાસે આવશે એવી જાહેરાત બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) તરફથી શુક્રવારે થઈ હતી, પણ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) આ ભારત-વિરોધી દેશની ટૂર પર ખેલાડીઓને મોકલશે કેમ એમાં શંકા છે. બીજી રીતે કહીએ તો બીસીસીઆઇ આ પ્રવાસ બાબતમાં સંમત થશે કે કેમ એમાં શંકા છે.

બાંગ્લાદેશમાં ભારતીય ખેલાડીઓની એ બે શ્રેણી ૨૦૨૫માં યોજાવાની હતી, પણ બાંગ્લાદેશમાં હિન્દુ પર અત્યાચાર થઈ રહ્યા હોવાથી બીસીસીઆઇએ એ સિરીઝો મોકૂફ રખાવી હતી. હવે બીસીબી દ્વારા ૨૦૨૬ના વર્ષ માટેનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે, પણ એ પણ નિરર્થક છે એવું કહી શકાય.

બીસીબીએ જાહેર કરેલા ૨૦૨૬ના ક્રિકેટ-શેડ્યૂલ અનુસાર બાંગ્લાદેશમાં પાકિસ્તાન અને ઑસ્ટ્રેલિયા ઉપરાંત ભારત સામે પણ સિરીઝો રમાશે એવું જણાવવામાં આવ્યું છે. હાલમાં મળેલી જાણકારી મુજબ બાંગ્લાદેશમાં ભારતની ત્રણ વન-ડેની અને ત્રણ ટી-૨૦ની સિરીઝ રમાવાની છે.

બીસીબીએ સમયપત્રક જાહેર કરી દીધું છે, પણ બીસીસીઆઇએ ભારત-પ્રવાસ વિશે ન તો કોઈ પુષ્ટિ આપી છે અને ન કોઈ શેડ્યૂલ જાહેર કર્યું છે. બીસીબીની જાહેરાત મુજબ ભારતીય ખેલાડીઓ ઑગસ્ટ, ૨૦૨૬ના અંતમાં બાંગ્લાદેશનો પ્રવાસ શરૂ કરશે અને પહેલી સપ્ટેમ્બરે શ્રેણીની પ્રથમ વન-ડે રમાશે. ટી-૨૦ શ્રેણીની પ્રથમ મૅચ નવમી સપ્ટેમ્બરે નિર્ધારિત છે.

બાંગ્લાદેશમાં ભારતની છેલ્લી ટેસ્ટ શ્રેણી ૨૦૨૨માં રમાઈ હતી જે ભારતે ૨-૦થી જીતી હતી, છેલ્લી વન-ડે સિરીઝ ૨૦૨૨માં રમાઈ હતી જે બાંગ્લાદેશે ૨-૧થી જીતી હતી. બાંગ્લાદેશની ધરતી પર ભારતીયો એકેય ટી-૨૦ સિરીઝ નથી રમ્યા. ■

# શું બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુરને કોલકાતાના ફ્રૅન્ચાઇઝીએ ૯.૨૦ કરોડ રૂપિયા ચૂકવવા પડશે?







નવી દિલ્હીઃ આગામી માર્ચ-મે દરમ્યાન યોજાનારી આઇપીએલમાં બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને ન રમવા મળે કે ખુદ તે ન રમે તો કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના ફ્રૅન્ચાઇઝીએ મુસ્તફિઝુરને કેટલા પૈસા ચૂકવવા પડશે? કેકેઆરને કેટલું નુકસાન થઈ શકે? એવા અને બીજા સવાલો ચર્ચાઈ રહ્યા છે.

કેકેઆરના સહ-માલિક શાહરુખ ખાનને ભારતમાં ‘ દેશદ્રોહી’ તરીકે ઓળખાવવામાં આવી રહ્યો છે. મુસ્તફિઝુરને સ્ક્વૉડમાંથી પડતો મૂકવા માટે કિંગ ખાન પર ભારે દબાણ થઈ રહ્યું છે. કેકેઆરે મુસ્તફિઝુરને તાજેતરની હરાજીમાં ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે જોરદાર હરીફાઈ વચ્ચે ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યા હોવાથી મુસ્તફિઝુરને ટીમમાંથી પડતો મૂકવા શાહરુખ અને તેના ફ્રૅન્ચાઇઝી પર પ્રેશર થઈ રહ્યું છે.

કેકેઆર પાસે મુસ્તફિઝુર ઉપરાંતના બોલર્સમાં આકાશ દીપ, વૈભવ અરોરા, હર્ષિત રાણા, કાર્તિક ત્યાગી, મથીશા પથિરાના, ઉમરાન મલિક, પ્રશાંત સોલંકી અને વરુણ ચક્રવર્તી છે.

ડેથ-ઓવર્સના સ્પેશ્યાલિસ્ટ અને અગાઉ આઇપીએલની આઠ સીઝન રમી ચૂકેલા મુસ્તફિઝુરને કેકેઆરે ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. હવે સવાલ એ છે કે મુસ્તફિઝુરને ગુમાવવાની સાથે કેકેઆરને કેટલું નુકસાન થશે? જો તેને ટીમમાંથી પડતો મૂકવામાં આવશે તો ટીમને (ફાસ્ટ બોલિંગની દૃષ્ટિએ) ખાસ કંઈ નુકસાન નહીં થાય, કારણકે તે આઇપીએલની બધી મૅચો રમવાનો જ નહોતો. કોઈ પણ ખેલાડી જેટલી મૅચ રમવા માટે ઉપલબ્ધ હોય એના જ પૈસા તેને મળતા હોય છે.

આઇપીએલના નિયમો મુજબ કોઈ પણ ફ્રૅન્ચાઇઝી કોઈ પણ ખેલાડીને કાયદેસરના (મૅચ-ફિક્સિંગ, ડ્રગ્સનું સેવન વગેરે) કારણસર પડતો મૂકી શકે. જોકે રાજકીય વિરોધનું કારણ હોય તો ખેલાડી પર બૅન મૂકી શકાય એવો નિયમ છે જ નહીં. બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી તોફાનો વધશે તો સ્વાભાવિક છે કે મુસ્તફિઝુર ભારતમાં રમવા આવવાનું પસંદ નહીં કરે અને તે નહીં આવવાનો હોય તો કેકેઆરે તેને એક પાઇ પણ ચૂકવવી નહીં પડે. ઑક્શન થયા પછી કૉન્ટ્રૅક્ટ બની ગયો હોય છે એટલે જો કેકેઆર કોઈ સંજોગોમાં મુસ્તફિઝુરને પડતો મૂકશે તો કેકેઆરે તેને પૈસા ચૂકવવા પડે. જોકે અગાઉ ઘણા કિસ્સાઓમાં આવા કૉન્ટ્રૅક્ટ અરસપરસની સંમતિથી રદ થઈ ચૂક્યા છે. ■

# મુસ્તફિઝુર મૂળ રંગપુર રાઇડર્સ ટીમનો, રંગપુરમાં હિન્દુઓની હત્યાઓ થઈ છે

મુંબઈઃ વિશ્વની સૌથી લોકપ્રિય ટી-૨૦ ટૂર્નામેન્ટ અને દર વર્ષે અસંખ્ય ક્રિકેટરોને કરોડો રૂપિયા કમાવી આપતી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ગયા વર્ષે પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશના પણ તમામ ક્રિકેટરોના પ્રવેશ પર પ્રતિબંધ હતો, પણ આ વખતે (૨૦૨૬ની સીઝનમાં) એ બૅન ન હોવાથી શાહરુખ ખાન તથા જુહી-જય મહેતાની માલિકીની કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ બાંગ્લાદેશના ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહમાનને ખરીદી લેવાનો મોકો ઝડપી લીધો, પરંતુ તેમના આ નિર્ણય સામે પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે જેનું એક કારણ એ છે કે મુસ્તફિઝુર હાલમાં પોતાના દેશમાં જે ટીમ વતી રમી રહ્યો છે એ ટીમના મુખ્ય વિસ્તાર રંગપુરમાં હિન્દુઓ પર ખૂબ અત્યાચાર થઈ રહ્યા છે.

૩૦ વર્ષનો લેફ્ટ-આર્મ પેસ બોલર મુસ્તફિઝુર હાલમાં બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (બીપીએલ)માં રંગપુર રાઇડર્સ ટીમ વતી રમે છે. આ અઠવાડિયે બીપીએલમાં રંગપુર રાઇડર્સની બે મૅચ રમાઈ જેમાંથી એકમાં એનો વિજય થયો હતો. એ મૅચમાં રંગપુરને વિજય અપાવનારાઓમાં મુસ્તફિઝુર (૧૯ રનમાં બે વિકેટ)નો પણ સમાવેશ હતો. મુસ્તફિઝુર આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ, દિલ્હી કૅપિટલ્સ, રાજસ્થાન રૉયલ્સ, સનરાઇઝર્સ હૈદરાબાદ અને ચેન્નઈ સુપર કિંગ્સ વતી પણ રમી ચૂક્યો છે.

અહીં આપણે ખાસ તો મુસ્તફિઝુરની સૌથી ફેવરિટ રંગપુર રાઇડર્સ ટીમ અને રંગપુર વિસ્તાર વિશે જાણવાનું છે. રંગપુર રાઇડર્સ મુખ્યત્વે જે વિસ્તારની છે એ રંગપુરમાં ગયા મહિને ૭૫ વર્ષના હિન્દુ રહેવાસી જોગેશ ચંદ્ર રૉય અને તેમના પત્ની સુબોર્ણા રૉયની નિર્મમ હત્યા કરાઈ હતી. એક રવિવારની સવારે પાડોશીઓએ તેમનો દરવાજો ઘણી વાર સુધી ખટખટાવ્યો, પણ અંદરથી કોઈ જવાબ ન મળતાં દંપતીના બન્ને પોલીસ-પુત્રોને બોલાવવામાં આવ્યા હતા જેમણે દરવાજો તોડતાં અંદરથી તેમનાં માતા-પિતા ગળું કપાયેલી હાલતમાં મળી આવ્યાં હતાં. રંગપુરમાં ઘણા સમયથી હિન્દુઓ પર અત્યાચાર થાય છે.

મુસ્તફિઝુર જે ટીમ (રંગપુર રાઇડર્સ)નું પ્રતિનિધિત્વ કરે છે એ ટીમની માલિકી ટૉગી સ્પોર્ટ્સ નામની કંપની પાસે છે. આ ટીમમાં રકિબુલ હસન, તૌહિદ રિદૉય, ડેવિડ મલાન, લિટન દાસ અને મહમુદુલ્લા જેવા જાણીતા ખેલાડીઓ પણ છે અને નુરુલ હસન ટીમનો સુકાની તથા મિકી આર્થર ટીમના કોચ છે. ■

# સવાલ સવા લાખનો...‘બાંગ્લાદેશી ખેલાડીઓનાં નામ આઇપીએલ ઑક્શનમાં સામેલ કરવાની છૂટ કોણે આપી?’


ઑક્શનમાં મુસ્તફિઝુરને મેળવવા દિલ્હી કૅપિટલ્સે ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમતે પ્રથમ બિડ મૂક્યું હતું. ભૂતકાળમાં તે દિલ્હી વતી રમ્યો હતો.

નવી દિલ્હીઃ અબુ ધાબીમાં તાજેતરમાં આઇપીએલની ૨૦૨૬ની સીઝન માટે હરાજીમાં ખરીદવામાં આવેલા એકમાત્ર બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહમાનને આ ઑક્શન માટેના લિસ્ટમાં કોણે અને શા માટે સામેલ કર્યો હતો એ સૌથી મોટો સવાલ અત્યારે ચર્ચામાં છે. ૨૦૨૫માં તમામ બાંગ્લાદેશી ખેલાડીઓને આઇપીએલમાં એન્ટ્રી નહોતી, પણ એ દેશમાં હિન્દુ વિરોધી દેખાવો અને અત્યાચારો અટક્યા ન હોવા છતાં શા માટે મુસ્તફિઝુરને આ વખતે રમવાની પરવાનગી મળી એની પણ ચર્ચા થઈ રહી છે.

**બાંગ્લાદેશી બોલરને મેળવવા રસાકસી થયેલી**

૧૬મી ડિસેમ્બરની હરાજીમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ પેસ બોલર મુસ્તફિઝુરને ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે અગાઉ મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, હૈદરાબાદ અને રાજસ્થાન વતી રમી ચૂક્યો છે. આ વખતના ઑક્શનમાં તેને મેળવવા દિલ્હી કૅપિટલ્સે ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમતે પ્રથમ બિડ મૂક્યું હતું. દિલ્હી અને ચેન્નઈના ફ્રૅન્ચાઇઝી વચ્ચે જોરદાર રસાકસી થઈ હતી અને ચેન્નઈએ તેને ૫.૪૦ કરોડ રૂપિયામાં મેળવવાની તૈયારી બતાવી ત્યારે કોલકાતાના ફ્રૅન્ચાઇઝીએ ૫.૬૦ કરોડ રૂપિયાના બિડ સાથે એન્ટ્રી કરી હતી. એ તબક્કે ચેન્નઈ અને કોલકાતા વચ્ચે હરીફાઈ થઈ હતી. ચેન્નઈના પ્રતિનિધિઓ ૯.૦૦ કરોડ રૂપિયાના તબક્કે અટકી ગયા બાદ કોલકાતાએ મુસ્તફિઝુરને ૯.૨૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો.

**મંજૂરી મળ્યા પછી જ...: રાજકીય નેતા**

આ વખતની આઇપીએલની હરાજીમાં બાંગ્લાદેશી ખેલાડીઓને ખરીદવામાં બીસીસીઆઇ તથા આઇસીસીની શું ભૂમિકા હતી? એવો સવાલ કૉંગ્રેસના સુપ્રિયા શ્રીનેતે ઉઠાવ્યો છે. એક જાણીતી વેબસાઇટના એએનઆઇ આધારિત અહેવાલ અનુસાર સુપ્રિયા શ્રીનેતની એવી દલીલ છે કે પહેલી વાત એ છે કે ઑક્શનના લિસ્ટમાં બાંગ્લાદેશી ખેલાડીઓને સામેલ કરવાની છૂટ આપી કોણે?

કૉંગ્રેસના સંસદસભ્ય તારિક અનવરનું એવું કહેવું છે કે ‘ સંબંધિત સત્તાધીશોની મંજૂરી પછી જ અને નિશ્ચિત પ્રક્રિયા મુજબ જ વિદેશી ખેલાડીઓની હરાજીમાં ખરીદી થતી હોય છે. ક્રિકેટ બોર્ડે પરવાનગી આપી હશે ત્યારે જ શાહરુખ ખાનની સહ-માલિકીના ફ્રૅન્ચાઇઝીએ બાંગ્લાદેશી પ્લેયર મુસ્તફિઝુર અને બીજા ખેલાડીઓને ખરીદ્યા હશે. કોઈ પણ વિદેશી ખેલાડીને ખરીદતાં પહેલાં તેના ક્રિકેટ બોર્ડની પરવાનગી પણ ફરજિયાત હોય છે. આ બધું જોતાં સૌથી પહેલાં તો એ નક્કી કરવું જોઈએ કે આવા ખેલાડીઓને આપણે ત્યાં રમવાની પરવાનગી મળશે કે નહીં?’ ■

# કપિલ દેવ ઉજ્જૈનની ગલીમાં બાળકો સાથે પ્લાસ્ટિકના બૉલથી રમ્યા!



ઉજ્જૈનઃ ભારતના ક્રિકેટ-લેજન્ડ અને ૧૯૮૩ના વિશ્વ કપ વિજેતા-સુકાની કપિલ દેવ એક અલગ અંદાઝમાં જ જોવા મળ્યા જેમાં તેઓ મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરની એક ગલીમાં કોઈ પણ પ્રકારની સુરક્ષા કે પ્રૉટોકૉલ વિના બાળકો સાથે ક્રિકેટ રમતા જોવા મળ્યા હતા.

કપિલ દેવ જૂના મિત્ર મોહનલાલ સોનીને મળવા ઉજ્જૈન પહોંચી ગયા હતા અને આ પ્રવાસ દરમ્યાન તેઓ શહેરમાં ફ્રીગંજ વિસ્તારની એક ગલીમાં બાળકો સાથે ક્રિકેટ રમવા ઊતર્યા હતા. કપિલે દેવે આગવી સ્ટાઇલમાં કેટલાક જોરદાર શૉટ માર્યા હતા. એમાંના ઘણા બાળકોને ખબર પણ નહોતી કે તેઓ ૧૯૮૩ વર્લ્ડ કપના સુપરસ્ટાર સાથે રમી રહ્યા છે.

જોકે કેટલાક બાળકોને ખબર હતી કે આ કપિલ દેવ છે એટલે તેઓ ખૂબ ઉત્સાહિત થઈને રમ્યા હતા. આસપાસમાં પસાર થતા લોકો પણ કપિલ દેવને જોઈને રોમાંચિત થઈ ગયા હતા. બાળકો સાથે ગલીમાં રમવાની તેમની સાદગી લોકોને ખૂબ પસંદ પડી હતી.

કપિલ દેવે મિત્ર મોહનલાલ સોની અને તેમના પત્ની સરલા સોનીના ઘરે આવ્યા હતા. બાળકો પ્લાસ્ટિકના બૉલથી રમી રહ્યા હતા અને કપિલ દેવ ટેનિસ તથા લેધર બૉલ સિવાય બીજા કોઈ બૉલથી અગાઉ કદાચ નહીં રમ્યા હોય, પણ ઉજ્જૈનમાં તેઓ પ્લાસ્ટિક બૉલથી રમ્યા હતા. કપિલ દેવે પછીથી બાળકો સાથે ફોટા પણ પડાવ્યા હતા અને તેમની વચ્ચે ઘણો સમય રહ્યા હતા. કપિલ દેવે પછીથી ઉજ્જૈનના સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસપી) પ્રદીપ શર્મા સાથે પણ મુલાકાત કરી હતી અને વાતચીત દરમ્યાન કપિલે ઉજ્જૈન શહેરની શાંતિ અને સુંદરતાને બિરદાવી હતી. ■

# આજે ભારતની વન-ડે ટીમનું સિલેક્શનઃ કયા બે ખેલાડીઓનાં નામ પર થઈ શકે વધુ ચર્ચા?

નવી દિલ્હીઃ વડોદરામાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી પ્રથમ વન-ડે સાથે ત્રણ મૅચની સિરીઝનો આરંભ થશે અને એ શ્રેણી માટેની ભારતીય ટીમની આજે પસંદગી કરવામાં આવશે એ માટેની મીટિંગમાં વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત તથા પેસ બોલર મોહમ્મદ સિરાજના નામ પર વધુ ચર્ચા થવાની સંભાવના છે.

વિરાટ કોહલી, રોહિત શર્મા, શુભમન ગિલ તથા યશસ્વી જયસ્વાલ સિલેક્શન માટેના નક્કી નામ ગણાય છે, જ્યારે હવે તો ઇશાન કિશને ટી-૨૦ ટીમ દ્વારા ટીમ ઇન્ડિયામાં (ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં) કમબૅક કર્યું હોવાથી તેમ જ ધ્રુવ જુરેલ પણ તીવ્ર હરીફાઈમાં હોવાથી પંતને પસંદ કરવામાં આવશે કે કેમ એમાં થોડી શંકા છે. ખરું કહીએ તો હેડ-કોચના હોદ્દે ગૌતમ ગંભીર આવ્યો ત્યાર પછી પંતને ફક્ત એક વન-ડે મૅચ રમવા મળી છે. આઠ વર્ષમાં રમેલી ૩૧ વન-ડેમાં પંતની ૩૧.૦૦ની બૅટિંગ સરેરાશ છે. તે ખાસ કરીને ખોટા શૉટ સિલેક્શનની બાબતમાં ચર્ચામાં રહ્યો છે. દેવદત્ત પડિક્કલને ટીમમાં આવવા મળે એની સંભાવના પણ ઓછી છે.

સિરાજને પસંદ નહીં કરવામાં આવવાનો હોય તો મોહમ્મદ શમીને કમબૅક કરવાનો મોકો અપાશે કે કેમ એ ચર્ચાનો વિષય છે. હાર્દિક પંડ્યા તથા જસપ્રીત બુમરાહને ટી-૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને વન-ડે શ્રેણીમાંથી આરામ આપવામાં આવશે એવી શક્યતા છે.

સરફરાઝ ખાન ડોમેસ્ટિક મૅચોમાં સારું રમી રહ્યો છે, પણ ઋતુરાજ ગાયકવાડનો ઘોડો આગળ હોય એવું લાગી રહ્યું છે. જોકે અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં પાંચ સિલેક્ટરની કમિટી કોઈ સરપ્રાઇઝ આપશે તો નવાઈ નહીં લાગે. ■

# ઑલિમ્પિક ચૅમ્પિયન આન્દ્રે દ ગ્રાસ મુંબઈ મૅરથનનો ઍમ્બેસેડર


આન્દ્રે દ ગ્રાસ

મુંબઈઃ ઑલિમ્પિક ગેમ્સના બે ગોલ્ડ મેડલ જીતી ચૂકેલા દોડવીર આન્દ્રે દ ગ્રાસને બુધવારે ટાટા મુંબઈ મૅરથનની ૨૧મી સીઝનના ઇન્ટરનૅશનલ ઇવેન્ટ ઍમ્બેસેડર તરીકે નીમવામાં આવ્યો હતો. મુંબઈ મૅરથન ૧૮મી જાન્યુઆરીએ યોજાશે.

વર્તમાન સમયના રનર્સમાં આન્દ્રે દ ગ્રાસનું નામ ખૂબ જાણીતું છે. તે વર્લ્ડ ઍથ્લેટિક્સ ગોલ્ડ લેબલ રેસ માટે પ્રેરક પણ બન્યો છે.

તે અત્યંત ઝડપી ફિનિશ માટે, માનસિક દબાણના સમયે મગજને શાંત તથા સ્થિર રાખવાના અભિગમ માટે તેમ જ વિશ્વ-સ્તરે ખેલકૂદની મોટી ઇવેન્ટમાં પોતાનો કસબ બતાવવા માટે પ્રખ્યાત છે.

૩૧ વર્ષીય આન્દ્રે દ ગ્રાસ કૅનેડાનો છે. તેની પાસે કુલ સાત ઑલિમ્પિક મેડલ છે. તેણે મુંબઈ મૅરથનના ઇવેન્ટ ઍમ્બેસેડર બનવા બદલ આનંદ અને ગૌરવ વ્યક્ત કર્યા છે. ■

# વિરાટ-અનુષ્કાની પોસ્ટ પર ચહલે કરી મસ્ત કમેન્ટ!


૨૦૨૬ના નવા વર્ષની શરૂઆત પણ પત્ની સાથે જ શરૂ કરીને એની તસવીર પણ પોસ્ટ કરી.

નવી દિલ્હીઃ ક્રિકેટ-લેજન્ડ વિરાટ કોહલી અને તેની ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા શર્માએ સોશ્યલ મીડિયામાં ફોટો શૅર કરવાની સાથે પોતાના ચાહકોને નવા કૅલેન્ડર યરની શુભકામના આપી છે, પણ યુઝવેન્દ્ર ચહલે એ પોસ્ટ પર મજાની ટિપ્પણી કરી છે જે વાઇરલ થઈ છે.

સેલિબ્રિટી કપલ વર્ષ દરમ્યાન મોટા ભાગે લંડનમાં બાળકો સાથે રહે છે. એ તેમનું સેકન્ડ-હોમ છે એમ કહીએ તો પણ ખોટું નથી. ૧૧મી જાન્યુઆરીથી ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે વન-ડે સિરીઝ શરૂ થવાની હોવાથી વિરાટ પ્રૅક્ટિસ શરૂ કરી દેવાના મૂડમાં છે, પણ એ પહેલાં તેણે અનુષ્કા સાથે મળીને ગુરુવારે ઇન્સ્ટાગ્રામ પર શૅર કરેલી તસવીરમાં ‘ મારા જીવનની રોશની સાથે ૨૦૨૬માં પ્રવેશ કરું છું’ એવા મંત્ર સાથે ચાહકોને શુભેચ્છા આપી હતી.

વિરાટે બે પોસ્ટ શૅર કરી છે. ૩૧મી ડિસેમ્બરની પોસ્ટમાં તેનો અનુષ્કા શર્મા સાથેનો પોઝ છે જેમાં વિરાટના ગાલ પર સ્પાઇડરમૅનનું ટૅટૂ છે, જ્યારે અનુષ્કાના ગાલ પર પતંગિયાનું ટૅટૂ જોવા મળે છે. બીજી તસવીર પહેલી જાન્યુઆરીની છે જેમાં દંપતી એક પાર્ટીમાં હોવાનું જોવા મળે છે. કેટલાક ચાહકો વિરાટને ગ્રીન ફૉરેસ્ટ તરીકે ઓળખાવે છે. તેઓ વિરાટની પ્રશંસા કરતા લખે છે કે તેણે ૨૦૨૫નું વર્ષ અનુષ્કા સાથે પૂરું કર્યું જેની તસવીર પોસ્ટ કરી અને ૨૦૨૬ના નવા વર્ષની શરૂઆત પણ પત્ની સાથે જ શરૂ કરીને એની તસવીર પણ પોસ્ટ કરી.

સ્પિન-સ્પેશ્યાલિસ્ટ યુઝવેન્દ્ર ચહલે ફોટો પર કમેન્ટ કરતા લખ્યું, ‘ હૅપ્પી ન્યૂ યર ભૈયા-ભાભી. ફોટો ક્લિક પર ક્રેડિટ મળી હોત તો...’ ચહલની આ કમેન્ટ પર લોકો રિપ્લાય દેવા લાગ્યા છે. કેટલાક કહે છે, ‘ આ કમેન્ટ ખૂબ બંધબેસતી છે.’ કેટલાક લોકો તેમના એ મિત્રોને ટૅગ કરી રહ્યા છે જેઓ વિરાટની જેમ ફોટો ક્લિક કરવાવાળા મિત્રોને ક્રેડિટ નથી આપતા હોતા. ■

# રવિવારથી છેલ્લી ઍશિઝ ટેસ્ટઃ ઉસ્માન ખ્વાજાએ જાહેર કરી નિવૃત્તિ


પત્ની રૅચલ અને બાળકો સાથે ઉસ્માન ખ્વાજા

સિડનીઃ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે રવિવાર, ચોથી જાન્યુઆરીથી ઍશિઝ સિરીઝની પાંચમી અને છેલ્લી ટેસ્ટ શરૂ થશે અને ઑસ્ટ્રેલિયાના ટોચના બૅટસમેનોમાં ગણાતા ઉસ્માન ખ્વાજાએ જાહેર કર્યું છે કે આ તેની અંતિમ ટેસ્ટ હશે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયર થઈ જવાની જાહેરાત કરી છે.

૩૯ વર્ષનો ખ્વાજા ૮૭ ટેસ્ટ રમ્યો છે જેમાં તેણે ૧૬ સેન્ચુરી સહિત ૬,૨૦૬ રન કર્યા છે. તેણે કહ્યું હતું કે ‘ મેં પત્ની રૅચલ સાથે આ મુદ્દે ચર્ચા કરી અને મેં તેને કહ્યું કે રિટાયર થઈ જવાનો મને આ યોગ્ય સમય લાગે છે. હું મારી શરતે નિવૃત્ત થઈ રહ્યો છું એનો મને ગર્વ છે.’ ■

# સાઉથ આફ્રિકાએ વર્લ્ડ કપની ટીમમાં ટ્રિસ્ટેન સ્ટબ્સને ન સમાવ્યો

જોહનિસબર્ગથી મળતા અહેવાલ મુજબ સાઉથ આફ્રિકાના સિલેક્ટરોએ આગામી સાતમી ફેબ્રુઆરીએ શરૂ થનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે જાહેર કરેલી ટીમમાં બૅટ્સમૅન ટ્રિસ્ટેન સ્ટબ્સને નથી સમાવ્યો. ૨૦૨૪ના વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત સામે સાઉથ આફ્રિકાનો પરાજય થયો હતો. એ વર્લ્ડ કપની ટીમના ડેવિડ મિલર સહિતના સાત ખેલાડીને જાળવી રાખવામાં આવ્યા છે. સાઉથ આફ્રિકાની ટીમઃ એઇડન માર્કરમ (કૅપ્ટન), કૉર્બિન બોશ્ચ, ડેવાલ્ડ બ્રેવિસ, ક્વિન્ટન ડિકૉક (વિકેટકીપર), ટૉની ડિ ઝોર્ઝી, ડૉનોવાન ફરેરા, માર્કો યેનસેન, જ્યોર્જ લિન્ડે, કેશવ મહારાજ, ક્વેના મફાકા, ડેવિડ મિલર, લુન્ગી ઍન્ગિડી, ઍન્રિક કોર્નિયા, કૅગિસો રબાડા અને જેસન સ્મિથ. ■

# વીક એન્ડ

ફોકસ પ્લસ
સારિમ અન્ના
feedback@bombaysamachar.com

## ૨૦૨૬માં ટી-૨૦ના બબ્બે વિશ્વ કપ જીતવાનો સુવર્ણ મોકો છે

### પુરુષોમાં વિજેતાપદનું પુનરાવર્તન કરવાનું છે અને મહિલાઓમાં વન-ડે પછી હવે પહેલી વાર ટી-૨૦ની ટ્રોફી પર પણ કબજો કરવાનો છે



રોહિત શર્માએ જિતાડેલા ટી-૨૦ વિજેતાપદની પરંપરા ફેબ્રુઆરી-માર્ચમાં સૂર્યકુમાર યાદવ ઍન્ડ કંપનીએ જાળવવાની છે.



જૂન-જુલાઈમાં ભારતની મહિલા ખેલાડીઓએ વન-ડેની જેમ ટી-૨૦માં પણ ઐતિહાસિક ટ્રોફી જીતવાની છે.

**મહિલા** વન-ડે વિશ્વ કપમાં ઐતિહાસિક વિજય હાંસલ કર્યા બાદ ભારતીય મહિલા ટીમનું ફૉકસ હવે ક્રિકેટના સૌથી ટૂંકા ફૉર્મેટ એટલે કે ટી-૨૦ તરફ છે જેમાં આગામી વિમેન્સ વર્લ્ડ કપ ૧૨મી જૂનથી ઇંગ્લૅન્ડમાં રમાવાનો છે. એમાં સફળતા હાંસલ કરવા ભારતની પ્રતિભાશાળી છોકરીઓએ અત્યારથી તૈયારી શરૂ કરી દીધી છે અને શ્રીલંકા સામેની સિરીઝમાં ૫-૦થી ક્લીન સ્વીપ કર્યા પછી હવે ભારતનું નિશાન ઑસ્ટ્રેલિયા સામેની ફેબ્રુઆરીની અને ટી-૨૦ના વિશ્વ વિજેતા ન્યૂ ઝીલૅન્ડ સામેની મે મહિનાની સિરીઝની ટ્રોફી પર છે.

યુએઇમાં રમાઈ ગયેલા પાછલા ટી-૨૦ વિશ્વ કપમાં ભારતની મહિલાઓનું પ્રદર્શન નિરાશાજનક હતું, કારણકે ભારતીય ટીમ એમાં ગ્રૂપ-સ્ટેજમાં જ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. જોકે એ બાદ ગંગામાંથી ઘણું પાણી વહી ચૂક્યું છે. ભારતે આ ફૉર્મેટની બે શ્રેણીમાં પ્રભાવિત કરી મૂકતા પર્ફોર્મન્સ સાથે કમબૅક કર્યું. પહેલાં આપણે ઘરઆંગણે વેસ્ટ ઇન્ડિઝને ૨-૧થી માત આપી હતી અને પછી પહેલી વાર ઇંગ્લૅન્ડને એની જ ધરતી પર ૩-૨થી પરાજિત કર્યું હતું. આ સફળતાઓ અને વન-ડેના વિશ્વ કપ બાદ હરમનપ્રીત કૌરના નેતૃત્વવાળી ટીમનો જુસ્સો બુલંદ દેખાઈ રહ્યો છે. એટલે જ આશા છે કે ઇંગ્લૅન્ડમાં ભારતની દીકરીઓ ટી-૨૦નો વિશ્વ કપ પણ પહેલી વાર જીતશે.

આવી જ અપેક્ષા પુરુષ ટીમ પાસે પણ છે. સાઉથ આફ્રિકા વિરુદ્ધ ટર્ન અપાવતી પિચો પર ભારતનો ટેસ્ટ-પર્ફોર્મન્સ નિરાશાજનક હતો, પરંતુ વાઇટ બૉલ ક્રિકેટમાં, ખાસ કરીને ટી-૨૦ ફૉર્મેટમાં આપણા ખેલાડીઓ સતતપણે સારું પ્રદર્શન કરી રહ્યા છે. એટલે જ આપણી નીડર ટી-૨૦ ટીમ પાસે ફરી એક વાર (૨૦૨૪ની ટૂર્નામેન્ટ પછી હવે સતત બીજો) વિશ્વ કપ ખિતાબ જીતવાની આશા છે. બે વર્ષ પહેલાં આપણે રોહિત શર્માના નેતૃત્વમાં ટી-૨૦ની ટ્રોફી જીત્યા હતા અને હવે સૂર્યકુમાર યાદવ ઍન્ડ કંપની પાસે ફેબ્રુઆરી-માર્ચમાં એવી જ અપેક્ષા છે. સાતમી ફેબ્રુઆરીથી આઠમી માર્ચ સુધી રમાનારો મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાશે જેમાં કુલ ૨૦ ટીમ ભાગ લેશે અને એમાં કુલ પંચાવન મૅચ રમાશે. ભારત ૨૦૦૭માં અને ૨૦૨૪માં ટી-૨૦નો વિશ્વ કપ જીતી ચૂક્યું છે.

જોકે આ બે ટી-૨૦ વિશ્વ કપ પહેલાં ભારતે ૧૫મી જાન્યુઆરીથી ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાનારા અન્ડર-૧૯ મેન્સ વન-ડે વર્લ્ડ કપની ટ્રોફી પર નિશાન તાકવાનું છે.

ભારતના દૃષ્ટિકોણથી વર્ષ ૨૦૨૬માં જે અન્ય મુખ્ય રમતોત્સવ યોજાવાના છે અને જેમાં ભારતીય ખેલાડીઓ તથા ઍથ્લીટોના સારા પ્રદર્શનની આશા છે એમાં સ્કૉટલૅન્ડના ગ્લાસગોમાં યોજાનારી કૉમનવેલ્થ ગેમ્સ અને જાપાનના નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સનો સમાવેશ છે. એ ઉપરાંત ક્લાસિક ચેસમાં સૌથી ઓછી ૧૯ વર્ષની ઉંમરે વિશ્વ વિજેતા બનેલા ડી. ગુકેશ પોતાનું ચૅમ્પિયનપદ ડિફેન્ડ કરવા કોઈ કસર બાકી નહીં રાખે. ચેસની ધ કૅન્ડિડેટ્સ ચૅમ્પિયનશિપમાં ખાસ કરીને ગુકેશ ઉપરાંત અર્જુન એરીગૈસી અને આર. પ્રજ્ઞાનાનંદ તેમ જ મહિલા વર્ગમાં ૧૯ વર્ષની સૌથી નાની ઉંમરની વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ તેમ જ કૉનેરુ હમ્પી અને આર. વૈશાલી (પ્રજ્ઞાનાનંદની મોટી બહેન) વિશ્વની અન્ય દિગ્ગજ ખેલાડીઓને પડકારશે.

૨૦મી એશિયન ગેમ્સ ૧૯મી સપ્ટેમ્બરથી જાપાનના નાગોયામાં રમાશે. ૧૯મી એશિયન ગેમ્સ કૉવિડની મહામારીને કારણે ૨૦૨૨ને બદલે ૨૦૨૩માં ચીનમાં યોજાઈ હતી જેમાં ભારતે ૨૮ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૦૭ ચંદ્રક જીતી લીધા હતા જે આ સ્પર્ધામાં ભારતનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું.

જેવી રીતે આપણા પહેલવાનો, મુક્કાબાજો આંતરરાષ્ટ્રીય મંચ પર સારું પ્રદર્શન કરી રહ્યા છે જેના પરથી અનુમાન કરી શકીએ કે ૨૦૨૬માં જાપાનમાં આપણે આપણો પાછલો વિક્રમ તોડી શકીશું. આ રમતોત્સવમાં ભારતે સર્ફિંગ ક્વોટા પણ હાંસલ કરી લીધો છે. એશિયન ગેમ્સ પહેલાં ભારતના ઍથ્લીટો ૨૩મી કૉમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેશે જે સ્કૉટલૅન્ડના ગ્લાસગોમાં ૨૩મી જુલાઈથી બીજી ઑગસ્ટ સુધી યોજાશે. એમાં ઍથ્લેટિક્સ, સ્વિમિંગ, જિમ્નૅસ્ટિક્સ વગેરે સહિત ૧૦ રમતોમાં ભારતીયો ભાગ લેશે. ઇંગ્લૅન્ડના બર્મિંગમમાં આયોજિત ૨૦૨૨ની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતીયો બાવીસ સુવર્ણ ચંદ્રક સહિત કુલ ૬૧ ચંદ્રક જીત્યા હતા. ગ્લાસગોમાં આનાથી પણ વધુ ચંદ્રકો મળવાની આશા છે. ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સનું યજમાન ભારત છે જે અમદાવાદમાં યોજાશે.

ભારત ૨૦૨૬માં બૅડમિન્ટનની બીડબ્લ્યૂએફ વર્લ્ડ ચૅમ્પિયનશિપ દિલ્હીમાં આયોજિત કરશે. ભારત ૨૦૦૯ પછી પહેલી જ વખત બૅડમિન્ટનની વિશ્વ સ્પર્ધાનું આયોજન કરશે. ભારત ૨૦૨૬ની પુરુષો માટેની એફઆઇએચ હૉકી વિશ્વ કપમાં પણ ભાગ લેશે. આ સ્પર્ધા ૧૪-૩૦ ઑગસ્ટ દરમ્યાન સંયુક્ત રીતે બેલ્જિયમ તથા નેધરલૅન્ડ્સમાં યોજાશે. ભારત ૨૦૨૫ની મેન્સ એશિયા કપ હૉકીમાં વિજેતા બન્યું હોવાથી આ ચૅમ્પિયનશિપ માટે આપોઆપ ક્વૉલિફાય થઈ ગયું છે.

ભારતની મહિલા ફૂટબૉલ ટીમ ૨૦૨૬માં એએફસી એશિયન કપમાં ભાગ લેશે. આ સ્પર્ધા ઑસ્ટ્રેલિયામાં ૧-૨૧ માર્ચ દરમ્યાન યોજાશે. એમાં ભારતના ગ્રૂપમાં જાપાન, વિયેટનામ તથા તાઇપેઇ છે.

૨૦૨૬ના નવા વર્ષની છે આ મુખ્ય ચૅમ્પિયનશિપ્સ જેમાં ભારતીય ખેલાડીઓ અને ઍથ્લીટો તિરંગાની શાન વધારવા હરીફાઈમાં ઊતરશે. આનો અર્થ એવો નથી કે અન્ય નાની ટૂર્નામેન્ટો કે ચૅમ્પિયનશિપનું મહત્ત્વ ઓછું છે. એમાં પણ ભારતીયો સારું પ્રદર્શન કરશે અને નવા કીર્તિમાન સ્થાપિત કરશે એવી ધારણા છે.


૨૦૨૬માં ક્રિકેટ સિવાયની વાત કરીએ તો ભારતીયોને સૌથી વધુ રસ ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં હશે. અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે ફિફા વર્લ્ડ કપ ૧૧મી જૂનથી ૧૯મી જુલાઈ સુધી યોજાશે. જોકે અફસોસની વાત એ છે કે એમાં ભારતની ટીમ નહીં હોય. ભારતીય સૉકરપ્રેમીઓએ એમાં માત્ર પ્રેક્ષક અને દર્શક જ બની રહેવું પડશે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## જાપાનીઝ ઈતિહાસ જ નહીં, માણસાઈનો પણ અનુભવ કરાવતો હિમેજી કાસલ...









**જાપાનના** સૌથી ખ્યાતનામ કિલ્લા હિમેજી પાસે જ્યારે કિલ્લાના ગાર્ડનની પરિક્રમા કરીને થાક્યાં ત્યાં અંદર જવા માટે ટિકિટ લેવાની ટિકિટ વિન્ડો આવી ગઈ. ડિઝાઈનર યુકી સાથે વાતો કરવામાં અને હિમેજીના રસ્તે મળતી વાનગીઓ ચાખવામાં ત્યાં જવાનું મુખ્ય પ્રયોજન તો અમે ભૂલી જ ગયાં. હિમેજી લોકો માત્ર તેનો કિલ્લો જોવા જ જાય છે. સફેદ કિલ્લાની સ્પષ્ટ ડિઝાઈન, તેની માવજત, તેના છેડા પર જડેલાં શિલ્પો, બધું જોઈને લાગતું હતું કે અહીં અંદર જવાની પણ એટલી જ મજા આવશે.

દૂર ટ્રેન સ્ટેશન પાસેથી કિલ્લો કોઈ ટેકરી પર હોય તેવું લાગતું હતું. પાસે પહોંચ્યા પછી ખાતરી થઈ ગઈ કે તેને ટેકરી નહીં અઢળક લેયર પર બનાવવામાં આવ્યો છે. તેનું મુખ્ય સ્વરૂપ ઘણા માળ પછી શરૂ થાય છે. ટિકિટ બારી પર અમે અંગ્રેજી ગાઈડેડ ટૂરનો સમય પૂછવા ગયાં તો ખબર પડી કે હવે પછીની અંગ્રેજી ગ્રુપ ટૂર છેક સાંજે હતી. અમે પાંચ-છ કલાક તો ત્યાં રહેવાનાં ન હતાં. એવામાં થોડી વાર માટે તો આસપાસમાં જાતે જ નજર નાખી અંદરનો માહોલ જોઈને કલાકમાં પાછાં ફરી જઈશું એમ વિચારેલું, પણ કુદરતને અને હિમેજીને કંઈક ઓર જ મંજૂર હશે. ટિકિટ બારી પર બેઠેલાં ભલા બહેને એન્ટ્રન્સના દરવાજાની અંદર ઊભા રહેલા એક કાકા તરફ આંગળી ચીંધી કહ્યું, એ તમારી મદદ કરશે.

સમય આવી ગયો હતો જાપાનના પ્રાઇવેટ ગાઈડની એફિશિયન્સી તપાસવાનો. અમે આ વિષય પર ઘણું વાંચેલું અને વાતો પણ સાંભળેલી કે જાપાનમાં રિટાયર્ડ લોકો આ પ્રકારના કામમાં લાગી જતાં હોય છે. ક્યાંક ગાઇડ તરીકે વોલિન્ટિયર કરે તો ક્યાંક કોઈ પણ પ્રકારનું કામ કરી આપવા માટે કલાક દીઠ ચાર્જ લઈને પોતાની જાતને શક્ય હોય ત્યાં સુધી સમાજના એક્ટિવ મેમ્બર બનાવી રાખવા પ્રયત્નશીલ રહે. જાપાનની ઘણી એવી વેબસાઇટ્સ છે જ્યાંથી આ પ્રકારની સેવા પહેલેથી જ બુક કરાવી શકાય. અને બાકી અમને મળી ગયા તેમ વોલિન્ટિયર ગાઈડ તો ઠેર ઠેર મળી જ જતા હોય છે. અમને મળેલા અડાચી-સાન બાજુમાં જ કોફે શહેરમાં રહે છે અને ત્યાં જ સ્કૂલમાં હિસ્ટ્રી શિક્ષક તરીકે રિટાયર થયા છે. હવે તેઓ સમય મળે ત્યારે હિમેજી કાસલ પર પ્રાઇવેટ ગાઈડ બનીને સેવા આપે છે. તે દિવસે તો કુદરતે ખાસ તેમને અમારા માટે જ મોકલેલા. સાંજે તેમને કોઈ મિત્રની ફેરવેલ પાર્ટીમાં પાછું કોબે જવાનું હતું. તેઓ બપોરે જમીને માત્ર એકાદ-બે મુલાકાતીઓને મળી શકે તે ઇચ્છાથી ટ્રેન લઈને જ કોબેથી હિમેજી આવેલાં.

અડાચી-સાન જાણે વર્ષોથી અમને ઓળખતા હોય અને સીધા અમારા દાદાજી હોય એવી રીતે વાર્તાઓ કરવામાં પડી ગયા. જાપાનીઝ કલ્ચરની ઘણી ખાસિયતો છે, પણ ત્યાંનાં લોકો તેમનું દરેક કામ પૂરી નિષ્ઠાથી કરે છે તે અમે ઘણું નજીકથી જોઈ રહ્યાં હતાં. તેમણે કિલ્લાના દરેક ખૂણે અમને ફેરવ્યાં, ઘણા જાપાનીઝ અક્ષરોના અર્થ પણ સમજાવ્યા. અને એડો રાજાઓની પેઢીઓમાં ક્યારે કોણ ક્યાં રહેતું હતું, કઈ લડાઈ પછી કયો કિલ્લાનો ભાગ બંધાવવામાં આવ્યો, કઈ રાણીનો રિજન પર ઘેરો પ્રભાવ રહ્યો છે, બધું એક પછી એક અમારી સામે આ પૌરાણિક બાંધકામને જીવંત બનાવતું ગયું. અમે તેમને જે પણ પ્રશ્ન પૂછતાં તેનો ધીરજથી જવાબ મળતો. દરેક વ્યૂ પોઈન્ટ પર ફોટા પણ પાડી આપતા. બસ, તેઓ પોતે ફોટામાં આવવાનું પસંદ ન કરતા. તેમણે જ અમને જાપાનીઝ શ્રાઇન પાસે સાચી રીતે પ્રાર્થના કરતાં પણ શીખવ્યું. તેમણે હિમેજીને કઈ રીતે છેલ્લાં પચાસ વર્ષોમાં બદલાતાં જોયું છે તે પણ વાત કરી.

એટલું પૂરતું ન હોય તેમ તેમણે અહીંની ખ્યાતનામ ભૂતકથાઓ પણ કિલ્લાના ઇતિહાસ સાથે વણી લીધી હતી. આમ પણ જાપાનને ભૂતકથાઓ અને સુપરનેચરલ, ફેન્ટસી વાર્તાઓનો ચસ્કો છે જ. આ પહેલાં માન્ગા મ્યુઝિયમથી માંડીને કાવાગુચિકોના પહાડો સાથે જોડાયેલી લોકવાયકાઓમાં ઘણી વાર જાણવા મળી ચૂક્યું હતું. હવે આ પૌરાણિક કિલ્લામાં થોડા રૂમ તો હોન્ટેડ હોય તે જરાય નવાઈની વાત ન હોઈ શકે. એડો સમયગાળા દરમ્યાન ત્યાંની માનીતી પ્રિન્સેસનું અણધારી કતલ થઈ ગઇ હતી. સ્વાભાવિક છે, તેના મોતના પડઘા હજી પણ વાર્તાઓમાં સંભળાયા કરે છે.

મજાની વાત છે, તેઓ કદી ભારત નથી આવ્યા અને અહીંનાં લોકોને માત્ર ત્યાં હિમેજી આવતાં મુલાકાતીઓ મારફતે જ ઓળખે છે. તેઓ જર્મની જઈ ચૂક્યાં છે. અમારી બંને હોમ કંટ્રી માટે તેમને ઘણું માન હોય તેવું લાગ્યું. વળી તેઓ માથા તરફ ઇશારો કરીને કહે, તેમને ભારતનાં લોકો હંમેશાં ઇન્ટેલિજન્ટ લાગે છે. તેમની સાથે કિલ્લામાં ત્રણેક કલાક તો ક્યાંય વીતી ગયા. આ કિલ્લાએ તો અડાચી-સાન કરતાં પણ વધુ જમાના જોયેલા. ગઈ સદીનાં બંને વિશ્વયુદ્ધ દરમ્યાન પણ આ કિલ્લો સાબૂત બચી ગયો હતો. તેને જાપાનમાં આવેલા ભૂકંપ પણ ખાસ નુકસાન પહોંચાડી શક્યા નથી. એક રીતે જોવા જાઓ તો છેક ૧૭મી સદીથી આ કિલ્લાનું કોઈ કશું બગાડી શક્યું નથી. ઉપરથી તે એક જ એક્સટેન્ડેડ બિલ્ડિંગ હોય તેવું લાગતું હતું, પણ નજીકથી અને અંદરથી ખબર પડતી હતી કે આ ૮૭ નાની મોટી ઇમારતો અને માળનું એવું લેયરિંગ છે કે કોઈ સફેદ કેક જ હોય તેવું લાગતું હતું.

અડાચી-સાન પાસેથી જેટલું જાણવા મળ્યું હતું તેના પરથી ઘણા નિબંધો લખી શકાય, પણ તેમનાથી છૂટાં પડતી વખતે જે બન્યું તે વધુ યાદ રહી ગયું છે. તેમણે ત્રણ કલાક અમારી સાથે વિતાવ્યા, અમને આ વિસ્તાર, આ કિલ્લો, તેના ઇતિહાસ અને તેના મહત્ત્વનાં જાણકાર બનાવ્યાં. જ્યારે અંતે તેમને અમે તેમના કામ માટે પે કરવાનું પૂછ્યું તો તેમણે સાવ ના પાડી. અમે આ બાબતે પૂરતું રિસર્ચ કરેલું. તેમના ત્રણ કલાક અને તેમના જ્ઞાનને માન આપવા માટે અમે તેમને કમસેકમ આટલું વેતન ચૂકવવા માગીએ છીએ એ રિક્વેસ્ટ કરીને તેમને અમે જાપાનીઝ યેન બંને હાથે પ્રેઝન્ટ કર્યા. ઘણી આનાકાની પછી તેમણે આખરે પૈસા સ્વીકાર્યા. દુનિયાભરમાં વોલિન્ટિયર ગાઇડ્સને કલાકના વીસ યુરો પણ ઓછા પડતા હોય તેવું મોઢું ચઢાવતાં જોયાં છે. જાપાનનો આવો પણ અનુભવ થશે તે સાંભળેલું, હવે જોઈ પણ લીધું. તે અનુભવ કિલ્લા જેટલો જ મહત્ત્વનો લાગતો હતો. ■

# દગો



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

કસમયે અણધાર્યા ટપકી પડતા મહેમાનની જેમ કમોસમી વરસાદ ઓચિંતો વરસવાનો શરૂ થઇ ગયો. શિયાળાના દિવસો હતા. હજુ સવારે દસ વાગ્યા સુધી તો આકાશ એકદમ સ્વચ્છ હતું. વરસાદનો અણસાર સુધ્ધાં નહોતો. અને સાડા દસ સુધીમાં તો મેઘલી અંધારી રાત જેવું વાતાવરણ થઇ ગયું. આભ ગોરંભે ચડ્યું. વીજળીના કડાકાભડાકા, વાદળોનો ગડગડાટ ને ગર્જના. સૂસવાટા મારતો પવન અને પછી મૂશળધાર માવઠું. બિનમોસમ વરસાદ. જાણે ભરશિયાળે ચોમાસું બેઠું. વરસાદનું જોર એટલું વધી ગયેલું કે થોડી જ વારમાં પાણી ભરાવાનું શરૂ થઇ ગયું. પૂરઝડપે ફૂંકાતા પવનથી વૃક્ષો ધરાશાયી થવાં લાગ્યાં. કામે જવા નીકળેલા લોકો પલળી ગયાં. વરસાદથી બચવા જ્યાંત્યાં છાપરી હેઠળ, કોઈ દુકાનના છજા હેઠળ કે જે જગ્યા મળી ત્યાં ઊભા રહી ગયા. માવઠું થોડી વારમાં બંધ થઇ જાય એની રાહ જોતાં. પણ ધરતી સાથે કોણ જાણે કેવી પરમ પ્રીત થઇ ગયેલી કે વરસાદ બંધ થવાનું નામ જ નહોતો લેતો!

ઇન્સ્પેક્ટર કરણ બક્ષી અને જયરાજ જાડેજા ખુલ્લી જીપમાં નીકળેલા. એથી એ બંને પણ પલળ્યા. પોલીસ સ્ટેશન હજુ દૂર હતું. રસ્તામાં પાણી ભરાયેલાં. બીજાઓની જેમ એમને પણ ક્યાંક રોકાઈ જવામાં જ ડહાપણ ને શાણપણ લાગ્યું. નજીકમાં જ એક ચા વાળાની છાપરી દેખાઈ. બંનેને એ ઠેકાણું સલામત જણાયું. છાપરી હેઠળ જીપ ઊભી રાખી. બહાર નીકળીને વસ્ત્રો અને વાળ ઝાટક્યાં. ખાસ્સી વાર થઇ ગઈ. જનજીવન થંભી ગયું, પણ, જીદે ચડેલા બાળકની જેમ વરસાદ થંભ્યો નહીં. પવનનું જોર ઓછું થઇ ગયું, પણ વરસાદ વરસતો જ રહ્યો. જાણે પ્રકૃતિ કહી રહી હતીઃ તમે માણસો તો કઠપૂતળી છો મારા હાથની... સઘળા સંસારનો દોરીસંચાર મારા જ હાથમાં છે. હું જ વિકાસ છું અને વિનાશ પણ હું જ છું. હું જ સર્જન છું અને વિસર્જન પણ હું જ છું. હું જ શાંત છું અને રૌદ્ર પણ હું જ છું!

અત્યારે કુદરત વરસાદના સ્વરૂપમાં રૌદ્ર રૂપ વરસાવી રહી હતી. શિવજીનું તાંડવ જાણે! કુદરતનો કરિશ્મા જોઇને અચંબિત કરણ કહેવા લાગ્યોઃ ‘આ તો ભારે થઇ. બે કલાક જેવું થઇ ગયું તોય માવઠું અટકવાનું નામ જ નથી લેતું...’

‘હા, સર...’ જયરાજે ટાપસી પૂરીઃ ‘શિયાળામાં આવો વરસાદ. બહુ કહેવાય!’

આ સંવાદ આગળ ચાલે એટલામાં વરસાદ અચાનક બંધ. કોઈ જુઠો માણસ બોલીને ફરી જાય એમ વરસાદ જાણે આવ્યો જ નહોતો એવો અલોપ થઇ ગયો. આસમાન એકદમ સ્વચ્છ થઇ ગયું. ઉઘાડ નીકળી આવ્યો. તડકો નીકળ્યો. કુદરતની આ લીલા નિહાળતાં કરણ અને જયરાજ જીપમાં બેઠા. બપોરના બે વાગી ગયેલા.

બંને સીધા પોલીસ સ્ટેશને. પોણા ત્રણે પહોંચ્યા. થોડા કોરા થયા. આદુ નાખેલી મસાલેદાર ચા પીધી. પ્યાલો પૂરો કર્યો. કરણ ચા પૂરી કરે એની જાણે પ્રતીક્ષામાં હોય એમ ટ્રીન...ટ્રીન ...ટેલિફોન રણક્યો. બીજી ઘંટડીએ કરણે ફોન ઉપાડી લીધો. ભૂંગળામાંથી ગભરાયેલો અવાજ સંભળાયોઃ ‘ઇન્સ્પેક્ટર સાહેબ, હું કલ્યાણ કોર્પોરેશનમાંથી બોલું છું. જલ્દી આવો. લૂંટ થઇ છે.!’

કરણ અને જયરાજ જીપમાં સવાર થઈને ઉપડ્યા. રસ્તામાં જયરાજ કહેઃ ‘આ કલ્યાણ કોર્પોરેશન તો પેલા લોકોની જ છે ને જેમણે...’

‘હા, એ જ..હમણાં જ એમણે નગરની બહાર એક રિસોર્ટ બનાવ્યું છે...’ જયરાજનું વાક્ય પૂરું કરતાં કરણે કહ્યુંઃ એમના વિશે વારતહેવારે સમાચારો પ્રકાશિત થયા કરે છે. કલ્યાણ બંગલોની સોસાયટી પણ એમની જ છે. બાવીસ બંગલા છે એવું સાંભળ્યું છે. ઘણાબધા ઉદ્યોગો સાથે એમનું નામ જોડાયેલું છે. કર્મચારીઓ પણ હજારેક જેટલા તો ખરા જ.

‘હં, એમને ત્યાં લૂંટ થઇ એ બહુ કહેવાય!’ જયરાજે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

કલ્યાણ કોર્પોરેશનના ચેરમેન કલ્યાણજી કામાણી સરળ વ્યક્તિ છે. મારે એકાદ વાર કોઈ કાર્યક્રમમાં મળવાનું થયું છે

‘એમને...’ કરણે યાદ કરતાં કહ્યુંઃ ‘મારે અલપઝલપ વાત થયેલી. આમ તો માયાળુ લાગ્યા. દયાળુ પણ હશે જ. એમને કોણે લૂંટી લીધા હશે! ખેર, જઈએ એટલે ખબર પડી જ જશે!’

વાતવાતમાં કલ્યાણ કોર્પોરેશન આવી ગયું. પાંચ માળની ભવ્ય ઈમારત હતી એ. રાખોડી રંગના પથ્થરની બનેલી. ઈમારતમાં બંને પ્રવેશ્યા. સામે જ વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિ. ડાબી બાજુ રિસેપ્શન. ત્યાં બેઠેલી ચારુ ચિબાવલી જેવી દેખાતી હતી. ચા કરતાં કીટલી ગરમ જેવી કહેવત આવા કોક નમૂનાને જોઇને જ અવતરી હશે. પણ જયરાજ ગણગણતો હોય એમ બોલ્યોઃ ‘કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં!’ સામાન્ય સંજોગોમાં મુલાકાતીઓએ ચારુના ચાબુક જેવા સવાલોનો સામનો કરવો પડતો, પણ સ્વયં કલ્યાણજી કામાણીએ પોલીસ બોલાવેલી અને બંને ઇન્સ્પેક્ટરનું વ્યક્તિત્વ રુઆબદાર હતું. એટલે ચારુએ ઊભા થઈને એમને પાંચમા માળે જવા કહ્યું. બંને લિફ્ટમાં સડસડાટ પાંચમા માળે ગયા.

પાંચમા માળની લોબીમાં પહોંચ્યા. ડાબી બાજુ કર્મચારીઓ બેસતા. જમણી બાજુ મેનેજમેન્ટ એરિયા. બંને જમણી બાજુ વળે એટલામાં કલ્યાણજી કામાણી સામે આવ્યા. સફેદ ધોતિયું અને સફેદ કફની પહેરેલી. સાઠેક વર્ષની ઉંમર હશે. સપ્રમાણ શરીર સચવાઈ રહેલું. માથાની વચ્ચોવચ નાની વાટકી જેટલા વિસ્તારમાં ટાલ ચમકતી હતી. એની આસપાસના વાળ ધોળા થઇ ગયેલા. ભ્રમરો અને મૂછો પણ ધોળી થઇ ગયેલી. ચહેરા પર કરચલીઓ. આંખમાં ચિંતા.

‘ઇન્સ્પેક્ટર, હું તમારી જ રાહ જોતો હતો.’ કહીને કલ્યાણજી બંનેને પોતાની ચેમ્બર ભણી લઇ ગયા. કલ્યાણજીના મોભાના પ્રમાણમાં એમની વિશાળ ચેમ્બરમાં સાદગી હતી. સામે વિશાળ મેજ. ત્રણ ટેલિફોન. લાલ, કાળો અને બદામી. એક બાજુ કલ્યાણજીની રિવોલ્વિંગ ચેર. બીજી બાજુ મુલાકાતીઓ બેસી શકે એવી ચાર ખુરસી. એક દીવાલને અઢેલીને સોફો. સામે ટીપોય. બસ. કરણ અને જયરાજ મુલાકાતીઓની ખુરસીમાં ગોઠવાયા. કલ્યાણજીએ ઇન્ટરકોમ પર ફોન કરીને મેનેજર કબીર અને એકાઉન્ટન્ટ અબીરને બોલાવી લીધાં. બંને જુવાન આવ્યા. સ્વચ્છ, સુઘડ ને ઈસ્ત્રીબંધ વસ્ત્રોમાં સજ્જ હતા બંને. એમની સામે જોઇને કલ્યાણજીએ વાતનો આરંભ કર્યોઃ

‘ઇન્સ્પેક્ટર, મારે તો આજે ખરી મોંકાણ થઇ. કોઈ દિવસ નહીં ને આજે જ...’ કહેતાં કલ્યાણજીએ માથા પરનો પરસેવો લૂછ્યો. વળી કહેવા લાગ્યાઃ ‘અમારા ઘણા વ્યવસાયો છે. એમાં જરૂર પ્રમાણે અમે રોકડ અથવા તો ચેક અથવા તો ડિજિટલ પેમેન્ટ કરીએ છીએ. પણ આજે એક પ્રસંગ માટે મારે રોકડા દસ લાખ રૂપિયાની જરૂર પડી. આજે રૂપિયા બેંકમાંથી ઉપાડવા જ પડે એમ હતું.’

કરણને ખ્યાલ આવી ગયો કે ખરી કથા તો હવે શરૂ થાય છે. એ ધીરજથી સાંભળી રહ્યો. કલ્યાણજી કહી રહ્યા હતાઃ ‘મારા મેનેજર કબીર અને એકાઉન્ટન્ટ અબીરને મેં રૂપિયા કઢાવવાનું કામ સોંપ્યું. બેય મારા અતિવિશ્વાસુ માણસ છે. બંને સવારના દસ વાગ્યે જ અમારી કોર્પોરેશનની ગાડી લઈને બેંક જવા ઊપડી ગયા.’ કહીને કલ્યાણજીએ મેનેજર તરફ જોયું. અને કહ્યુંઃ ‘હવે તું કહે શું થયું તે...’

કરણે કબીર સામું જોયું. એની ચૂંચી આંખ અંદર ઊતરી ગયેલી. એક ઊંડો શ્વાસ લઈને એ કહેવા લાગ્યોઃ ‘સાહેબ, અમે બંને ગાડીમાં બેસીને બેંક ગયા. સાડા દસ પહેલાં તો બેંકમાં પહોંચી ગયેલા. ખબર નહીં કેમ પણ આજે બેંકમાં ભીડ બહુ હતી. કેશ કાઉન્ટર પર લાંબી લાઈન હતી. અમે ટોકન લીધું. અમારો નંબર આવે એની રાહ જોવા લાગ્યા. ખાસ્સો કલાક થઇ ગયો વારો આવતાં...’

‘હા સાહેબ, કલાકેક તો થયો જ હશે...’ અબીરે ચૂલાની સાક્ષી ભૂંગળીની જેમ સૂર પુરાવતાં કહ્યુંઃ ‘અમે દસ લાખ રૂપિયા લઈને બ્રીફકેસમાં મૂક્યા અને બહાર નીકળીને સીધા જ ગાડી મારી મૂકી, પણ...’

‘પણ સાહેબ...’ કહેતાં કબીરે ઠૂઠવો મૂક્યોઃ ‘અમે હજુ તો અડધે માંડ પહોંચેલાં. ગાડી હું હલાવતો હતો. પાસે જોખમ હતું. એટલે ઉતાવળે ગાડી હાંકતા હતા. એવામાં એક સૂમસામ ઠેકાણે મારી જમણી બાજુએ બે યુવાન જોયા. મોટરસાઈકલ પર સવાર. ગાડીની લગોલગ મોટરસાઈકલ હંકારતા હતા એ. કદાચ કોઈ સરનામું પૂછી રહ્યા હતા. મેં ગાડી થોડી ધીમી પાડી. એટલે આગળ બેઠેલાએ સ્ફૂર્તિથી ચમકતી છૂરી કાઢી અને મારા પડખે દબાવી. હું તો એવો ગભરાયો. પણ છરીની ધાર જોઇને મારી બોલતી બંધ થઇ ગઈ. છતાં મેં પ્રતિકાર કરવાનો પ્રયત્ન કર્યો. ત્યાં તો પાછળ બેઠેલા બદમાશે રૂપિયાની બ્રીફકેસ ગાડીમાંથી કાઢી લીધી. અને એમણે મોટરસાઈકલ પૂરપાટ વેગે ભગાવી મૂકી. અમે હાથ ઘસતા રહી ગયા.’

‘મેં તો પેલા છૂરીવાળા લફંગાનો ચહેરો પણ બરાબર યાદ રાખ્યો છે.’ કહીને અબીર કલ્પનામાં પેલા બદમાશને જોઈ રહ્યો હોય એમ પોતાના ચીબા નાક પર આંગળી મૂકીને લૂંટારાનું વર્ણન કરવા લાગ્યોઃ ‘એનો ચહેરો ન ગોળ, ન લંબગોળ, પણ ચોરસ આકારનો હતો. નાક થોડું ચપટું. ગાલ ફૂલેલા ફુગ્ગા જેવા. બહાર નીકળી આવેલા. હોઠ જાડા. વાળ પાંખા. આંખો મોટી. બિહામણી કહી શકાય એવી. સીસમ જેવો વાન. ડાબા લમણે અઢી ઈંચનું જખમનું નિશાન!’ કહીને અબીર પોતાની ચતુરાઈ પર ખુશ થતો બોલ્યોઃ ‘ઇન્સ્પેક્ટર સાહેબ, પાછળવાળાને તો હું બરાબર જોઈ શક્યો નહીં, પણ આગળ બેઠેલો તો મોઢા પરથી જ ડામીસ લાગતો હતો. એટલે જ મેં એનો ચહેરો ધારીધારીને જોઈ લીધો. મેં એનું જે વર્ણન કર્યું એના આધારે એ પકડાઈ તો જશે ને?’

‘વર્ણન સાચું હોય તો લૂંટારા જરૂર પકડાઈ જાય, અબીર...’ કહીને કરણે બે ઘડી વાણીને વિશ્રામ આપ્યો. પછી પ્રત્યેક શબ્દ પર ભાર મૂકીને કહ્યુંઃ ‘પણ અફસોસ...તમે કરેલું વર્ણન સાચું નથી! સાચું નથી એટલું જ નહીં, ઉપજાવી કાઢેલું પણ છે!’

એ સાંભળીને કલ્યાણજી કામાણી ચોંક્યાઃ ‘આ શું કહો છો, ઇન્સ્પેક્ટર? તમે એમ કહો છો કે આ બંને ખોટું બોલે છે!’

‘ખોટું જ નહીં... હળાહળ ખોટું.!’ કરણ ટાઢાબોળ સ્વરમાં ઠાવકાઈથી કહી રહ્યો.

‘ઇન્સ્પેક્ટર, આ માત્ર તમારું અનુમાન છે કે એનો કોઈ આધાર પણ છે?’ કલ્યાણજી કામાણીએ અસ્સલ વેપારીની અદાથી પ્રશ્ન કર્યો. અબીર અને કબીરની આંખમાં પણ પ્રશ્નનો પડઘો વંચાયો.

‘પહેલાં તો મારું અનુમાન જ હતું, પણ અબીર-કબીરનું નિવેદન સાંભળીને મને આધાર મળી ગયો છે...’ કહી કરણે શબ્દોની સોટી વીંઝીઃ

‘મારો પહેલો આધાર એ છે કે, આજે સવારે સાડા દસથી ધોધમાર વરસાદ થયેલો. છેક બે વાગ્યે વરસાદ બંધ થયો. અબીર-કબીર તો સવારના બેંકમાં હતા. બેંકમાંથી રૂપિયા લઈને બાર વાગ્યે નીકળ્યા હોય તો, ત્યારે પણ વરસાદ તો ગાજવીજ સાથે વરસી જ રહ્યો હતો. એવામાં જો કોઈ વાહન હંકારતું હોય તો ગાડીના કાચ ચડાવેલા જ રાખવા પડે. કાચ નીચે ઉતારીને ગાડી ચલાવવી સંભવ જ નહોતું. ચલાવે તો પૂરેપૂરો પલળી જાય. કબીરે પણ કાચ ચડાવેલા જ હોય. તો પછી કોઈ લૂંટારો કબીરને જમણે પડખે છરી કઈ રીતે દબાવે? બીજો આધાર એ કે, બારે મેઘ ખાંગા થયા હોય ત્યારે કોઈ લૂંટ કરવા નીકળે જ નહીં. બે હાથ દૂરનું ય ન દેખાતું હોય એવા વરસાદમાં કોઈ મૂર્ખ જ લૂંટ કરવા નીકળે. વળી, લૂંટારાને જોઇને માણસ ગભરાઈ જાય. અથવા તો એનો સામનો કરે. એનો ચહેરો જોવામાં સમય ન બગાડે. એવામાં અબીરે એનો ચહેરો ટીકીટીકીને કઈ રીતે જોયો? અને ત્રીજો આધાર, લૂંટારાને કેવી રીતે ખબર પડી કે બ્રીફકેસ પાછલી બેઠક પર પડી છે? તમે જ સમજાવો અબીર અને કબીર!’

બંનેનો ચહેરો ઊતરેલી કઢી જેવો થઇ ગયો. એમણે ગુનો કબૂલી લીધોઃ ‘શેઠે રોકડા રૂપિયા બેંકમાંથી કઢાવવાનું કહ્યું ત્યારે જ અમારી દાઢ સળકેલી. અમે લૂંટનું બહાનું ઉપજાવી કાઢીને રૂપિયા લૂંટવાની યોજના બનાવી. પણ આ વરસાદે અમારી યોજના પર પાણી ફેરવી દીધું.’ કલ્યાણજી કામાણી આંખેથી અંગારા વરસાવતાં બંને દગાખોરને જોઈ રહ્યા.

અબીર અને કબીરે હાથકડી પહેરવા હાથ લંબાવ્યા. બીજું શું કરે? એમની ચોરી પકડાઈ ગઈ હતી! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.



### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પઠડી | વાદ્ય |
| પઠન | આવ્હાન |
| પડકાર | બકરી |
| પડગી | વાંચન |
| પડઘમ | વાસણની બેસણી |

### જાણવા જેવું

પહાડી પ્રદેશોના ઢોળાવોમાં વહેતાં ઝરણાં અને નદીઓની કક્ષા બાલ્યાવસ્થા કહેવાય છે. જળપ્રવાહનો વેગ અહીં વધુ હોય છે, પરિણામે ઘસારો વધુ થયા કરે છે, ટેકરીઓ ઊભી દીવાલોના સ્વરૂપમાં ખોતરાતી જઈને કોતરો અને મહાકોતરો રચે છે.જેમ કે યુ.એસ.માં કોલોરાડો નદીએ કોતરેલું ગ્રાન્ડ કેન્યોન. સિંધુ નદીએ પણ હિમાલયમાં આવાં જ કોતરો તૈયાર કર્યાં છે.

### ગુજરાત મોરી મોરી રે

દોઢ વર્ષમાં ૩૦૦ શો કરનારા કોમેડી નાટક ‘અમે લઈ ગયા તમે રહી ગયા’માં કયો અભિનેતા વિવિધ પાત્રમાં જોવા મળ્યો હતો?

અ) પરેશ રાવલ
બ) શર્મન જોશી
ક) સિદ્ધાર્થ રાંદેરિયા
ડ) ટીકુ તલસાણીયા

### નોંધી રાખો

ખુશીને નાનકડી વાતે દુઃખ બની જતાં વાર નથી લાગતી, પણ વ્યથા શા માટે આ જ નિયમ અપનાવી ખુશીમાં નથી ફેરવાતી?

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | ૬ | |
| | ■ | ૭ | | | ૮ | ■ | ૯ | | ■ |
| ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | ૨૨ | ■ | ■ | ૨૩ | | ■ | ૨૪ | |
| ■ | ■ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | | |
| ૨૭ | ૨૮ | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | ■ |
| ■ | ૩૧ | | ■ | ૩૨ | | | | ■ | ૩૩ |
| ૩૪ | | | | ■ | ■ | ૩૫ | | | |

#### આડી ચાવી

૧. શણગારેલું (૪)
૪. વ્યય, બગાડ (૪)
૭. ચડતું ઉતરતું (૪)
૯. ધીરજના --- મીઠાં (૨)
૧૦. પ્રાચીન, લૌકીક (૩)
૧૧. સતત વરસાદ (૨)
૧૨. ત્રાજવું (૨)
૧૩. પ્રધાન, મંત્રી (૩)
૧૪. લગામ (૨)
૧૬. કીમતી પથ્થર, રત્ન (૨)
૧૭. અમૃત (૨)
૧૮. મોટું (૩)
૨૧. બનાવટી (૩)
૨૩. કુટિર, ઝૂંપડી (૨)
૨૪. સુખ (૨)
૨૫. ચામડું (૨)
૨૬. --- કરવું=પાછું આપવું (૩)
૨૭. --- વિના ભાત નહીં (૨)
૨૯. પિતા (૨)
૩૦. લીલું (૩)
૩૧. એક શિકારી પક્ષી (૨)
૩૨. બેપરવા, બેદરકાર (૪)
૩૪. ભરવાડણ, ગોપી (૪)
૩૫. સસલું (૪)

#### ઊભી ચાવી

૧. ખુદા, પરમેશ્વર (૨)
૨. પોતાની ફરજ પૂરી કરી ચૂક્યું હોય તેનાં સંતોષવાળું (૪)
૩. --- દાનને મહાપુણ્ય (૩)
૫. એક વાદ્ય (૨)
૬. નકામું (૩)
૮. ઉમાપતિ (૩)
૧૦. ઈમાનદાર (૪)
૧૩. શાંતિ (૩)
૧૪. શ્રીકૃષ્ણની પ્રિય સખી, એક ગોપકન્યા (૨)
૧૫. હવન, યજ્ઞ (૨)
૧૯. દિલગીરી, શોક (૪)
૨૦. રાજગાદી, સિંહાસન (૩)
૨૨. સુંવાળું, સરકણું (૨)
૨૩. રહસ્ય, તાત્પર્ય (૨)
૨૫. કુટુંબ કબીલો (૪)
૨૬. કુટુંબ (૪)
૨૮. પાયમાલી (૩)
૩૦. આનંદ, હર્ષ (૩)
૩૩. ભાન, શુદ્ધિ (૨)

#### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | | | | | | | | | |
| ૨૬ પ | દ | ૨૭ ર | ■ | ૨૮ સા | ક્ષ | ૨૯ ર | ■ | ■ | ૩૦ પ્ર |
| મા | ■ | ૩૧ કા | ૩૨ ત | ર | ■ | સા | ■ | ૩૩ મા | ખ |
| ૩૪ ન | વે | સ | ર | થી | ■ | ૩૫ લ | ગા | તા | ર |

### ઓળખાણ પડી?

વન - ડે ક્રિકેટ સ્પર્ધામાં પહેલી વાર પ્રારંભિક ઓવરોમાં સ્પિન બોલરની અજમાયશ થયેલા ઓફ સ્પિનરની ઓળખાણ પડે છે?

અ) મુશ્તાક અહમદ
બ) દિપક પટેલ
ક) ગ્રેહામ સ્વાન
ડ) સ્ટુઅર્ટ મેકગિલ



### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

રોઝ ગાર્ડન, રોક ગાર્ડન સહિત અનેક બાબતો માટે આપણા દેશનું કયું શહેર ખ્યાતનામ છે એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) ચંદીગઢ બ) ભુવનેશ્વર ક) ઈન્દોર ડ) મેરઠ

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૧૧, ૨૬, ૪૬, ૭૧, ૧૦૧, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૦૧ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૨૬ બ) ૧૩૦ ક) ૧૩૬ ડ) ૧૪૧

### સુડોકુ-૯૧૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૭ | ૪ | | ૫ | ૯ | ૬ | |
| ૬ | | | ૯ | | ૩ | | | ૨ |
| ૩ | | | | | | | | ૮ |
| ૯ | ૨ | | ૮ | | ૧ | | ૫ | ૪ |
| | | | | | | | | |
| ૮ | ૪ | | ૩ | | ૭ | | ૨ | ૬ |
| ૫ | | | | | | | | ૭ |
| ૭ | | | ૫ | | ૮ | | | ૧ |
| | ૯ | ૧ | ૬ | | ૨ | ૮ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૨ | ૩ | ૬ |
| ૩ | ૬ | ૪ | ૧ | ૨ | ૮ | ૫ | ૭ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૩ | ૭ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૧ | ૯ | ૨ | ૭ | ૫ | ૩ | ૬ | ૮ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૬ | ૩ | ૭ | ૪ | ૧ |
| ૬ | ૩ | ૭ | ૮ | ૪ | ૧ | ૯ | ૫ | ૨ |
| ૫ | ૮ | ૬ | ૭ | ૧ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૭ | ૨ | ૧ | ૩ | ૯ | ૪ | ૬ | ૮ | ૫ |
| ૯ | ૪ | ૩ | ૫ | ૮ | ૬ | ૧ | ૨ | ૭ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પાટીજોગી | યોગીશ્વર |
| પાટધર | શિષ્ય |
| પાટનગર | રાજધાની |
| પાટબંધ | તાલબંધ |
| પાટરડી | તોલડી |

**ગુજરાત મોરી મોરી રેઃ**
કાશીનો દીકરો

**ઓળખાણ પડી?**
એજાઝ પટેલ

**માઈન્ડ ગેમ :**
૧૫૩

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
અમૃતસર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) સુભાષ મોમાયા (૯) વિપીન શાહ (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) કમલ માતલિયા (૧૯) જશવંત પદમશી ચિખલ (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) પ્રવીણ વોરા (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કિરીટ છેડા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ચેતના છેડા (૩૦) વિણા સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) રમેશ દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) દીપિકા દોશી (૪૧) હિના દલાલ (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) મહેશ દોશી (૪૭) દીપક શાહત

## એક નજર ઈધર ભી...

# ‘આરએએફ’ મ્યુઝિયમ: સિંઘ ઈઝ કિંગ

## બ્રિટિશ હવાઈ દળના સંગ્રહાલયમાં ભારતનો ભવ્ય ભૂતકાળ તાજો થયો

**કામિની શ્રોફ**

feedback@bombaysamachar.com

દેશના રક્ષણ માટે સામાન્યપણે થલ - જલ - વાયુ (આર્મી, નેવી અને એર ફોર્સ) કાર્યરત હોય છે. સામાન્ય સંજોગોમાં સુરક્ષા દળની ત્રણ પાંખથી આમ જનતા વાકેફ નથી થતી, પણ યુદ્ધ થાય ત્યારે આ ત્રણ દળના જાંબાઝ જવાનો ખુવાર થઈ જનતાની રક્ષા કરે છે.

૧૯૪૭ પહેલા આપણે બ્રિટિશ ગુલામી હેઠળ હતા ત્યારે બંને વિશ્વ યુદ્ધમાં આપણા અનેક જવાનો બ્રિટનને મદદરૂપ થયા હતા. કેટલાક ઈતિહાસકારોની દલીલ હતી કે ભારતીય જાંબાઝોના પીઠબળ વિના યુદ્ધમાં બ્રિટનનો વિજય ન થયો હોત.

બ્રિટનની રાષ્ટ્રીય હવાઈ સેવાનો વારસો જાળવી રાખવાના ઉદ્દેશ સાથે, રોયલ એર ફોર્સની ભવ્ય ગાથાથી અને એની સાથે સંકળાયેલા લોકોથી આવનારી પેઢીઓ વાકેફ થાય એ માટે ‘રોયલ એર ફોર્સ મ્યુઝિયમ’ની સ્થાપના કરવામાં આવી હતી. છેક ૧૯૩૧માં આ આઈડિયા મંજૂર થયો હતો, પણ એનો અમલ ૧૯૭૨માં થઈ શક્યો હતો. ઐતિહાસિક વિમાનોની જાળવણી તેમ જ હવાઈ તાકાતનો વિકાસ અને દેશસેવા માટે બલિદાન આપનારાઓની શૌર્યગાથાનું વર્ણન આ મ્યુઝિયમમાં જોવા મળે છે.

‘આરએએફ મ્યુઝિયમ’ તરીકે પ્રચલિત રોયલ એર ફોર્સ મ્યુઝિયમ લંડનના બાર્નેટ અને મિડલેન્ડ્સ એમ બે વિસ્તારમાં વિશાળ પ્રાંગણમાં ફેલાયું છે. લંડન શહેરમાં વિશાળ પરિસરના છ હેંગર (વિમાન રાખવાની - સાચવવાની જગ્યા)ના પથરાયેલા આ મ્યુઝિયમને આવરી લેવા માટે તો એક પુસ્તિકા લખવી પડે એટલી એની વિશાળતા છે. જોકે, પાંચેક કલાકમાં જે જોઈ શકાયું એમાં આપણા દેશ સંબંધિત બે મહત્ત્વની વાત જાણવા મળી એનો વિશેષ આનંદ થયો.

**અર્જન સિંઘ - રોયલ એરફોર્સનો ભારતીય ઝળહળાટ:**

મ્યુઝિયમમાં સહેલાણીઓની સંખ્યા સારી હતી, પણ એની વિશાળતાને કારણે ક્યાંય ભીડ- ટોળું નહોતું નજરે પડી રહ્યું. અમારું ગ્રુપ રસ પડે એ વિમાનની તલસ્પર્શી માહિતી મેળવતું હતું ત્યાં એક જગ્યાએ પંદરેક લોકો વર્તુળાકારે ગોઠવાઈ કોઈ વસ્તુ ઝીણવટથી નીરખી રહ્યા હોવાનો ખ્યાલ આવ્યો. અચરજ વધારે એ માટે થયું કે ત્યાં કોઈ આરએફનું પ્લેન કે એને સંબંધિત કોઈ અનન્ય સામગ્રી નહોતી. કુતૂહલવશ ત્યાં ગયા તો ખબર પડી કે ૧૯૩૮માં રોયલ એર ફોર્સની તાલીમ મેળવનારા ઈન્ડિયન એર ફોર્સના માર્શલ (પાયદળના ફિલ્ડ માર્શલને સમકક્ષ હોદ્દો) અર્જન સિંઘની તસવીર જોઈ




અર્જન સિંઘ: ભારતનું ગૌરવ




નેટ વિમાન: નાનો પણ રાઈનો દાણો

એની સાથે લખાયેલું લખાણ બધા રસપૂર્વક વાંચી રહ્યા હતા. મ્યુઝિયમની તસવીરમાં નજરે પડતા આઠ એર ફોર્સ ઓફિસરમાંથી સાત બ્રિટિશર હતા અને એક ભારતીય - અર્જન સિંઘ હતા. મ્યુઝિયમનું લખાણ આ પ્રમાણે છે:

આરએએફ કોલેજ કોર્નવેલ ૧૯૩૮ - ૩૯ની ‘બી સ્ક્વોડ્રન’ના ઓફિસરો જેમાં (ડાબે ઉપર) અર્જન સિંઘ છે.’ કેપ્શનમાં માત્ર ભારતીય પાઈલટનું નામ છે. આગળ જણાવાયું છે કે ‘ઈન્ડિયન એરફોર્સના ચુનંદા અધિકારીઓને યુદ્ધના સમયગાળામાં (વીસમી સદીમાં ૧૧ નવેમ્બર ૧૯૧૮થી ૧ સપ્ટેમ્બર ૧૯૩૯ સુધીનો સમયગાળો ઈન્ટરવોર પિરિયડ - યુદ્ધનો સમયગાળો) આરએએફ કોલેજ, કોર્નવેલમાં ટ્રેઈનિંગ આપવામાં આવી હતી. ઈન્ડિયન એરફોર્સની સ્ક્વોડ્રન નંબર વનમાં જોડાયા પછી અર્જન સિંઘ ભારતીય હવાઈ દળમાં ચીફ ઓફ ધ એર સ્ટાફ બન્યા હતા અને માર્શલની પદવી મેળવનારા એકમાત્ર ભારતીય એરફોર્સ ઓફિસર હતા.’ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રોયલ એરફોર્સમાં નેતૃત્વની મિસાલ કાયમ કરનારા અર્જન સિંઘને ૧૯૬૫ના યુદ્ધ વખતે પાકિસ્તાનના ‘ઓપરેશન ગ્રેન્ડ સ્લેમ’નો જવાબ આપવા ભારતીય હવાઈ તાકાત કેટલી વારમાં તૈયાર થશે એવું પૂછવામાં આવતા ‘બસ એક કલાકમાં’ એવો જવાબ તેમણે આપ્યો હોવાની નોંધ છે. એમની બેમિસાલ વ્યૂહરચનાને કારણે પાકિસ્તાન પાસે અદ્યતન સાધન હોવા છતાં ભારત ચડિયાતું સાબિત થયું હતું. રક્ષણ માટે પ્રતિબદ્ધ ભારતીય ઓફિસરની નોંધ રોયલ એરફોર્સના મ્યુઝિયમે પણ લેવી પડી એ ગર્વની વાત છે.

**નેટ - છોટા પેકેટ, બાદ ધમાકા:**

૧૯૫૯માં રોયલ એર ફોર્સમાં દાખલ થયેલા આ બોમ્બરનું ભારતીય કનેક્શન રોચક છે. યુદ્ધમાં પાકિસ્તાનને હંફાવનાર નેટ વિમાન બ્રિટિશ કંપની દ્વારા ઉત્પાદિત હતું. ભારત - પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન પાકિસ્તાને કદમાં વિશાળ અને વજનમાં વધુ ભારેખમ અને શક્તિશાળી ગણાતા કેનેડિયન સેબર ફાઈટર પ્લેનનો ઉપયોગ કર્યો હતો. જોકે, સરખામણીમાં ટચૂકડા લાગતા નેટ વિમાને પાકિસ્તાન એરફોર્સને ન કેવળ હંફાવી દીધું, પણ કરામતથી હતાશ કરી દીધું હતું. નેટ વિમાનની વ્યૂહરચના અને બોમ્બિંગની કુશળતાએ ટચૂકડા નેટ વિમાનની ભવ્ય ગાથા રચી હતી. ઈન્ડિયન એર ફોર્સના પાઈલટોએ પાકિસ્તાનના પાઈલટ પાસે રહેલા વધુ તાકાતવર સેબર પ્લેનને નબળા સાબિત કર્યા હતા. ફાઈટર પ્લેનો વચ્ચે થતી આસમાની લડાઈ ‘ડોગ ફાઈટ’ નામથી જાણીતી છે. આ મુકાબલા ઓછી ઊંચાઈએ થતા હોય છે. નેટ વિમાન વજનમાં હલકા અને કદમાં નાના હોવાથી એમને શોધવામાં પાકિસ્તાની પાઈલટોને મુશ્કેલી પડતી હતી. ૧૯૬૫ના યુદ્ધમાં આપણા નેટ વિમાન પાકિસ્તાનના સાત સેબર વિમાનને ધૂળધાણી કરવામાં સફળ રહ્યા હોવાની જાણકારી મ્યુઝિયમમાં હાજર એક સહેલાણીએ આપી. એ સહેલાણીના કાકા ભારતીય હવાઈ દળમાં હોવાથી એની પાસે આ ખાતરીલાયક માહિતી હતી. બાંગ્લાદેશ મુક્તિસંગ્રામ તરીકે જાણીતા ભારત - પાકિસ્તાન ૧૯૭૧ યુદ્ધમાં પણ આપણા નેટ વિમાન પાંચ પાકિસ્તાની સેબર પ્લેનનો ખાત્મો બોલાવી શક્યા હતા. બ્રિટિશ મ્યુઝિયમની મુલાકાત નિમિત્તે આપણી એરફોર્સની ભવ્ય અને ગૌરવશાળી કામગીરીથી વાકેફ થવાયું એના હરખનું વર્ણન કરવા શબ્દો ટૂંકા પડે.

**સોપવિથ ટ્રાઈપ્લેન:**

મ્યુઝિયમના સિંગલ સીટ ફાઈટર જેટની લાક્ષણિકતા ઊડીને આંખે વળગે એવી છે. સોપવિથ કંપનીનું યુદ્ધમાં વપરાયેલું આ પહેલું ટ્રાઈપ્લેન (એકની ઉપર એક એવી ત્રણ જોડી પાંખ ધરાવતું વિમાન) હતું. મ્યુઝિયમના એક વોલ્યુન્ટરે આપેલી જાણકારી અનુસાર આ ફાઈટર વિમાન કેનેડિયન પાઈલટ્સ ઉડાવતા હતા. આ વિમાનોની અલગ ઓળખ જળવાઈ રહે એ માટે વિમાનોને ‘બ્લેક મારિયા’, ‘બ્લેક ડેથ’, ‘બ્લેક શીપ’, ‘બ્લેક રોજર’ અને ‘બ્લેક પ્રિન્સ’ જેવા નામ આપવામાં આવ્યા હતા. યુદ્ધમાં આ પ્લેન ખૂબ જ અસરકારક સાબિત થયા હતા અને ૧૯૧૭માં ત્રણ મહિનામાં દુશ્મનના ૮૭ વિમાનને ભોંયભેગા કરવામાં સફળ રહ્યા હતા. જર્મનો આ વિમાનથી એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે કંપનીને ટ્રાઈપ્લેન જેટ બનાવવાનો ઓર્ડર આપ્યો હતો.

આ સિવાય આ મ્યુઝિયમમાં યુદ્ધ સંબંધિત અનેક ગાથા હાજર છે. યુદ્ધ વિનાશ જ નોતરે છે, પણ યુદ્ધસ્થ કથા રમ્યા: શું કામ કહેવાય છે એનો વધુ એકવાર પરચો થયો. ■

## મસ્તરામની મસ્તી

**મિલન ત્રિવેદી**

feedback@bombaysamachar.com

# દારૂ પીવાથી મગજ ચમકે... જુગાડુ પાર્ટી માણી છે?




**મુંબઈમાં** બધું ઈઝીલી મળી જાય, છૂટથી મળે... તેમાં ઉત્સવોની ઉજવણીની અડધી મજા મરી જાય.

આવો, અમારા ગુજરાતમાં, જ્યાં મળી તો જાય પણ વ્યવસ્થા કરવામાં પણ જુગાડું મોજ આવે.

જી હા હું વાત કરું છું દારૂ પીવાની. મુંબઈમાં ચા પીવા જેટલું સહેલું છે. પોલીસની પીસીઆર વાહન અને પત્નીના વેલણ, વાકબાણ, અને તીખા તીર જેવા પ્રશ્નો વચ્ચે એક કુલ બોટલની વ્યવસ્થા કરી તેને મિત્રો વચ્ચે બેસી અને ગટગટાવવી તેની થ્રિલ ઉપરોક્ત ઘટનાઓનો ભોગ બનેલા જ જાણી શકે.

૨૫ ડિસેમ્બરથી ઉજવણીના દિવસથી દારૂ અને જગ્યા માટે કોઈ વૈજ્ઞાનિક નવી શોધ કરવામાં જેટલું મગજ નહિ વાપરતો હોય તેટલું મગજ અમારો ચુનિયો દારૂ બાઈટિંગ અને ખુફિયા જગ્યા શોધવામાં વાપરે છે.

આ વખતની પાર્ટી યાદગાર રહી. પીવાની વાતનું એક્સાઇટમેન્ટ અને પોલીસની રેડનો ડર શક્ષતફિંલફિળ માં પાંગરેલા પ્રેમ પછી વહેલી ડેટ જેવી ફીલિંગ આપે.

આવા માહોલમાં ત્રક્ષજ્ઞલહય માં પણ ન જડે તેવી જગ્યા પસંદ કરવી એ અમારા ચુનિયાનું કામ. તેનાથી બે ફાયદા રહે : એક તો જે સોલ્જરીમાં પૈસા ન કાઢે તેને એ જગ્યાનું સરનામું જ ના મળે.

આ વખતે પસંદ કરેલી જગ્યા રમતનું મેદાન હતું. ગામથી દૂર અને નક્કી એવું કરેલું કે પોલીસની રેડ પડે તો રમત રમવા માંડવી.

બધાના ગ્લાસ ભરાઈ ગયા. નવા નિશાળીયાઓએ ધૂમ તડકે મળેલી છાશનો ગ્લાસ માની એક જ શ્વાસે અંદર ઉતારી દીધું. ત્યારે ચુનિયાએ બીજો પેગ કેવી રીતે પીવો, સાથે કેટલું અને કયુ બાઈટિંગ લઈ શકાય, તે સમજાવવાની શરૂઆત કરી તો પણ બે જણાએ નાત જમણમાં કેરીનો રસ જે રીતે પીવાતો હોય તેમ ગ્લાસ મોઢે માંડી ગયા.

હવે મને અને ચુનિયાને થઈ ગયું હતું કે આ સુધરે તેવી જમાત નથી. એટલે મોઢામાંથી વાસ ન આવે તે માટે શું કરવું તે વિષય ઉપાડ્યો.

વરિયાળીથી લઈ અને લસણ - ડુંગળી સુધીના પ્રયોગો સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અમને એવું લાગ્યું કે જો અમે આ સમજાવવામાં જ રહીશું તો અમારા ભાગે છેલ્લે વધતા લવ ડ્રોપ સિવાય કશું રહેશે નહીં.

આટલી વાત દરમિયાન થોડો ખખડાટ થતાં પોલીસના આવવાની જાણ થઈ અમે તરત જ મેદાનમાં રમવા માટે ભેગા થઈ ગયા અને નક્કી કર્યા મુજબ હું અને ચુનિયો ‘કબડી... કબડી’ બોલી રમવાનો માહોલ ઊભો કરતા જ હતા ત્યાં પોલીસવાળા બધાને ગરદનથી દબોચી અને પોલીસ સ્ટેશન લઈ ગયા.

મને કારણ જાણવા ન મળ્યું કે આટલું સરસ પરફેક્ટ આયોજન કર્યા પછી પોલીસવાળાને ખબર કઈ રીતે પડી.?

મને એક જાણીતા અધિકારીએ બહાર બોલાવી અને ઘરે જવા કહ્યું, ઓળખાણ હોવાથી મેં પૂછ્યું કે ‘તમને લોકોને ખબર કઈ રીતે પડી કે બધા પીધેલા છે?’

અધિકારીના કહેવા મુજબ : ‘તમે કબડ્ડી ... કબડ્ડી બોલતા બોલતા રમવાનું શરૂ કર્યું, પરંતુ એક જણો ક્રિકેટના પેડ પહેરી કબડ્ડી... કબડ્ડી કરતો બહાર આવ્યો, બીજો લંગડી રમતા રમતા કબડ્ડી કબડ્ડી કરવા લાગ્યો, બીજા એ તો અંદરથી આવતા વેંત મને જોઈને કહ્યું ‘ઓહો, બંને જોડીયા ભાઈઓ પોલીસમાં જ છો?’

આમ તમારા આયોજનમાં થોડી કચાશ રહી ગઈ.

દારૂ છાશની જેમ પીનારો સાહેબ પાસે આવીને કહે ‘મારા ઘરે જાણ ન કરતા... ભલે સવાર સુધી મને આજીવન કેદ આપો.’

ઘણી બધી મગજમારી પછી ‘મુક્તિ ફંડ રિલીઝ’ કરી બધા પોતપોતાના ઘર તરફ વળ્યા.

સાચી પરીક્ષા તો હવે હતી.

‘ઘરે રાત્રે વહેલા આવી જઈશું.’ તેમ કહ્યું હતું અને અત્યારે રાતના ૨:૦૦ વાગ્યા છે. દરવાજો ખુલતા જ ૮- ૧૦ મહિલાઓ મારા ઘરમાં મ્યુઝિકના તાલે નાચી રહી હતી.

મ્યુઝિકના અવાજ વચ્ચે પણ મારા પત્નીનો અવાજ મને સ્પષ્ટ સંભળાય તેવો મધુર છે, પૂછ્યું ‘આવી ગયો? હજુ એકાદ કલાક પછી અવાય ને, અમારી મહિલાઓની કીટી પાર્ટી ચાલુ છે.’

મને હાશકારો થયો, પરંતુ ધ્રાસ્કો પણ પડ્યો. કે આપણે તો ઠીક છે આ લોકો પણ દારૂના રવાડે ચડી ગયા કે શું?? ત્યાં તો લીંબુ-શરબતના ગ્લાસ ભરાઈ અને રૂમમાં ગયા જો કે રસ્તામાંથી જ મેં બે ઉપાડી ગટગટાવી લીધા.

ચુનિયાને બચી ગયાના ખુશખબર આપવા રૂબરૂ ગયો તો ચુનિયો ઘરવાળીને પગે વિક્સ લગાડી આપતો હતો. ભાભી ના પાડી રહ્યા હતા. છતાં ડબલ વિક્સ લગાડી પગે માલિશ કરી રહ્યો હતો.

સેવાની સેવા અને મોઢાની વાસ સામે વિક્સની સુગંધ...

વાહ, ચુનિયા બચી ગયો તું પણ...! ■

**વિચારવાયુ:**

*પોલીસ: તું પીધેલો છે, ચાલ આ સીધી સફેદ લાઈન પર ચાલીને બતાવ.*

*પીધેલો: સાહેબ, લાઈન પર ચાલવાની વાત તો ઠીક છે, પણ પહેલા એ કહો કે આ બે લાઈનમાંથી કઈ લાઈન પર ચાલવાનું છે?*

## ભાત ભાત કે લોગ

# બાંગ્લાદેશમાં હિંદુ પક્ષની રચના: ભારતની પીડા ઘટાડશે કે વકરાવશે?

**જ્વલંત નાયક**

feedback@bombaysamachar.com

આજકાલ બાંગ્લાદેશથી અરાજકતા અને હિંદુ લઘુમતી પર થતા અત્યાચારોની ખબર નિયમિતપણે આપણને આવતી રહે છે. ગયા વર્ષે ભારત તરફી ગણાતા શેખ હસીનાની સરકાર ઉથલાવી દેવામાં આવી. ત્યાર પછી ભારતનો આ પડોશી દેશ દિવસે દિવસે વધુને વધુ ભારત વિરોધી ખાસ કરીને કટ્ટર હિંદુ વિરોધી વલણ છતું કરી રહ્યો છે. બાંગ્લાદેશ માટે આ નવું નથી, કારણકે એની રચનાના મૂળમાં જ હિન્દુઓથી જુદા હોવાની ભાવના રહેલી છે. આ ભાવના હવે ઘણે અંશે કટ્ટરવાદમાં પરિવર્તિત થઇ ચૂકી છે. આ કટ્ટરવાદના મૂળિયાં બહુ જૂના છે. લગભગ સવાસો વર્ષ જેટલા જૂના.

બાંગ્લાદેશનો ધાર્મિક કટ્ટરવાદ સમજવા માટે ઇસ ૧૯૦૫માં તત્કાલીન વાઈસરોય લોર્ડ કર્ઝને પાડેલા બંગાળ રાજ્યના ભાગલા અને એના લાંબા ગાળાનાં પરિણામોને સમજવા પડે. આમ તો એ ભાગલા વહીવટી સરળતાના રૂપકડા ઓઠા હેઠળ થયા, પરંતુ એમાં આધાર તરીકે હિંદુ અને મુસ્લિમ પ્રજાની ડેમોગ્રાફી - વસ્તી વહેંચણી જ હતી. પશ્ચિમી પ્રદેશમાં જ્યાં હિન્દુઓ બહુમતીમાં હતા, એ વિસ્તારો પશ્ચિમ બંગાળ તરીકે ઓળખાયા. અને મુસ્લિમ પ્રજાની બહુમતીવાળા વિસ્તારોને સાથે રાખીને પૂર્વીય બંગાળ નામક નવું રાજ્ય બનાવી દેવાયું. અંગ્રેજોનો મૂળ હેતુ એક મોટું મુસ્લિમ રાજ્ય ઊભું કરવાનો જ હતો, જેથી હિંદુ-મુસ્લિમ પ્રજા વચ્ચે વૈમનસ્ય વધે અને બંગાળમાં એ સમયે પુરજોશમાં ઊભરી રહેલો રાષ્ટ્રવાદ નબળો પડી જાય. ભારતીયોએ બંગાળના ભાગલાનો પૂરજોશમાં વિરોધ કર્યો અને બંગ ભંગની વિરુદ્ધ ચળવળ શરૂ થઇ. રવીન્દ્રનાથ ટાગોરે ગીત લખી નાખ્યું... ‘આમાર સોનાર બાંગ્લા’. બંગાળીભાષી પ્રજાની અસ્મિતાસમું આ ગીત પ્રજાને હોઠે વસી ગયું.

આખરે ઇસ ૧૯૧૧માં બંગાળના બે ટુકડાઓ ફરી એક બન્યા. જોકે એ પછી પ્રજામાનસમાં જે તિરાડ પડી ગઈ, એ આજની તારીખે ય બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓને પીડા આપે છે.

બંગાળના વિભાજન અને એકીકરણ વચ્ચેના સમયમાં એક નોંધનીય ઘટના બની. ૩૦ ડિસેમ્બર, ૧૯૦૬ના દિવસે મુસ્લિમો માટેના રાજકીય પક્ષ તરીકે મુસ્લિમ લીગની સ્થાપના થઇ. પાછળથી આ જ મુસ્લિમ લીગે ભારત-




પાકિસ્તાનના ભાગલામાં નિર્ણાયક ભૂમિકા ભજવી.

ફરી એક વાર ધર્મના આધારે બંગાળના ભાગલા થયા અને પૂર્વીય પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું. એ પછી ૧૯૭૧માં એ બાંગ્લાદેશ નામના સ્વતંત્ર દેશ તરીકે અસ્તિત્વમાં આવ્યું. ટાગોરે રચેલું પેલું બંગાળી ગીત બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત બન્યું.

મુસ્લિમ હિતોને બહાને કટ્ટરવાદને પોષવામાં મુસ્લિમ લીગે પાછું વળીને ન જોયું. એ બધું સમજવા માટે ‘ડાયરેક્ટ એક્શન ડે’નું એકમાત્ર ઉદાહરણ પૂરતું થઇ રહેશે. સ્વતંત્રતા અને વિભાજન બાદ બંગાળી ભાષા અને સંસ્કૃતિના અગાધ પ્રેમમાં ડૂબેલો આ દેશ ધીમે ધીમે ઇસ્લામિક કટ્ટરવાદીઓની ચુંગાલમાં ફસાતો ગયો. બીજી તરફ હિન્દુઓનો પક્ષ રજૂ કરે કે એમના મૂળભૂત અધિકારો માટે લડે એવો કોઈ રાજકીય પક્ષ દૂર દૂર સુધી દ્રષ્ટિગોચર નહોતો થતો. જેનું પરિણામ આજની પરિસ્થિતિરૂપે દેખાઈ રહ્યું છે. જો કે મુસ્લિમ લીગની સ્થાપનાના લગભગ એકસો વીસ વર્ષ પછી હિન્દુઓ સહિતની લઘુમતી પ્રજા માટે રચાયેલો એક પક્ષ બાંગ્લાદેશની ક્ષિતિજે ડોકાયો છે. એ છે ‘બાંગ્લાદેશ માઈનોરિટી જનતા પાર્ટી’-(BMJP)

હિન્દુઓ સહિતની લઘુમતી પ્રજાઓ છેલ્લા ઘણા સમયથી દમનનો ભોગ બનતી હતી. શેખ હસીનાની અવામી લીગ અને ખાલિદા ઝિયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી બીએનપીને લઘુમતીઓના હિત સાચવવા કરતા બહુમતી મુસ્લિમ વોટબેંક સાચવવામાં દેખીતી રીતે જ વધારે રસ હોવાનો. આખરે હિંદુ સમાજના કેટલાક નેતાઓએ પોતાનો રાજકીય પક્ષ રચવાનું નક્કી કર્યું.

૨૨ સપ્ટેમ્બર ૨૦૧૭માં ઢાકાના નેશનલ પ્રેસ ક્લબમાં ૧૦૧ સ્થાપક સભ્યો દ્વારા નવી પોલિટિકલ પાર્ટી શરૂ કરવામાં આવી હતી. શ્યામલ કુમાર રોય અધ્યક્ષ અને સુકૃતિ કુમાર મંડલ જનરલ સેક્રેટરી બન્યા. પાર્ટીનો મુખ્ય હેતુ ધાર્મિક અલ્પસંખ્યકો (ખાસ કરીને હિંદુ, બૌદ્ધ અને ખ્રિસ્તી સમુદાયો)નાં હિતોનું રક્ષણ કરવાનો હતો, પરંતુ બાંગ્લાદેશના ચૂંટણી કમિશને પાર્ટીને મંજૂરી જ આપી નહીં!

આખરે એપ્રિલ, ૨૦૨૫માં માંડ માંડ મંજૂરી મળી અને બાંગ્લાદેશમાં હિન્દુઓનાં હિતોની વાત કરતી સૌપ્રથમ પાર્ટી - બાંગ્લાદેશ માઈનોરિટી જનતા પાર્ટી (BMJP) અસ્તિત્વમાં આવી. પાર્ટીના હાલના અધ્યક્ષ સુકૃતિ કુમાર મંડલ એક અનુભવી રાજનેતા છે અને બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકોના અવાજ તરીકે જાણીતા છે.

પોલિટિકલ એજન્ડાની વાત કરીએ આ પાર્ટી બાંગ્લાદેશને એક ધરમનિરપેક્ષ દેશ બનાવવા માગે છે, જેમાં અલ્પસંખ્યકોને પણ પૂરતું પ્રતિનિધિત્વ મળતું હોય. પણ ખાટલે મોટી ખોડ એ છે કે બાંગ્લાદેશમાં ઝાઝા હિન્દુઓ બચ્યા નથી. કુલ ૩૦૦ બેઠકો પૈકી માત્ર ૪૦-૪૫ જેટલી સીટ્સ ઉપર જ લઘુમતી પ્રજાનું પ્રભુત્વ છે, પરંતુ ઇસ્લામિક કટ્ટરવાદીઓના ડરને કારણે BMJPને હજી આટલા ઉમેદવારો ય નથી મળ્યા! તેમ છતાં પાર્ટી આગામી ચૂંટણીઓમાં ચાલીસેક સીટ્સ જીતવાની આશા ધરાવે છે. અત્યારે તો આ નવીસવી પાર્ટીને આર્થિક સમસ્યાઓ પણ નડી રહી છે. પાર્ટી ભવિષ્યમાં બીએનપી સાથે જોડાણની શક્યતાઓ તપાસી રહી છે. આગામી સમયમાં હિન્દુઓની આ પાર્ટી કેવુંક કાઠું કાઢે છે એ જોવાનું રસપ્રદ થઇ રહેશે.

ઘણાને ભારતની બીજેપી અને બાંગ્લા.ની બીએમજેપી બે ભગિની સંસ્થાઓ હોવાની શંકા જાય છે, પણ હાલ પૂરતી આવી કોઈ વાતને પુષ્ટિ મળતી નથી. ઊલટાનું ‘બીએમજેપી’ ઈચ્છે છે કે ભારત સરકાર બદનામ થયેલા શેખ હસીનાને બદલે ખાલિદા ઝિયાની - હવેથી તારિક ઝિયાની પાર્ટી બીએનપીને સમર્થન આપે.

મિત્રનો દુશ્મન પણ મિત્ર હોઈ શકે!

શેખ હસીનાના કટ્ટર રાજકીય પ્રતિસ્પર્ધી ખાલિદા ઝીયા અનેકવિધ બીમારીઓ સામેની લડતમાં હારીને આ અઠવાડિયે જન્નતનશીન થયા, એ પછી ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકર ખાલિદાની અંત્યેષ્ટીમાં હાજરી આપવા ઢાકા ગયા છે. ત્યાં તેમણે બાંગ્લાદેશી રાજકારણમાં રાઈઝિંગ સ્ટાર ગણાતા તારિક રહેમાન ઉર્ફે તારીક ઝિયા સાથે મુલાકાત કરી. ભારતીય વિદેશમંત્રીની આ મુલાકાતને ઘણા બિગ પોલિટિકલ મુવ તરીકે જોઈ રહ્યા છે. ૨૦૨૬ના ફેબ્રુઆરીમાં બાંગ્લાદેશમાં ચૂંટણીઓ યોજાશે અને નવી સરકાર બનશે ત્યારે એ સરકાર સાથે ભારતની દોસ્તી હોય એ ખૂબ જરૂરી છે.

‘બીએનપી’નો નેતા તારિક સરકાર બનાવે એવી પૂરી શક્યતા છે. આ તારિકભાઇ એટલે બેગમ ખાલિદા ઝિયાના પુત્ર અને રાજકીય વારસદાર.

હાલમાં દેશવટો ભોગવતા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના ભલે ભારતના મિત્ર હોય, પણ એમની પ્રતિસ્પર્ધી પાર્ટી ‘બીએનપી’નો નેતા પણ ભારતનો મિત્ર હોઈ જ શકે છે. સામાન્ય સંજોગોમાં દુશ્મનનો દુશ્મન મિત્ર હોવો જોઈએ, પરંતુ રાજકારણમાં મિત્રનો દુશ્મન પણ મિત્ર હોઈ શકે.

અને આમેય, આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં દુશ્મનને બૂટની એડી નીચે દબાવીને કાબૂમાં રાખવા માટે એના પર હુમલો કરવાની કે સીધા યુદ્ધમાં ઊતરવાની જરૂર ભાગ્યે જ પડે. મોટે ભાગે તો આ કામ મિત્ર બનીને જ કરાતું હોય છે. ■

# નિફ્ટી ઈન્ટ્રા-ડે નવી વિક્રમી સપાટીને સ્પર્શ્યો: પાવર, બેંકિંગ શૅરોના ચમકારા સાથે સેન્સેક્સ ૫૭૩ પોઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: પાવર, બેંકિંગ અને મેટલ શેરોમાં મજબૂત લાવલાવ સાથે સત્ર દરમિયાન નિફ્ટીએ નવી વિક્રમી ઊંચી સપાટીને સ્પર્શ કર્યો હતો, જ્યારે સેન્સેક્સ ૫૭૩ પોઇન્ટ ઊછળ્યો હતો. એશિયન શેરોમાં તીવ્ર તેજી અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત લેવાલીને કારણે પણ સ્થાનિક શેરબજારને ટેકો મળ્યો, એમ વેપારીઓએ જણાવ્યું હતું.

સેન્સેક્સ ૫૭૩.૪૧ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૮૫,૭૬૨.૦૧ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૬૨૩.૬૭ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા વધીને ૮૫,૮૧૨.૨૭ની ઊંચી સપાટીને અથડાયો હતો. ઇન્ટ્રાડે ટ્રેડ દરમિયાન, નિફ્ટી તેની અગાઉની અગાઉની ટોચ ૨૬,૩૨૫ વટાવીને, ૨૬,૩૩૦ની નવી સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. બેંક નિફ્ટીએ પણ ૬૦,૧૫૨.૩૫ના નવા રેકોર્ડ પર પહોંચ્યો, જેને બેંકિંગ શેરોમાં સતત મજબૂતાઈ દ્વારા ટેકો મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં એનટીપીસી, ટ્રેન્ટ, બજાજ ફાઇનાન્સ, પાવર ગ્રીડ, મારુતિ, સ્ટેટ બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનરમાં સામેલ હતા. જ્યારે આઇટીસી, કોટક મહિન્દ્રા બેન્ક, ટાઇટન કંપની, એક્સિસ બેન્ક અને ભારતી એરટેલ ટોપ લુઝર રહ્યા હતા. વિદેશી બાયર્સને કોલસાના ઇ-ઓકશનમાં સહભાગી થવાની સરકારે પરવાનગી આપી હોવાના સમાચારે કોલ ઇન્ડિયાના શેરમાં સાતેક ટકાના ઉછાળા સાથે તેની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચી ગયા હતી. અદાણી એન્ટરપ્રાઇઝિસ આગામી અઠવાડિયે ૮.૯ ટકા સુધીના વ્યાજ સાથે રૂ. ૧,૦૦૦ કરોડનો એનસીડી ઇશ્યૂ લોન્ચ લાવવાની તૈયારીમાં છે.

ઇન્ડોવિન્ડ એનર્જી લિમિટેડે જાહેર કરેલી તેની મુખ્ય નાણાકીય અને ઓપરેશનલ અપડેટ્સમાં કંપનીએ જણાવ્યું છે કે, રાઇટ્સ ઇશ્યૂના ઉદ્દેશ્યોના ભાગ રૂપે કંપનીએ પાસેથી એસોસિએટ પાર્ટી પાસેથી લીધેલી ૧,૧૬૩ લાખની લોનની પરત ચૂકવણી કરી છે અને એલઆઇસીનાના બાકી લેણાં માટે રૂ. ૯૨૫ લાખ ચૂકવ્યા છે. ઓપરેશનલ મોરચે, કંપનીએ તેના ૪ મેગાવોટના સૌર ઉર્જા પ્રોજેક્ટ માટે અંતિમ કરારોનો અમલ શરૂ કરી દીધો છે.

આઇટીસીના શેરમાં કડાકા ચાલુ રહ્યા હતા અને સત્ર દરમિયાન તે વધુ પાંચ ટકા, એટલે કે બે દિવસમાં ૧૪ ટકા જેવો તૂટીને ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો. સરકારે પહેલી ફેબ્રુઆરીથી તમાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ ડ્યુટી અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની તારીખ જાહેર કર્યા પછી ગોડ્ફ્રે ફિલિપ્સ અને આઇટીસી સહિતની સિગારેટ અને તંબાકુ ઉત્પાદનો બનાવતી કંપનીના શેરોમાં વર્ષના પહેલા જ દિવસથી જોરદાર કડાકા શરૂ થઇ ગયા હતા. ગુરુવારના સત્રમાં જ આઇટીસીના શેરમાં દસેક ટકાનો




અને ગોડફ્રેના શેરમાં ૧૭.૧૭ ટકા એટલે કે શેરદીઠ રૂ.૪૭૪નો કડાકો નોંધાયો હતો. સરકારે પહેલી ફેબ્રુઆરીથી તંબાકુ ઉત્પાદનો પર વધારાની એક્સાઇઝ જકાત અને પાન મસાલા પર હેલ્થ સેસ લાદવાની જાહેરાત કરી છે. પાન મસાલા, સિગારેટ, તંબાકુ અને એ પ્રકારના ઉત્પાદનો પર ચાલીસ ટકા જ્યારે બીડી પર ૧૮ ટકા જીએસટી લાગુ થશે. નોંધવું રહ્યું કે આઇટીસીના શેરમાં પડેલા દસેક ટકાના કડાકા સાથે તેના માર્કેટ કેપમાંથી ગુરુવારના સત્રમાં અંદાજે રૂ. ૫૦,૦૦૦ કરોડનું ધોવાણ થઇ ગયું હતું અને આ શેર માટે તેનો સાત વર્ષનો સૌથી ખરાબ દિવસ રહ્યો હતો.

નવા વર્ષની રજાઓ પછી, વૈશ્વિક બજારોએ ૨૦૨૬ની શરૂઆત સકારાત્મક રીતે કરી, જ્યારે મજબૂત સ્થાનિક ઓટોમોબાઇલ વેચાણે ભારતીય ઇક્વિટીને નવા સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કરવામાં મદદ કરી હોવાનું જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, રોકાણકારોનું વલણ વ્યાપકપણે રચનાત્મક રહે છે કારણ કે ધ્યાન ત્રીજા ક્વાર્ટરની કોર્પોરેટ કમાણી પર છે, જે બજારને નજીકના ગાળાની દિશા આપશે. સહાયક રાજકોષીય નીતિઓ અને ક્રમશઃ નાણાકીય સરળતા ૨૦૨૬માં રોકાણના લેન્ડસ્કેપને આકાર આપે તેવી શક્યતા છે. જો કે, રોકાણકારો સ્થિરતા માટે લાર્જ કેપ શેરો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે જ્યારે સ્થાનિક વૃદ્ધિ દ્વારા સંચાલિત ચક્રીય ક્ષેત્રો અને ક્ષેત્રોમાં પસંદગીયુક્ત રીતે મિડ કેપમાં પણ તકો શોધી રહ્યા છે.

માર્કેટ બ્રેથ મજબૂત હકારાત્મક રહી, ૨,૫૨૭ શેરોમાં સુધારો થયો, ૧,૩૪૭ ઘટ્યા અને ૧૩૫ યથાવત રહ્યા હતા. નોંધવું રહ્યું કે, સમગ્ર વર્ષ ૨૦૨૫માં, સેન્સેક્સ ૭,૦૮૧.૫૯ પોઈન્ટ અથવા નવ ટકા વધ્યો છે અને નિફ્ટી ૨,૪૮૪.૮ પોઈન્ટ અથવા ૧૦.૫૦ ટકા વધ્યો છે.

કોલ ઇન્ડિયા અને એનટીપીસી નિફ્ટીમાં ટોચના ગેઇનર્સમાં સામેલ હતા. ક્ષેત્રીય મોરચે, પીએસયુ બેંકોએ ૧.૭૮ ટકાના વધારા સાથે તેજીનું નેતૃત્વ કર્યું, જ્યારે ઓટો, મેટલ, રિયલ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને પાવર ઇન્ડેક્સ લગભગ એક ટકા વધ્યા. એફએમસીજી એકમાત્ર ક્ષેત્ર ૧.૧૫ ટકાના ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયું હતું.

વેચાણના પ્રોત્સાહનજનક આંકડાઓને કારણે ઓટો શેરોમાં વધારો થયો, જ્યારે સ્થિર સ્થાનિક મેક્રો પરિસ્થિતિઓ અને ભારતના મધ્યમ ગાળાના વિકાસના દૃષ્ટિકોણમાં વિશ્વાસ દ્વારા એકંદર સેન્ટિમેન્ટને ટેકો મળ્યો.વ્યાપક બજારોએ બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૧.૦૪ ટકા વધ્યો અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૭૮ ટકા વધ્યો હતો.

એક્સચેન્જ પર ટ્રેડેડ કુલ શેરોમાંથી લગભગ ૧૮૦ શેર તેમની બાવ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા, જેમાં આઇડીબીઆઇ બેંક, કોલ ઈન્ડિયા, એથર ઇન્ડસ્ટ્રીઝ, નાલ્કો, આઇઆઇએફએલ ફાઇનાન્સ, અશોક લેલેન્ડ, હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, ક્રાફ્ટ્સમેન, ભેલ, ટીવીએસ મોટર, ઇન્ડસ ટાવર્સ, અદાણી એનર્જી, મારુતિ સુઝુકી, ફીનિક્સ મિલ્સ, ગ્રેફાઇટ ઇન્ડિયા, થ્રીએમ ઇન્ડિયા, ખખ, બેંક ઓફ બરોડા, એમસીએક્સ ઇન્ડિયા વગેરેનો સમાવેશ થાય છે.

નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી નિફ્ટી ૨૬,૦૦૦ની સપાટીની ઉપર ટકેલો છે ત્યાં તેજીવાળાને સુધી વાંધો નહીં આવશે. આ ઉપરાંત ટૂંકાગાળામાં ઘટાડે લેવાલીનો તાલ રહેવાની અપેક્ષા છે.

# ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ગબડીને ફરી ૯૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત ડિસેમ્બર મહિનામાં દેશનો સિઝનલી એડજસ્ટેડ એચએસબીસી પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ અથવા તો પીએમઆઈ આંક નવેમ્બર મહિનાના ૫૬.૬ના આંક સામે ઘટીને ૫૫ની સપાટીએ રહ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ અને વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે બાવીસ પૈસા ગબડીને ફરી ૯૦ની સપાટી પાર કરીને ૯૦.૨૦ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમા સુધારાતરફી વલણ જોવા મળતાં રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૯૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૯.૯૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૨૫ અને ઉપરમાં ૮૯.૯૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૨ પૈસા ગબડીને ૯૦.૨૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૧૦ પૈસાનો ઘટાડો આવ્યો હતો. એકંદરે આજે નબળા આર્થિક ડેટા તથા ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, ક્રૂડતેલના નબળા ભાવ, ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ડૉલરમાં વેચવાલી રહેતાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૯૮.૩૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૨૬૮.૬૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૦.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૭૩.૪૧ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૮૨ પૉઈન્ટ વધી આવ્યા હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### રેટકટના આશાવાદમાં વૈશ્વિક સોનામાં બે ટકાનું અને ચાંદીમાં ૪.૬ ટકાનો ઉછાળો

# સ્થાનિક ચાંદીમાં ₹ ૫૩૦૦નું અને સોનામાં ₹ ૧૩૨૧નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સોના અને ચાંદીમાં ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે અને હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદ સાથે વર્તમાન કૅલેન્ડર વર્ષ ૨૦૨૬નો આરંભ મજબૂત અન્ડરટોને થયો હતો અને વર્ષ ૨૦૨૫ના અંતિમ સત્રમાં જોવા મળેલા ઘટાડાની સામે આજે ચાંદીના ભાવ ૪.૬ ટકા જેટલા અને સોનાના ભાવ બે ટકા જેટલા ઉછળીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૫૩૦૦નું અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨૧નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેવાની સાથે સ્ટોકિસ્ટોનું આકર્ષણ જળવાઈ રહ્યું હતું. આ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગનો પણ ટેકો મળતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૩૦૦ના ઉછાળા સાથે રૂ. ૨,૩૪,૫૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૩૧૫ વધીને રૂ. ૧,૩૪,૨૪૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૨૧ વધીને રૂ. ૧,૩૪,૭૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં તેજીનું વલણ રહેતાં માત્ર રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગ રહી હતી. આ સિવાય જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગત વર્ષ ૨૦૨૫ના અંતિમ સત્રમાં ગત બુધવારે હાજરમાં સોનાના ભાવ વધ્યા મથાળેથી બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા બાદ આજે વર્ષ ૨૦૨૬ના પ્રથમ સત્રમાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ બે ટકા વધીને ઔંસદીઠ ૪૩૯૭.૬૬ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૧.૬ ટકા વધીને ૪૪૦૯.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૪.૬ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૪.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ અને ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા એકંદરે આજે બન્ને કિંમતી ધાતુઓમાં વર્ષ ૨૦૨૬નો આરંભ મક્કમ અન્ડરટોને થયો હોવાનું એફએક્સટીએમના વરિષ્ઠ વિશ્લેષક લુકમાન ઑટુન્ગાએ જણાવ્યું હતું. જોકે, તાજેતરમાં ઊંચા મથાળેથી સોનાના ભાવમાં જોવા મળેલા ઘટાડાને પગલે ભારત અને ચીન ખાતે ડીલરો સોનાના ભાવ જે છેલ્લા બે મહિનાથી વૈશ્વિક ભાવની સરખામણીમાં ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા તેની સામે હવે પ્રીમિયમમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા.

નોંધનીય બાબત એ છે કે ગત સાલ સોનાના વૈશ્વિક ભાવમાં વર્ષ ૧૯૭૯ પછીનો સૌથી મોટો ૬૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે ચાંદીના ભાવમાં ૧૪૭ ટકાની તેજી ફૂંકાઈ ગઈ હતી.

દરમિયાન યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું કે હાલની વૈશ્વિક આર્થિક સ્થિતિ, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો અને અમેરિકાની નીતિ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૬માં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર તરફ આગેકૂચ કરતા રહે તેવી અમે ધારણા મૂકી રહ્યા છીએ.

# કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ ₹ ૩૫નો ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૫નો અને રૂ. ૧૮નો ચમકારો આવ્યો હતો, આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓમાં પણ માગ જળવાઈ રહેતાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો. આ સિવાય બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ રૂ. પાંચનો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૫ ઘટી આવ્યા હતા અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટી આવ્યા હતા અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૫ વધીને રૂ. ૯૮૩ અને રૂ. ૧૮ વધીને રૂ. ૧૫૨૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૦૫ અને રૂ. ૩૦૭, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૨૧૪ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૫, રૂ. ૧૧૪૬, રૂ. ૧૧૩૪ અને રૂ. ૩૧૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૩૮૩૩ના મથાળે અને નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૬૭૨ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨૫ અને રૂ. ૧૮૭ના મથાળે ટકેલા હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ 30 તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ નિરસ માગ અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી જળવાઈ રહી હતી. જોકે, આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નિરસ માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં નિરસ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી તેના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો અને રૂ. ૩૭૭૨થી ૩૮૩૨ના મથાળે રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૮૨થી ૩૯૭૨ના મથાળે ટકેલા રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૭૬૦માં અને રૂ. ૩૭૯૦થી ૩૮૨૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૧૦નો સુધારો, અન્ય દેશી તેલમાં નરમાઈ



મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૦ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હોવાથી ખાસ કરીને આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે આજે દેશી તેલમાં મથકો પાછળ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. આ સિવાય સરસવ અને કપાસિયા રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૩ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને ઈમામીના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૪૦ અને રૂ. ૧૨૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૦,૦૦૦ ગૂણીની આવક ઉપરાંત ગઈકાલની શેષ ૨૫,૦૦૦ ગૂણી મળી કુલ ૪૫,૦૦૦ ગૂણીના અને રાજકોટ મથકે ગઈકાલની શેષ ૬૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશના મથકો પર ૧.૧૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૭૦૦થી ૫૦૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૯૦૦થી ૫૦૦૦માં થયા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૪૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૫૨૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૫૮૦માં થયાના અહેવાલ હતા.

# બગદાણામાં યુવાન પરના હુમલા પ્રકરણના આરોપીઓનું ક્રાઈમ રિ-કન્સ્ટ્રક્શન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવા તાલુકાના બગદાણા ગામના યુવક પર મોણપર ગામ નજીક આઠ શખ્સો દ્વારા ધોકા પાઈપ વડે હુમલો કર્યાંના બનાવમાં રાજકારણ ગરમાયું છે. બીજી તરફ આ મામલાની તપાસ મહુવા ટાઉન પીઆઈ પટેલને સોંપવામાં આવી છે. તેમ જ આ સમગ્ર બનાવ માં સંડોવાયેલા આઠેય ઈસમોને પોલીસે ઝડપી લઈ ક્રાઈમ રિ-કન્સ્ટ્રક્શ કરવામાં આવ્યું હતું. પોલીસે આરોપીના બે દિવસના રિમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, મહુવા તાલુકાના બગદાણા ગામે રહેતા નવનીતભાઈ ડાહ્યાભાઈ બાલધિયા પર ગત તા.૨૯-૧૨ની મોડી રાત્રિના મહુવાના મોણપર ગામ નજીક આઠ શખ્સોએ ધોકા પાઈપ વડે હુમલો કર્યો હતો. જે બનાવ અંગે બગદાણા પોલીસ મથકમાં આઠ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. પીડિત યુવક નવનીતભાઈ એ બગદાણા પોલીસ પર પણ ગંભીર આક્ષેપો કર્યાં હતા. બીજી તરફ દારૂના અને માટીના ધંધાની બાતમી આપ્યાની શંકાએ આઠ શખ્સોએ નવનીતભાઈ પર હુમલો કર્યો હોવાનું મહુવા ઈન્ચાર્જ ડીવાયએસપીએ જણાવ્યું હતું. જે બાદ પોલીસ દ્વારા આ હુમલામાં સંડોવાયેલા આઠેય આરોપીઓને ઝડપી લઈ ક્રાઈમ રિ-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. તેમજ આરોપીઓના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવા પોલીસ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી રહી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ઉપરાંત આ મામલે રાજકારણ ગરમાતા જિલ્લા પોલીસવડાએ ખાતાકીય કારણ ધરીને તાત્કાલિક અસરથી બગદાણા પીઆઈ ડી.વી.ડાંગરની બદલી કરીને લીવ રિઝર્વમાં મૂકી દેવામાં આવ્યા છે. જ્યારે આ કેસની તપાસ મહુવા ટાઉન પીઆઈ પટેલને સોંપવામાં આવી છે.

ભાવનગર જિલ્લા પોલીસવડા નિતેષ પાંડેયે જણાવ્યું હતું કે, હાલ પ્રાથમિક તબક્કે ફરિયાદ નોંધી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. કેસ ડાયવર્ટ કરવામાં આવી રહ્યો હોય તેવી કોઈ વાત જ નથી. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ, સીડીઆર એનાલિસિસ અને સીસીટીવી કેમેરાના આધારે પોલીસ તપાસ ચાલી રહી છે. આ મામલે કોઈને પણ છોડવામાં નહી આવે. બગદાણા ના બનાવને ભાવનગર જિલ્લા કોળી સમાજ દ્વારા વખોડી કાઢવામાં આવ્યો છે.



રાજકોટના સરદાર ગામે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા તોડી પડાતા તંગદિલી સર્જાઈ હતી, મોટી સંખ્યામાં લોકોએ ધરણા કરી વિરોધ વ્યક્ત કર્યો હતો... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# માયાભાઈના પુત્રનો આરોપીઓ સાથેનો વીડિયો વાઈરલ થતા વિવાદ વકર્યો, કોળી સમાજ આકરા પાણીએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાસ્ય કલાકાર માયાભાઈ આહિરે બગદાણાના ગુરુ આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટીને લઈ કરેલી ટિપ્પણી કરી હતી, જે બાદ માફી પણ માગી લેવામાં આવી હતી. આ મામલે માયાભાઈ આહિર અને તેમના પુત્ર જયદેવ આહિર સાથે ફોન પર વાતચીત કરનાર નવનીત બાલધિયા નામના યુવક પર આઠ શખસ દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધિયાએ હુમલા પાછળ માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહિરનો હાથ હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે. આ મુદ્દે હવે કોળી સમાજ પણ લડી લેવાના મૂડમાં છે. કોળી સમાજના યુવક પર જીવલેણ હુમલો કરનાર આરોપીઓનો માયાભાઈ આહિરના પુત્ર જયરાજ સાથેનો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો. આ વીડિયો માયાભાઈના ફાર્મહાઉસનો અને નવનીતભાઈને માર્યા એ પહેલાંનો વીડિયો હોવાનું લખવામાં આવ્યું હતું. આ મામલે કોળી સમાજ સાથે સાથે કોંગ્રેસ પણ મેદાનમાં ઊતરી છે. ચોટિલાના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના કોળી નેતા ઋત્વિક મકવાણાએ પણ અનેક શંકાઓ વ્યક્ત કરી હતી. આ મુદ્દે પોલીસ દ્વારા સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી કોળી સમાજ દ્વારા માગણી કરવામાં આવી હતી.

# ભુજના જાણીતા મીઠાઈ-ફરસાણના વેપારી પિતા-પુત્રને છ-છ માસની સખ્ત કેદ, એક-એક લાખનો દંડ

ભુજઃ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરીને ખાદ્ય સામગ્રીઓમાં ભેળસેળ કરવા સંબંધી સાડા બાર વર્ષ જૂના કેસમાં નામદાર અદાલતે ભુજના સંસ્કારનગર ચાર રસ્તા પાસેના ખાવડા સ્વીટ એન્ડ ફરસાણ નામની જાણીતી દુકાનના સંચાલક એવા દયારામ ખીમજી દાવડા અને તેના પુત્ર મહેશ દયારામ દાવડાને આરોપી ઠેરવીને છ-છ માસનો સખત કારાવાસ તથા એક-એક લાખનો દંડ ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપતાં, મિલાવટ કરતા મીઠાઈ-ફરસાણના ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગત ૩જી જૂન,૨૦૧૩ના રોજ ગુજરાત રાજ્ય માટે નોટિફાઈડ થયેલા ફૂડ સેફ્ટી ઓફિસરે સાક્ષીની રૂબરૂમાં ખાવડા સ્વીટ એન્ડ ફરસાણમાં ડીપફ્રીઝરમાં રાખવામાં આવેલો બે કિલો કેરીના રસનો જથ્થો પૃથક્કરણ અર્થે લીધો હતો અને નમૂનો ફૂડ એનાલિસ્ટ વડોદરાને ચકાસણી માટે મોકલતાં તે અખાદ્ય જાહેર થયો હતો. આ બાદ ફરિયાદીએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર પાસે ફરિયાદ દાખલ કરવા મંજૂરી માગી હતી અને મંજૂરી મળતાં ફરિયાદ નોંધાવાઈ હતી. આ કેસમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવા ચકાસ્યા હતા. પક્ષકારોએ રજૂઆત કરી હતી કે, આ ગુનો નાગરિકોના આરોગ્ય, સલામતી માટે નુકશાનકારક સાબિત થાય તે પ્રકારનો છે. લોકોને સ્વસ્થ અને ભેળસેળ વિનાનો ખોરાક પ્રાપ્ત થાય તે માટે અધિનિયમની જોગવાઈ કરવામાં આવી છે. આ કેસમાં આરોપી દયારામ અને મહેશને બીજા અધિક ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ જ્યોતિ વિરાટ બુદ્ધે તકસીરવાન ઠેરવીને છ માસની સખત કેદની સજા તથા પ્રત્યેકને એક-એક લાખનો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સખત કેદનો હુકમ ફરમાવ્યો છે.

# જામનગરમાં વીજચોરી પકડવા વીજ વિભાગની ૩૫ ટીમે ચેકિંગ હાથ ધર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરમાં વીજચોરી પકડવા માટે પીજીવીસીએલની ચેકિંગ સ્કવૉડ દ્વારા વહેલી સવારથી મોટાપાયે દરોડા પાડવામાં આવ્યા હતા. શહેરના સંખ્યાબંધ વિસ્તારોને નિશાન બનાવીને આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરોડામાં પીજીવીસીએલ વીજ વિભાગની કુલ ૩૫ ટીમ જોડાઈ હતી. બેડી, બેડેશ્વર, પંચવટી, સતવારા વાડ, દરબારગઢ, લીમડા લેન, ગાંધીનગર અને મોમાઈનગર સહિત શહેરના મધ્ય તેમ જ છેડાના વિસ્તારોમાં તપાસ કરવામાં આવી હતી.

પીજીવીસીએલની આ કાર્યવાહીમાં વડોદરા અને રાજકોટથી આવેલી વિજિલન્સ ટીમો પણ સ્થાનિક ટીમો સાથે જોડાઈ હતી. સુરક્ષાવ્યવસ્થા જાળવવા માટે પોલીસના જવાનોની મદદ પણ લેવામાં આવી હતી. ઘણા સમય બાદ શહેરમાં આટલા મોટાપાયે વીજચોરી પકડવા માટે ચેકિંગ હાથ ધરાયું છે. આ કાર્યવાહી દરમિયાન વીજચોરી કરતા જોડાણો કાપવામાં આવી શકે છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે સૌરાષ્ટ્રમાં જામનગરમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ સૌથી વધુ છે. વીજળીનો પુરવઠો વધુ હોય છે, પરંતુ તેની સામે બિલિંગ ઓછું થાય છે, જે વીજચોરીની આશંકાઓ સેવાઈ રહી હતી. આ દરોડાને કારણે વીજચોરોમાં

# ભાવનગર શહેરને ૧૦૦ ઈ-બસ ફાળવવામાં આવી, ૧૭ રૂટ પર ૪૦ બસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારની પીએમ-ઇ-બસ સેવા યોજના અંતર્ગત ભાવનગર શહેરને ૧૦૦ ઇ-બસ ફાળવવામાં આવી હતી. આ પૈકી ૪૦ બસો ભાવનગર પહોંચી ગઈ છે. જામનગર મનપા દ્વારા શહેરમાં આ ઇ-બસ સેવા શરૂ કરવામાં આવશે. અત્યારે તમામ ઇ-બસોની પાર્સિંગ કરવાની કામગીરી ચાલી રહી છે. પાર્સિંગની કામગીરી પૂર્ણ કર્યા બાદ ત્વરિત રૂટ શરૂ કરવા કવાયત ચાલી રહી છે. મનપાના મેયર દ્વારા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને આ સિટીબસ સેવાના લોકાર્પણ કાર્યક્રમ અંગે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ભાવનગર શહેરમાં બે વર્ષ પહેલા સિટી બસોની સેવા બંધ કરી દેવામાં આવી હતી. આ સેવા ફરી શરૂ કરવાનો વિચાર કરવામાં આવ્યો અને કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ ઈ-બસો ફાળવવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું કે, આગામી સમયમાં મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી હોવાના કારણે આ સિટી બસો શરૂ કરવાની મથામણો શરૂ કરવામાં આવી રહી છે.

ભાવનગર શહેરના અધેવાડા નજીક આવેલ ડી-માર્ટની સામે અંદાજિત ૨૪ કરોડના ખર્ચે ૧૦૦ બસ માટે પાર્કિંગ, વર્કશોપ બિલ્ડીંગ, એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ અને ચાર્જિંગ એચટી/એલટી પેનલ રૂમ સાથેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે. કમૂરતા પૂર્ણ થતાં ઇ-બસ સેવા શરૂ કરવા તમામ પ્રકારની તૈયારીઓને આખરી ઓપ આપ્યો છે. આ સિટીબસ સેવા માટે શહેરમાં કુલ ૧૭ રૂટ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં નવ અર્બન/શહેરી અને આઠ સબ-અર્બન/શહેર બહારના રૂટો નક્કી કરવામાં આવ્યા છે. આ સાથે શહેરમાં ૧૫૫ સ્ટોપ પોઇન્ટ આઇડેન્ટિફાય કરવામાં આવ્યા છે તેવું સૂત્રોએ જણાવ્યું છે.

# નલિયામાં ઠંડીનો પડાવઃ ૧૦ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું, ભુજમાં ૧૩ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કમોસમી માવઠાની વકી વચ્ચે સરહદી જિલ્લા કચ્છમાં ગાયબ થઇ ગયેલો શિયાળો આખરે ધાક જમાવી રહ્યો છે. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાએ આજે ૧૦ ડિગ્રી સે. ન્યૂનતમ તાપમાન સાથે રાજ્યના ઠંડા મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું. નલિયા ખાતે મહત્તમ તાપમાન પણ ૨૭ ડિગ્રી રહેવા પામ્યું હતું જેને કારણે લોકોને દિવસે પણ ઠંડીનો અનુભવ કરવો પડી રહ્યો છે.

બીજી તરફ, જિલ્લા મથક ભુજમાં ન્યૂનતમ તાપમાન ૧૩ ડિગ્રી સે.જયારે મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાતા લોકોને વાયબ્રન્ટ શિયાળાની અનુભૂતિ થઇ રહી છે. ભુજ ઉપરાંત રાપર, આદિપુર, અંજાર તેમજ બંદરીય શહેરો કંડલા, માંડવી અને મુંદરામાં પણ ટાઢોળાએ પોતાની હાજરી પૂરાવતાં લોકો ઠંડીની ઝપટમાં આવી ગયા છે. સામાન્ય રીતે કચ્છમાં નવેમ્બર મહિનાના બીજા સપ્તાહથી શિયાળો બેસી જાય છે પરંતુ આ વર્ષે ખરેખરો શિયાળો શરૂ થવાનો સમય તાજેતરમાં થયેલા વોલ્કેનિક ઈરપશન તેમજ અરબી સમુદ્રમાં વારંવાર સર્જાઈ રહેલાં હવાના દબાણને કારણે થોડો મોડો શરૂ થયો છે. જમ્મુ-કાશ્મીર સહિત દેશના પહાડી રાજ્યોમાં તાજેતરમાં શરૂ થયેલી બરફવર્ષાને લીધે આ મારકણી ઠંડીનું મોજું આગામી દિવસોમાં વધુ તીવ્ર બનશે તેમ મોસમ વિભાગ પાસેથી જાણવા મળી રહ્યું છે.

# રાજકોટમાં પીએમ મોદીના સ્વાગતની તૈયારી શરૂ મનપાનાં ૨૦૦ અધિકારીને જવાબદારી સોંપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં આગામી તારીખ ૧૧ અને ૧૨ જાન્યુઆરીના યોજાનાર વાઇબ્રન્ટ સમિટને લઈને દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ આવી રહ્યાં છે. પીએમ મોદીના ભવ્ય સ્વાગત માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજકોટમાં હૉસ્પિટલ ચોક બ્રિજ, રેસકોર્સ, માધાપર ચોકડી તેમ જ ૧૫૦ ફૂટ રિંગરોડ સહિતના સ્થળોએ હાલ બ્યૂટીફિકેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી માટે મનપાનાં કુલ ૨૦૦ જેટલા અધિકારીને જવાબદારી સોંપવામાં આવી શકે છે.

મારવાડી કોલેજના સંકુલમાં સંચાલકો અને વિદ્યાર્થીઓ દ્વારા વિશાળ ડોમ ઊભા કરવા સહિત વિવિધ તૈયારીઓ કરવામાં આવી છે. મહેમાનો સૌરાષ્ટ્રનાં અલગ અલગ ફરવાલાયક સ્થળોની મુલાકાત લઈ શકે તે માટે ખાસ સ્કેન કરી શકાય તેવી બુકલેટ પણ તૈયાર કરવામાં આવી છે.

જેથી અન્ય દેશો કે રાજ્યોમાંથી રાજકોટ આવતા લોકો સોમનાથ, દ્વારકા સહિતનાં પ્રવાસન સ્થળોની માહિતી સરળતાથી મેળવી શકશે. આ સાથે અટલ સરોવર ખાતે એક દિવસના ભોજનનું પણ આયોજન હોવાથી તેની તૈયારી થઈ રહી છે.

ગુજરાત વાઇબ્રન્ટ સમિટને લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમજ દેશ-વિદેશના ઉદ્યોગકારો રાજકોટ આવી રહ્યાં છે. જેથી રાજકોટ નવા રંગરૂપ સાથે તેમનું સ્વાગત કરી શકે તે માટે હાલ રોડ-રસ્તાઓ અને બ્રિજો સહિતના સ્થળે બ્યુટીફિકેશનની કામગીરી ચાલી રહી છે.

આગામી સમયમાં શહેરમાં ખાસ રંગબેરંગી રોશની પણ કરવામાં આવે તેવી શક્યતા છે. આ માટે તંત્ર દ્વારા તમામ કામ પડતાં

મૂકીને સ્વાગતની તૈયારી કરવામાં આવી રહી છે.

# ગિરનાર પર્વતના પગથિયેથી લપસી પડતાં ૪૫ વર્ષીય યાત્રિકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવા વર્ષની ઉજવણી અને ગિરનારના દર્શન માટે વર્ષ દરમિયાન હજારો લોકો ગિરનાર પર્વત પર આવે છે. આ કુદરતી સૌંદર્ય અને શ્રદ્ધા સાથે લોકો અહીં પોતાના પરિવાર મિત્રો અને સ્નેહીજનો સાથે આવતા હોય છે. ત્યારે ભાવનગરના એક યાત્રિકનું ગિરનારના ૨૫૦૦ પગથિયેથી પડી જતા મોત નીપજતાં ચકચાર મચી હતી. જૂનાગઢના ગિરનાર પર્વત પર ઉતરતી વખતે પગ લપસી જતાં આધેડનું ખીણમાં ખાબકતા મોત નિપજ્યું હતું. ૩૧ ડિસેમ્બરની સવારે બનેલી આ ઘટનામાં ડોલીવાળાઓએ ભારે જહેમત બાદ આધેડને ખીણમાંથી બહાર કાઢી હૉસ્પિટલ પહોંચાડ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતાં

મૂળ ભાવનગરના જેસરના અને હાલ અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય આશિષભાઈ અમૂલભાઈ દોશી ગત ૩૧ ડિસેમ્બરના રોજ ગિરનાર પર્વતની યાત્રાએ આવ્યા હતા. સવારે આશરે ૧૦ વાગ્યાની આસપાસ તેઓ પર્વતના ૨૫૦૦ પગથિયાં પાસે પહોંચ્યા હતા. ત્યારે અચાનક સંતુલન બગડતા તેઓ સીધા ઊંડી ખીણમાં ખાબકયા હતા. આ ઘટનાને પગલે આસપાસના યાત્રિકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ત્યાં હાજર ડોલીવાળાઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યાં હતા અને ખીણમાં ઉતરી આશિષભાઈને બહાર કાઢ્યા હતા.

ગંભીર રીતે ઇજાગ્રસ્ત હાલતમાં તેમને ડોલી મારફતે નીચે લાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ એમ્બ્યુલન્સ દ્વારા જૂનાગઢની સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓ વધુ હોવાથી ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત અંગે ભવનાથ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માતે મોત ઇગજ્જ ૧૯૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી દીધી હતી.

# રાપરના ફતેહગઢમાં નર્મદાની કેનાલમાં ડૂબી જતાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના રાપર તાલુકાના ફતેહગઢ ગામ પાસેની નર્મદા કેનાલમાં ડૂબી જતાં ગામના હરેશ સુરેશ રજપૂત (વેણ) (ઉં.વ.૨૦) નામના યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે ગઢશીશા ગામમાં એક વાડીની ઓરડીમાં રહેનાર ૨૮ વર્ષીય સોનલ નરેશ નાયકા નામની પરિણીતાએ અકળ કારણે ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ફતેહગઢમાં રહેનાર હરેશ રજપૂત ગત તા. ૩૦-૧૨ના રોજ ઢળતી બપોરે નર્મદા કેનાલમાંથી પાણી લેવા ઉતર્યો હતો એ વેળાએ તેનો પગ લપસતાં તે કેનાલમાં ડૂબી ગયો હતો. રેસ્ક્યૂ ટીમ દ્વારા શોધખોળ દરમ્યાન તેનો મૃતદેહ છેક હમીરપર-નાંદેલાવાંઢના પમ્પ પાસેથી મળી આવ્યો હતો.

# બિદડામાં વૃદ્ધની કરપીણ હત્યાના ચકચારી કેસમાં આરોપી મહિલાના જામીન નામંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આઠ મહિના અગાઉ કચ્છના માંડવી તાલુકાના બિદડા ગામમાં એક યુવતીને ભગાડી પ્રેમલગ્ન કરી લીધાનાં મનદુઃખમાં ત્રણ મહિલાઓએ યુવકના વૃદ્ધ પિતાને સરાજાહેર ધોકા વડે ઢોરમાર મારીને તેઓની નિર્મમ હત્યા કરી દેવાના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા આ બનાવમાં એક આરોપી મહિલાના નિયમિત જામીન નામદાર અદાલતે નામંજૂર કર્યા હતા.

આ કેસના આરોપી મહિલા રાજબાઇ વિરમ સાકરિયાએ સેશન્સ અદાલતમાં નિયમિત જામીન મેળવવા અરજી દાખલ હતી. આરોપીના સંતાન રામ જન્મથી દિવ્યાંગ અને માનસિક બીમારીથી પીડાય છે તેમજ મૂત્રેન્દ્રિયમાં કાણું હોતાં તેની સારવાર ચાલુ છે. અરજદાર જ્યુડિશિયલ કસ્ટડીમાં હોતાં તેની દેખભાળ થઇ શકતી નથી તેવી રજૂઆત કરવામાં આવી, પરંતુ સામા પક્ષે વિરોધ દર્શાવી જણાવ્યું કે, પરિવારના અન્ય સભ્યો આરોપીના પુત્રની સારી દેખભાળ રાખે છે. જામીન પર મુક્ત કરાશે તો સાહેદોને ડરાવે, ધમકાવે અને ફરિયાદ પક્ષના કેસને નુકસાન કરે તેવી શક્યતા દર્શાવી હતી. તમામ પાસા પર વિચાર કરીને આરોપી મહિલાના જામીન નામંજૂર થયા હોવાનું મૂળ ફરિયાદ પક્ષના ધારાશાસ્ત્રી

# ભાવનગરમાં ૧૦૨ શખ્સને પાસા હેઠળ જેલમાં ધકેલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી રીઢા આરોપીઓ વિરુદ્ધ કડક હાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે મામલે ગત ૨૦૨૫ના વર્ષમાં શરીર સંબંધી, મિલ્કત સંબંધી, ઇંગ્લીશ દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા રીઢા ગુનેગારોને પાસા હેઠળ ધકેલવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ દરખાસ્તો મોકલવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જે મામલે ભાવનગર પોલીસે જુદા જુદા ગુનાઓમાં સંડોવાયેલા ૧૦૨ જેટલા આરોપીઓ વિરુદ્ધ પાસાની દરખાસ્ત મોકલતા જે મંજૂર થયેલ હતી. જેમાં ૮૩ આરોપીઓ પ્રોહિબીશનના ગુનામાં તેમજ ૧૮ જેટલા આરોપીઓને શરીર સંબંધી ગુનાઓમાં જુદી જુદી જેલમાં પાસા હેઠળ ધકેલી દેવામાં આવ્યા છે.

# કચ્છમાં થર્ટી ફર્સ્ટની પાર્ટી કરતા ૧૨૦ જેટલા શરાબીઓ ઝડપાયા

ભુજઃ થર્ટી ફર્સ્ટ તથા ઈશુના નવાં અંગ્રેજી વર્ષની ઉજવણી અનુસંધાને પૂર્વ, પશ્ચિમ કચ્છમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કચ્છ પોલીસે ખાસ ડ્રાઈવ હાથ ધરી હતી અને શરાબનું સેવન કરનારાઓને ઝડપી પાડીને કાયદાનો પાઠ ભણાવવામાં આવ્યો હતો. પૂર્વ અને પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા મુખ્ય શહેરોના આવવા અને જવાના માર્ગો ઉપર બેરિકેડ ગોઠવી, બ્રેથ એનાલાઈઝર મશીન દ્વારા વાહનચાલકોની તપાસ કરવામાં આવી હતી તેમજ શક પડતાં વાહનોની તલાશી લેવામાં આવી હતી. સાથોસાથ જે હોટેલો, પાર્ટી પ્લોટ વગેરે જગ્યાએ નવાં વર્ષની ઉજવણીની પાર્ટીનું આયોજન કરાયું હોય તેવી જગ્યાઓ તથા અવાવરુ, નિર્જન જગ્યાઓ ઉપર પણ પોલીસે ચાંપતી નજર રાખી હતી તેમજ મુખ્ય માર્ગો ઉપર ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા જિલ્લા, સિટી ટ્રાફિક સાથે સ્થાનિક પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પશ્ચિમ કચ્છ પોલીસ દ્વાર ગત ૩૧મી ડિસેમ્બરની રાત્રી દરમ્યાન એમ.વી. એક્ટ ૧૮૫ના ૧૯, જી.પી. એક્ટ ૧૩૫ના બે તથા શરાબનું સેવન અને કબજાના ૫૦ જેટલા કેસ કરવામાં આવ્યા હતા તેમજ ૧૦૦૦ ઉપરાંતનાં વાહનોની ગહન તપાસ કરવામાં આવી હતી, બીજી તરફ પૂર્વ કચ્છમાં ૭૦ જેટલા દારૂ પીધેલાના, કબજાના તથા એમ.વી. એક્ટના ગુના દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં સામખિયાળીમાં ૧૧, રાપરમાં ૩, લાકડિયામાં ૬, ખડીરમાં ૧, બંદરીય કંડલા ખાતે ૨, ગાંધીધામ બી-ડિવિઝન-૧, એ-ડિવિઝન-૮, ગાગોદર-૯, દુધઈ-બે, આડેસર-૬, ભચાઉ-૬, બાલાસર-૪, અંજાર-૮ તથા આદિપુરમાં બે ગુના નોંધાયા હતા.

# ભુજ તાલુકા વિકાસ અધિકારી સામે 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'ની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ થોડા સમય અગાઉ ભુજ તાલુકાના કુકમા ગામમાં સ્થાનિક તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ કામગીરી દરમ્યાન, એક દુકાનદારે હાઇ કોર્ટમાંથી મનાઇ હુકમ મેળવ્યો હોવા છતાં તેની દુકાનનો આગળનો ભાગ તોડી પાડવામાં આવતાં ભુજ તાલુકા વિકાસ અધિકારી સામે 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'ની કાર્યવાહી શરૂ થતાં ચકચાર પ્રસરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, તાલુકાના કુકમા ગામના સુલેમાન જુસબ કકલને બસ સ્ટેશનની સામે વ્યવસાય શરૂ કરવા માટે ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલી જમીન ઉપર તેણે ટાયર- ટ્યુબ રિપેર કરવાની એક દુકાન બનાવી હતી. આ સંદર્ભે પંચાયતે નોટિસ કાઢી હતી જેને સુલેમાને હાઇ કોર્ટમાં પડકારતાં કોર્ટે વચગાળાનો મનાઇ હુકમ આપ્યો અને આ સંદર્ભે ભુજ તાલુકા વિકાસ અધિકારી તથા કુકમાના તલાટીને નોટિસની બજવણી થઇ છતાં વિવાદીની દુકાનના આગળનો કેટલોક ભાગ તોડી પાડીને આર્થિક નુકસાન કરતાં આ સંદર્ભે ગુજરાત હાઇ કોર્ટમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી શરૂ કરી અને ભુજ તાલુકા વિકાસ અધિકારી વિરુદ્ધ ૨૫૦૦૦ના નોનબેલેબલ વોરંટ ઇસ્યૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.